સતત, સમય અને સત્યની સાથે...

કપ્તાન

તસ્વીર-ભાટ્ટી એન.

http://kaptaan.co.in http://facebook.com/kaptaannews, http://twitter.com/kaptaannews
http://telegram.com/kaptaannews, http://youtube.com/kaptaannews, 98799 30003
Page:-48+20, Prise:-Rs.40/-, Vol.:-12, Issue:-33,

25
સિલ્વર જૂબિલી વિશેષાંક

VISIT…

LANZAROTE Caliente.COM

With Best Compliments from

રજી. નં. સે/૩૮૭૪૮ તારીખ : ૩૦-૧૦-૨૦૦૯







સહયોગ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી.

૮-એ, નેશનલ હાઈવે, સહયોગ સ્કુલ બિલ્ડીંગ, વાંકાનેર-૩૬૩૬૨૧
ફોન : ૦૨૮૨૮-૨૨૩૬૩૭ મો. ૯૪૨૮૫ ૩૨૫૮૦

ખાતાનો પ્રકાર	વ્યાજ દર વાર્ષિક
સેવિંગ્ઝ બચત	૫ %
ડેઈલી બચત	૭ %
રિકરીંગ બચત (૩૬ માસ)	૧૧ %
F.D. (૬ માસ)	૭ %
F.D. (૧ વર્ષ)	૧૦ %
F.D. (૨ વર્ષ)	૧૧ %
F.D. (૭૫ માસ) ૬.૩ વર્ષ	ડબલ
પેન્શન યોજના (૩ વર્ષ)	૧૨ %



ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી.

લોન માટે મળો : જાત જામીન લોન, વ્હીકલ લોન, મોર્ગેજ લોન





MEHUL
TELECOM

આ તહેવારોની પ્યારભરી ખરીદી

સૌથી સસ્તુ • સૌથી સારી સર્વીસ • સૌથી વિશાળ રેન્જ
સૌથી સારી ઓફર • કોઈપણ મોબાઈલની ખરીદી પર શ્યોર ગીફ્ટ





*T&C APPLY

 Main Bazar & Jinpara Chowk - Wankaner.  fb.com/mehultelecom

અનુક્રમ

૦૨ પચીસ વરસના સંભારણા..... એ.એ.માથકીઆ

૦૪ સરકારની નીતિ અને ખેડૂતોની સ્થિતિ પ્રો.આઇ.કે.શમા

૦૬ સોશ્યલ મીડિયા, પાન-ફાકી-માવા જેટલું જ ગંભીર વ્યસન છે, તેના પણ વ્યસનમુક્તિ કેન્દ્રો શરૂ થયા છે. ભદ્રાયુ વછરાજાની

૦૭ યુવાવર્ગમાં વધતો જતો ક્રેઝ: ઝુમો, નાચો, ખાઓ-પીઓ, એશ કરો. ડૉ.યશવંત હીરાણી

૦૮ સોશ્યલ મીડિયા ક્રાંતિની હજુ શરૂઆત છે. રાજેશ પટેલ

૧૦ માતાના નકારાત્મક વલણ માટેનો હેત અને તેને મળતો શ્રેય... મોના જગોતુ

૧૨ સમાજને પાછું આપવાની સમૃધ્ધિ હીરલ વ્યાસ

૧૪ શરૂઆત માટે દરેક ઘડી શ્રેષ્ઠ છે. એમ.અયુબ

૧૬ જો સંઘર્ષ કીયે જાયે તો સફળતા મીલે જાય.. ભવ્ય રાવલ

૧૮ મારી યુવાની જોઇને એ ભડકે નહીં ! સંપદન જાની

૨૦ અંતનો આરંભ કે આરંભનો અંત? વીરલ વ્યાસ

૨૨ વેબ વર્સિસ ટી.વી. સમીર જગોત

૨૪ પુસ્તકથી ડીઝીટલ રૂપમાં પ્રવેશ કરતું આપણું પ્રવાસ સાહિત્ય મયુર ખાવડૂં

૨૬ ભવિષ્યની ખેતી માટે નવિ દિશા: કૃષિ ટેકનોલોજી ગની પટેલ

૩૦ સાહસ અને મહેનતનું પરિણામ... 'સ્વરાજ ડેરી' ઉસ્માનગની શેરસીયા

૨૫-ગૌરવંતા ગુજરાતી.................૩૨

(૦૧) નરેન્દ્ર મોદી.................................... ૩૩
(૦૨) એહમદ પટેલ.................................. ૩૪
(૦૩) ડૉ.એચ.એમ.ત્રિવેદી............................ ૩૫
(૦૪) ડૉ. જે.જે.રાવલ................................ ૩૫
(૦૫) સેમ પિત્રોડા.................................... ૩૬
(૦૬) અમ્રિતા પટેલ.................................. ૩૬
(૦૭) મોરારિબાપુ..................................... ૩૭
(૦૮) ઇલા ભટ્ટ.. ૩૮
(૦૯) જાદુગર કે.લાલ................................ ૩૮
(૧૦) મૃણાલિની-મલ્લિકા સારાભાઇ.................. ૩૯
(૧૧) તારક મહેતા.....................................૩૯
(૧૨) સુરેશ દલાલ.....................................૪૦
(૧૩) લોર્ડ ભીખુ પારેખ.............................. ૪૧
(૧૪) ભીખુદાન ગઢવી.................................૪૧
(૧૫) રતિલાલ ચંદરયા.................................૪૨
(૧૬) નિરંજન શાહ.................................... ૪૨
(૧૭) મનહર-પંકજ ઉધાસ.............................૪૩
(૧૮) વિપુલ અમૃતલાલ શાહ..........................૪૪
(૧૯) ઓધવજી પટેલ...................................૪૪
(૨૦) અનિલ નાયક.................................... ૪૫
(૨૧) ગૌતમ અદાણી...................................૪૫
(૨૨) કરશન પટેલ......................................૪૬
(૨૩) અઝીમ પ્રેમજી....................................૪૬
(૨૪) મુકેશ અંબાણી....................................૪૭
(૨૫) રતન નવલ ટાટા.................................૪૮

તંત્રીઃ- એ.એ.માથકિઆ, **મુદ્રક, માલિક અને પ્રકાશક :-** એ.એ.માથકિઆ
ટાઇપ સેટીંગ :- આર.એ.માથકિઆ, **ડીઝાઇન :-** એમ.સૈફ

Reg.No:-RAJKOT/353/2013-2015,RNI Reg.No:-GUJ/GUJ/24763
Page:-68,Prise:-Rs.40/-,Annual Subscription:-Rs.200/-,Vol.:-12,Issue:-33,Date:19/08/2019,Monday
કાર્યાલયઃ- દાણાપીઠ ચોક,વાંકાનેર. **રજી.ઓફીસઃ-** કે-૧૬,ગોકુલ કોમ્પ્લેક્ષ,મોચી બજાર,રાજકોટ.
સંપર્કઃ- મો.૯૮૭૯૯ ૩૦૦૦૩ email :- editorkaptaan@gmail.com
Owned,Printed,Published and Edited by:- ***Mathakia Ayub Alibhai,***
Printed At:- *Raj Grafixs,26-Vijay Plot,Rajkot.*
Published from:- *K-16, Gokul Complex, Opp.Court Compaund,Mochi Bazar,Rajkot.[Gujarat]*

પચીસ વરસનાં સંભારણા...



૧૫મી ઓગષ્ટ ૨૦૧૯ના રોજ કપ્તાન ૨૫ વર્ષ પુરા કરી છવીસમાં વર્ષમાં પ્રવેશી રહયું છે. આજે ૨૫ વર્ષ પછી કપ્તાન પોતાના પગ ઉપર મજબુત છે, લોકો સામેથી કપ્તાન સાથે જોડાઇ રહયા છે, તેનો ગર્વ છે. આજકાલ કરતા અઢી દાયકાની સફર કેમ પુરી થઇ ગઇ, કંઇ ખબર ન રહી, કહે છે ને કે સમયને જતાં કયાં વાર લાગે છે. આજે પણ ૧૫મી ઓગસ્ટ ૧૯૯૪ની સવારનું દૃશ્ય નજર સમક્ષ તરવરી રહયું છે. એ સવાર રિમઝીમ વરસાદ સાથે પડી, કપ્તાનનો પ્રથમ અંક છપાઇને સવારે આઠ વાગ્યે આવવાનો હતો. કોઇ કારણોસર પ્રથમ અંકનું પાર્સલ લગભગ અઢીથી ત્રણ કલાક મોડું પડયું. આટલા સમયમાં પાંચેક વખત પાર્સલની પુછા કરી હતી. કેમકે ખુબ ઉચાટ અને ભારે ઉત્સાહ હતો. આ અંક ચાર પાના નો ટેબલોયડ સાઇઝનો હતો, જયારે આજે ૨૫ વર્ષે 'સિલ્વર જયુબિલી'નો મલ્ટીકલર ટાઇટલ સાથે ૬૮ પાનાનું મેગેઝીન સ્વરૂપમાં આ વિશેષાંક આપની સમક્ષ મુકતા આનંદ થાય છે...પણ એવો ઉચાટ અને ઉમંગ નથી જે ૧૯૯૪ની ૧૫મી ઓગષ્ટે હતો....

આજે જે કપ્તાન પ્રિન્ટ, વેબ અને સોશ્યલ મીડીયામાં સર્વત્ર ટોપ પર રહીને વાંકાનેરમાં કપ્તાની કરી રહયું છે. પરંતુ ૨૫ વર્ષ પૂર્વે શરૂઆતના સમયમાં અમારી પાસે પેન સિવાય કોઇ સાધનો ન્હોતા અને કોઇ સવલત પણ નહી. બસ મનમાં એક નિર્ધાર હતો કે અખબાર કાઢવું છે અને ચલાવવું છે. કપ્તાનની શરૂઆત રાજકોટની મેમણ બોર્ડીંગમાંથી થઇ, મેમણ બોર્ડીંગની જુની વિંગ ના (જે હાલમાં નથી) એક રૂમમાં બધું કામ થતું હતું.અમારી પાસે પત્રકાર ક્ષેત્રના ખુબ પંકાયેલા અને અનુભવિનો સાથ એ સૌથી મોટી મુડી હતી. જેમાંથી આદરણીય વડીલ જેમણે અમને પત્રકારની દુનિયામાં પા-પા પગલી ભરતા શિખવીને આ ક્ષેત્રમાં દોડતા કર્યા, તેવા મરહુમ એમ.ફારૂક જે આજે આપણી વચ્ચે નથી, અમારી સાથે નથી તેમનું ખુબ દુઃખ છે. અમો તેમને દિલથી યાદ કરીને આ શુભ ઘડીએ તેઓને ખીરાજ-એ-અકિદત પાઠવીને આ અંક તેમને અર્પણ કરીએ છીએ. શરૂઆતના સમયમાં અમને અસ્લમભાઇ, ખાલિદખાન અને મિત્ર તારીકનો પણ એટલો જ સહકાર મળ્યો, આજે અમે જે સ્થાને છીએ તે આ વડીલો, મિત્રોના પ્રેમ, હુંફ અને માર્ગદર્શન થકી છીએ. આ ઘડીએ હરિકૃષ્ણ દલ, પ્રદીપ ટાંક,લલીત શેઠ અને ઇમરાન બાદીને પણ ન ભુલી શકાય.આ બધાની સાથો સાથ શરૂઆતના કપરા સમયમાં વાંકાનેરના સહકારી પરિવારનો પણ ખુબ સહકાર મળ્યો તેમને પણ યાદ કરીને આભાર માનીએ છીએ.

વાકાનેરમાં લઘુ અખબાર એટલે પત્રકારત્વ નહી પણ ટાઇમપાસ પત્રીકા ! જેમનો નહી કોઇ લે-આઉટ કે નહી તેમાં કોઇ પત્રકારત્વ, ટ્રેડલમાં છાપીને લોકો સમક્ષ મુકી દેવાનું. આ સમયમાં લઘુ આખબારો ઓફસેટમાં પ્રિન્ટ ન્હોતા થતાં, એ સમયે અને પરિસ્થિતીમાં કપ્તાન ચાલુ થયું. શરૂઆતથી જ કપ્તાનનો પ્રથમઅંક ઓફસેટમાં પ્રિન્ટ થયો અને એ પણ પત્રકારત્વના ધારા ધોરણ મુજબ કરન્ટ ટોપિક પર અનુભવિ પત્રકારોના આર્ટિકલ, અભ્યાસલેખ અને સપ્તાહના સમાચારો આવું કપ્તાન લોકોને પસંદ પડયું અને સ્વીકાર્યુ, સામેથી લવાજમ લઇ જવાનું કહેવાવા લાગ્યું, સાથો સાથ ટ્રેડલને બદલે ઓફસેટમાં જાહેરખબરની ડીઝાઇન સારી અને આકર્ષક બનતી હોય વિજ્ઞાપનકારો પણ કપ્તાનમાં જાહેરાત આપવા લાગ્યા. આ તમામ ઘટનાઓએ અમારો હોંસલો વધાર્યો અને અમે નાના નાના ગામડાં સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા અને તેમાં સફળ પણ થયા.

આ અઢી દાયકાની સફર અમારી શાનદાર રહી પણ સરળ તો નથી જ રહી, તેમાં પણ ઘણાં ઉતાર ચડાવ આવ્યા, વિરોધીઓએ કપ્તાનને નુકશાન કરવામાં કયારેય કચાશ નથી છોડી પણ અમે આવેલી કે નિર્માણ પામેલી દરેક પરિસ્થિતીનો મકમતા પૂર્વક સામનો કર્યો છે, જેથી જ અમે આજે અમારા સ્થાને અડગ છીએ. આ સમય દરમિયાન મોટા ભાગના આગેવાનોનો અમને સહકાર મળ્યો છે. જે માટે વાંકાનેર શહેર અને ગ્રામ્યના તમામ વાંકાનેરીઓનો પ્રણામ સહ આભાર.

આ પચીસ વર્ષના પત્રકારત્વમાં અમો હમેંશા પીડીતો,શોષિતો અને ગ્રામ્ય લોકોના સાથે રહયા છીએ. તેમને થતાં અન્યાય સામે કપ્તાને કોઇની સેહ શરમ રાખ્યા વગર પોતાની કલમ ચલાવી છે. એટલું જ નહિ પણ કપ્તાને કયારેય યલો ઝર્નાલિઝમનો આશરો નથી લિધો કે સમાજને કયારેય પરેશાન નથી કર્યો, એવું અમે છાંતી ઠોકીને કહી શકયે છીએ. કપ્તાને હમેંશા લોકોના પ્રશ્નોને જ મહત્વ આપ્યું છે. આ ઉપરાંત કપ્તાને ક્રાઇમ ન્યૂઝને કયારેય વિશેષ મહત્વ નથી આપ્યુ. સમાજમાં પોઝીટીવ વાત અને લોકહિતની વાત,

સમસ્યા અને લોકોને પડતી મુશકેલીઓ ખુબ જ છે તેમને વાચા આપીને નિંભરતંત્રના કાન આંબળવાની અમારી કોશિષ રહી છે અને રહેશે. અમારી નેમ છે કે સમાજને કંઇક સારું આપવું, આ ટેન્શનના યુગમાં નેગેટીવ મારો ચલાવીને લોકોના મગજમાં માનસિક ઉલ્કાપાત નથી ઉભી કરવી. અમારી નેમ છે સારી વાત, સાચી વાત અને કંઇક વિશેષ આપવું એ જ દિશામાં કપ્તાન પોતાની ફરજ નિભાવશે.

હવે કપ્તાનની ઉમંર યુવાનીની કહેવાય, આ ઉમંરે મંદ ગતી ન શોભે એ અમે જાણીએ છીએ. ગતી પકડવાની છે એ પણ સારી અને સુંદર તેમાં અમો કોઇ કચાસ છોડવાના નથી, જે માટે ઘણા ફેરફાર કર્યા છે. અને નવા ક્ષેત્રોની નવી દિશા પક્ડી છે. અમારાં વાંચકો સમક્ષ પ્રિન્ટ એડીસન ઉપરાંત વેબ એડીસન, સોશ્યલ મિડીયામાં ફેશબુક, ટવીટર, વોટસએપ, ટેલિગ્રામ, ઇન્સાટાગ્રામ, યુટ્યુબ અને મોબાઇલ એપ્સ આમ તમામ ક્ષેત્રમાં કપ્તાનની હાજરી છે, એટલું જ નહી પણ કપ્તાન લીડીંગ કરી રહયું છે. જેમાંય ફેશબુકમાં લાઇવ આવીને લોકોને સમાચાર અને માહીતી આપવાની મોરબી જીલ્લામાં કપ્તાને પહેલ કરી છે. જેથી જ કપ્તાનનાં લાઇવમાં પીસ્તાલીશ-પંચાસ હજાર લોકો જોડાયાનો રેકોર્ડ છે. ટુંક સમયમાંજ કપ્તાનની યુ-ટ્યુબ ચેનલ નવા રંગરૂપ સાથે વાંચકો અને દર્શકોને કંઇક વિશેષ આપવાની નેમ સાથે આવી રહી છે.

આ તમામ ક્ષેત્રમાં વાંચકોએ હમેંશા અમોને સહકાર અને પ્રેમ આપીને પ્રેરક બળ પુરુ પાડયું છે. હજુ એજ મધુર અને લાગણી સભર સહકાર ઇચ્છીએ છીએ. સાથો સાથ આ પચીસ વર્ષ દરમિયાન અમોને સહકાર આપનાર તમામ માનવંતા ગ્રાહક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ, લેખકો, શુભેચ્છકો અને અમને કોઇ પણ રીતે મદદરૂપ થનાર સર્વેનો આભાર માનીએ છીએ. જેમની સાથો સાથ આ જગતના પાલનહાર પાક પરવરદિગાર, ઇશ્વર, અલ્લાહ,ગોડ પાસે તે માટેની શકિત માંગીએ છીએ. આમીન, અસ્તુ.

-એ.એ.માથકિઆ

સરકારની નીતિ અને ખેડૂતોની સ્થિતિ

પ્રો.આઇ.કે.શમા

"શાસકોના દેખાડવાના અને ચાવવાના દાંત જુદા હોય છે. ભાષણોમાં અને કાગળ ઉપર મોટી મોટી યોજનાઓ બનાવી ખેડુતોને આંબા આંબલી દેખાડે છે. ખેડુતવર્ગ તેમાં ભોળવાઇ જાય છે. તે રાજનૈતિક ચાલ સમજી શકતા નથી."



કહેવાતો જગતનો તાત જેને સર ભગવતસિંહએ સોનાના ઝાડવા કહયા છે. એ ખેડુતોની આજની સ્થિતિ જોતા આપણને દયા ઉપજે. સ્વાભાવિક રીતે આપણને પ્રશ્ન થાય કે ખેડૂતોની આવી દયાજનક સ્થિતિ માટે જવાબદાર કોણ ?

એક તરફ કુદરત રૂઠેલી બીજી તરફ સરકાર ૧ ગામડું અને ખેતર છોડી હતાશ-નિરાશ ખેડુત ઉઘાડા પગે સેંકડો કિલોમીટરની યાત્રા કરીને પાટનગર દિલ્હી અને મુંબઇ સુધી રોષ પ્રગટ કરતો હોય તો તે પોતાની વાજબી માંગણી માટે, જે તેનો અધિકાર છે. એ કોઇ ભિખારી નથી.

ભારતના ખેડૂતોના અનેક પ્રશ્નો છે. સરકારની ખેડૂતો પ્રત્યેની નીતિ અને ખેડૂતોની સ્થિતિ દર્શાવતા બધા મુદ્દાઓની ચર્ચા અહીયા શકય નથી. ખુબ જ મહત્વના થોડાક મુદ્દાઓ અહિંયા રજુ કર્યા છે.

ખેડુતોની સ્થિતિથી કોઇ અજાણ નથી. ગોદી મીડિયા સરકારની ભકિતમાંથી ઉંચા આવતા નથી એટલે ખેડુતોની સાચી સ્થિતિ લોકો સુધી પહોંચતી નથી. આત્મહત્યા સુધી ખેડુતો જતા હોય તો તે કોઇ શોખથી તો નથી કરતા.

શાસકોના દેખાડવાના અને ચાવવાના દાંત જુદા હોય છે. ભાષણોમાં અને કાગળ ઉપર મોટી મોટી યોજનાઓ બનાવી ખેડુતોને આંબા આંબલી દેખાડે છે. ખેડુતવર્ગ તેમાં ભોળવાઇ જાય છે. તે રાજનૈતિક ચાલ સમજી શકતા નથી.

આઝાદી બાદ ખેતી અને ખેડુતો માટે સરકારોએ કંઇ નથી કર્યુ એમ તો ન કહી શકાય પરંતુ આજની ખેડુતોની દશા જોતા એટલુ જરૂર કહી શકાય કે ઘણુ બધુ નથી કર્યુ ૧ ફકત આંકડાઓની માયાજાળ પાથરીને એવું સાબીત કરવાનો પ્રયાસ થાય છે કે સરકારે ખેડૂતો માટે આટલો બધો ખર્ચ કર્યો. પ્રશ્ન એ થાય છે કે આટલા બધો ખર્ચ કરવા છતાં ખેડુતોની સ્થિતિાં સુધારો કેમ નથી દેખાતો ? તેનો અર્થ એ થયો કે નીતિમાં અથવા અમલમાં કયાક ખામી છે.

ખેતીવાડી વ્યવસાય જ એવો છે કે તે સરકારી સહાય વગર ટકી શકે નહીં. ફકત ભારતમાં જ નહીં અમેરીકા અને તેના જેવા અન્યો બધા જ વિકસીત રાષ્ટ્રો ખેડુતોને સબસીડી રૂપે મદદ કરી રહયા છે. સહાય વગર વિશ્વનો કોઇપણ ખેડુત બજારમાં ટકી શકે નહીં. એટલે વિશ્વના તમામ દેશો ખેડુતોને સબસીડી આપે છે. અમેરિકન ખેડુત તો આપણા ખેડુત કરતા ઘણો સમૃધ્ધ છે તો પણ ત્યાંની સરકાર ખેડુતોને આપણા ખેડુતો કરતા ઘણી વધુ સબસીડી ૯ઘતફ૦ માં હાલ વિકસીત અને વિકસતા રાષ્ટ્રો વચ્ચે કૃષિ સબસીડી બાબતે જબરો વિવાદ ચાલુ છે. તેની ચર્ચા ફરી કયારેક)

છેલ્લા દશ વર્ષો કરતા વધુ સમય થયો વર્તમાન સરકાર ખેડુતો માટે બે બાબતોની મોટા પાયે જાહેરાતો કરી રહી છે. એક ખેડુતોને તેમની ખેત પેદાશોમાં પડતર કરતાં દોઢા ભાવ આપવા. અને બીજુ ખેડુતોની આવક ડબલ કરવી. દોઢા ભાવ આપવાની વાતને વર્ષો થયા હજી સુધી પોષણક્ષમ ભાવ પણ નથી મળ્યા. તેનો અર્થ એ થયો કે જાહેરાત અને વાસ્તવિકતામાં જમીન આસમાનનો ફર્ક છે.

પડતર કરતાં દોઢા ભાવ આપવાનો વાતો કરીએ તો પહેલા પડતર કેટલી એ નકકી કરવું પડે. પડતરમાં ખેડૂતોના કયા કયા ખેતી ખર્ચનો સમાવેશ કરવો ? જો બધા ખર્ચને ગણવામાં ન આવે તો પડતર નીચે રહે અને તેના દોઢા ભાવ આપો તો પણ તે ભાવ પોષણક્ષમ ન હોય. સરકાર પડતર કેટલી હશે તેની ચોખવટ નથી કરતી. ખેડૂતો સાથે આ એક જાતની રમત છે.!

સરકાર લઘુતમ ટેકાના ભાવ જાહેર કરે છે.સરકારની નોડેલ એજન્સીઓ ટેકાના ભાવે ખેડૂંતો પાસેથી ખેતપેદાશ ખરીદે છે. પરંતુ હકીકત એ છે કે ખેડૂતો ટેકના ભાવ કરતા પણ નીચા ભાવે પોતાની પેદાશો વેંચી રહયા છે.. સરકાર ટેકાના ભાવે જે ખરીદી કરે છે તેનો લાભ માત્ર દસ ટેકા ખેડુતોને જ મળે છે. બાકીના નેવુ ટકા ખેડુતોને તેનો લાભ માત્ર દસ ટકા ખેડુતોને જ મળે છે. બાકીના નેવુ ટકા ખેડૂતોને તેનો કોઇ પણ લાભ મળતો નથી અને આ નેવુ ટકામાં નાના અને સીમાંત વર્ગના ખેઢતો આવે છે. જેમને સહાયની ખાસ જરૂર છે. તેમને જ આનો લાભ મળતો નથી.

બીજી તરફ ખેડુતોની આવક ડબલ કરવાની વાત સરકાર કરી રહી છે. કેવી રીતે ડબલ થશે તેનો કોઇ રોડ મેપ કે ફોમ્યુલા સરકાર જાહેર કરતી નથી. જાણે સરકાર પાસે અલાઉદ્દીનનો જાદુઇ ચિરાગ હોય તે બધુ કરશે. સરકાર ખેતી લક્ષી પોલીસીમાં કોઇ મોટા સુધાર કરતી નથી. છેલ્લા પચીસ વર્ષોમાં કોઇ આંતર માળખાકીય સુવિધા વિકસાવી નથી. સિંચાઇ માટેનું કોઇ આયોજન નથી. નવા કોઇ બંધો બધાયા નથી. ઉલટાનું સિંચાઇ માટે જે બંધો છે તેનું પાણી ખેડુતો પાસેથી છીનવીને વિવિધ શહેરોને અપાઇ રહયું છે. ખેડુતો તેની સામે કંઇ કરી શકતા નથી. ભુગર્ભ જળની સ્થિતિ અતિ ખરાબ છે. જેના સુધાર માટેનો કોઇ આયોજન સરકાર પાસે નથી. ખેતીવાડી માટે વિજજોડાણ માટેની લાખો માંગણીઓ પેન્ડીંગ છે. આઠ કલાકથી વધુ વિજળી મળતી નથી. પાક વિમામાં પણ વિમા કંપનીઓ ખેડુતો સાથે છેતરપીંડી કરી રહી છે. કરોડો રૂપિયાનું પ્રિમીયમ ઉઘરાવીને વિમો ચુકવવામાં અખાડા કરે છે. સરકાર અહીંયા આંખ આડા કાન કરે છે. ખેતીની જમીન ઉદ્યોગપતિઓને શરણે ધરવામાં આવી રહી છે. કૃષિા પેદાશોના વાજબી ભાવ મળતા નથી. દેવાના બોજા તળે ખેડૂતો આત્મહત્યા કરી રહયા છે. કુદરતી પ્રતિકુળતા સામે કોઇ રક્ષણ નથી, રખડતા પશુઓ ઉભા પાકને બગાડે છે તેને રોકવાનું કોઇ આયોજન નથી, શું આ ઉપરોક્ત બાબતો ચાલુ રાખીને સરકાર ખેડુતોને આવકો ડબલ કરવા માંગે છે. ?

સરકાર પાસે પોતાની તરફેણમાં કોઇ નીતિ કે કામ કરવાનું હોય તો લોબીંગ જોઇએ. કાંતો તમે આર્થિક રીતે પાવરફુલ હોવા જોઇએ અથવા તમારી પાસે સંગઠીત સંખ્યાબળ હોવું જોઇએ. આપણા ખેડુતો પાસે બેમાંથી એક પણ નથી. તેમની પાસે આર્થિક તાકાત કે નથી સંગઠન. સંખ્યાબળ છે પરંતુ સંગઠિત નથી. ખેડૂતો પોતાની વાજબી માંગણીઓ માટે પણ એક થઇ શકતા નથી. જો કે રાજકારણીઓ ખેડુતોમાં ભાગલા પડાવે છે. તેમને એક થવા દેતા નથી. જયાં સુધી ખેડુતો આ રાજનીતિક ચાલને સમજશે નહી ત્યાં સુધી તેમની હાલત સુધરવાની નથી. કહેવાતા ખેડૂતોના નેતાઓ જયારે રાજકીય પક્ષોથી પર રહી તટસ્થ રહે, તટસ્થ નેતાગીરી પસંદ કરે, ખોટા નેતાઓને ઉખેડીને ફેંકી દે અને પોતાની તાકાત મજબૂત બનાવે. સરકારના રહેમો કરમ પર જીવવાનું છોડી દયો તમારા સંઘબળની તાકાત બતાવો. ખેડૂતો કૃષિવિકાસ માટે જે વાજબી માંગણીઓ કરી રહયા છે એ તેમનો અધિકાર છે. એ અધિકાર એમને મળવો જોઇએ. જે ખેડુત ખેતી અને દેશના હિતમાં છે.

સરકાર લઘુતમ ટેકાના ભાવ જાહેર કરે છે.સરકારની નોડેલ એજન્સીઓ ટેકાના ભાવે ખેડૂંતો પાસેથી ખેતપેદાશ ખરીદે છે. પરંતુ હકીકત એ છે કે ખેડૂતો ટેકના ભાવ કરતા પણ નીચા ભાવે પોતાની પેદાશો વેંચી રહયા છે.. સરકાર ટેકાના ભાવે જે ખરીદી કરે છે તેનો લાભ માત્ર દસ ટેકા ખેડુતોને જ મળે છે. બાકીના નેવુ ટકા ખેડુતોને તેનો લાભ માત્ર દસ ટકા ખેડુતોને જ મળે છે. બાકીના નેવુ ટકા ખેડૂતોને તેનો કોઇ પણ લાભ મળતો નથી અને આ નેવુ ટકામાં નાના અને સીમાંત વર્ગના ખેઢતો આવે છે. જેમને સહાયની ખાસ જરૂર છે. તેમને જ આનો લાભ મળતો નથી.

બીજી તરફ ખેડુતોની આવક ડબલ કરવાની વાત સરકાર કરી રહી છે. કેવી રીતે ડબલ થશે તેનો કોઇ રોડ મેપ કે ફોમ્યુલા સરકાર જાહેર કરતી નથી. જાણે સરકાર પાસે અલાઉદ્દીનનો જાદુઇ ચિરાગ હોય તે બધુ કરશે. સરકાર ખેતી લક્ષી પોલીસીમાં કોઇ મોટા સુધાર કરતી નથી. છેલ્લા પચીસ વર્ષોમાં કોઇ આંતર માળખાકીય સુવિધા વિકસાવી નથી. સિંચાઇ માટેનું કોઇ આયોજન નથી. નવા કોઇ બંધો બધાયા નથી. ઉલટાનું સિંચાઇ માટે જે બંધો છે તેનું પાણી ખેડુતો પાસેથી છીનવીને વિવિધ શહેરોને અપાઇ રહયું છે. ખેડુતો તેની સામે કંઇ કરી શકતા નથી. ભુગર્ભ જળની સ્થિતિ અતિ ખરાબ છે. જેના સુધાર માટેનો કોઇ આયોજન સરકાર પાસે નથી. ખેતીવાડી માટે વિજજોડાણ માટેની લાખો માંગણીઓ પેન્ડીંગ છે. આઠ કલાકથી વધુ વિજળી મળતી નથી. પાક વિમામાં પણ વિમા કંપનીઓ ખેડુતો સાથે છેતરપીંડી કરી રહી છે. કરોડો રૂપિયાનું પ્રિમીયમ ઉઘરાવીને વિમો ચુકવવામાં અખાડા કરે છે. સરકાર અહીંયા આંખ આડા કાન કરે છે. ખેતીની જમીન ઉદ્યોગપતિઓને શરણે ધરવામાં આવી રહી છે. કૃષિા પેદાશોના વાજબી ભાવ મળતા નથી. દેવાના બોજા તળે ખેડૂતો આત્મહત્યા કરી રહયા છે. કુદરતી પ્રતિકુળતા સામે કોઇ રક્ષણ નથી, રખડતા પશુઓ ઉભા પાકને બગાડે છે તેને રોકવાનું કોઇ આયોજન નથી, શું આ ઉપરોક્ત બાબતો ચાલુ રાખીને સરકાર ખેડુતોને આવકો ડબલ કરવા માંગે છે. ?

સરકાર પાસે પોતાની તરફેણમાં કોઇ નીતિ કે કામ કરવાનું હોય તો લોબીંગ જોઇએ. કાંતો તમે આર્થિક રીતે પાવરફુલ હોવા જોઇએ અથવા તમારી પાસે સંગઠીત સંખ્યાબળ હોવું જોઇએ. આપણા ખેડુતો પાસે બેમાંથી એક પણ નથી. તેમની પાસે આર્થિક તાકાત કે નથી સંગઠન. સંખ્યાબળ છે પરંતુ સંગઠિત નથી. ખેડૂતો પોતાની વાજબી માંગણીઓ માટે પણ એક થઇ શકતા નથી. જો કે રાજકારણીઓ ખેડુતોમાં ભાગલા પડાવે છે. તેમને એક થવા દેતા નથી. જયાં સુધી ખેડુતો

વધુ પાના ૨૯

સોશ્યલ મીડિયા, પાન-ફાકી-માવા જેટલું જ ગંભીર વ્યસન છે, તેના પણ વ્યસનમુકિત કેન્દ્રો શરૂ થયા છે.

-ભદ્રાયુ વછરાજાની

“ બાળક સાથે જ્ઞાન ગમ્મત કે વાતવિભવ માણવાનો મા-બાપ પાસે સમય નથી. એક સંતાન કે વધુમાં વધુ બે સંતાનનું કુટુંબ છે. ઘરમાં દાદા-દાદી કે નાના-નાની નથી એટલે મોટો ટાઇમપાસ મોબાઇલ છે ટેબ છે સ્ક્રીન છે, ”



નાના હતા ત્યારે ઘરમાં જે વિચિત્ર ભેજાફરેલ હરકતો કરતા હોય તેના માટે મા-બાપ કહેતાં કે એ ગાંડો છે ગાંડો... પણ ત્યારે ગાંડપણ કે ઘેલછા શું કહેવાય તે બહુ ખબર ન હતી. (આપણેય કયાં એટલા ડાહયા હતા?) જો કે, આજકાલ જેના હાથમાં મોબાઇલ હોય તેને જોઇએ એટલે કશું કે પૂછયા -જાણ્યા વગર ઘેલછા શબ્દનો અર્થ સમજાય જાય છે. પ્રભાતને વેલકમ કરવા તમે મોર્નીગ વોકમાં નીકળો ત્યારે ય તમને સેલ્ફી લેતા ઘેલાઓ ભટકાય જાય છે. રાજકોટ ના રેસકોર્સ રીંગ રોડ પર બે બહેનો સવારના છ વાગ્યામાં ટીટમીટ થઇને. આવી જાય છે ને પોતાની વાંકીચુકી આડીઅવળી સેલ્ફીઓ લઇ રાજીના રેડ થઇ જાય છે. મને આ દ્રશ્ય રોજ જોઇને વ્યગ્રતા થતી હતી પણ મે ટાઇમ્સ ન્યુઝ નેટવર્કમાં એક લેખ વાંચ્યો. એ લેખમાં બેંગલુરૂમાં ચાર વર્ષથી ચાલતાં ઇન્ટરનેટ ડીએડીકશન સેન્ટરના એક દર્દીની વાત વાંચી મારી વ્યગ્રતા વધુ ઘેરી બની. ઇન્ટરનેટથી ફેલાતું વ્યસન ધરાવનાર એક દર્દી એક દિવસમાં પાંચસોથી વધુ સેલ્ફીઓ લે છે.!!

ડો.મનોજકુમાર શર્માએ ચાર વર્ષ પહેલા આ ઇન્ટરનેટ ડીએડીકશન સેન્ટર શરૂ કર્યુ ત્યારે અઠવાડીયે એકાદ વ્યકિત સલાહ કે સારવાર લેવા આવતી હતી, પણ હવે રોજના પાંચથી છ કેસ નોંધાય છે.! આ સેન્ટર એકવીસ દિવસનો ડીવાઇસ ટ્રીટમેન્ટ પ્રોગ્રામ ચલાવે છે કે જેને Services for Healthy Use of Technology કલીનીકમાં ડીવાઇસ એન્ડ સ્ક્રીનથી દૂર રહેવાના પ્રયોગો હાથ ધરાયછે. ડો. શર્મા રાજી નથી કે તેના પેશન્ટ વધી રહયા છે. પણ તેને સંતોષ એ વાતનો છે કે પોતાનું સાધન અને તેનો નાનો સ્ક્રીન પોતાને પજવી રહયા છે એ લોકોને સમજાવા લાગ્યું કલીનીકલ સાયકોલોજી ના ડોકટરેટ શર્માએ નોંધ્યું કે પૈસાદાર મા-બાપ કે જે પોતાના સંતાનોને સ્માર્ટફોન અને ગમે કોન્સોલ ખરીદી આપે છે તે તો બચપણથી જ સ્ક્રીન એડીકટેડ થઇ જાય છે. સોળથી વીસ વર્ષના યુવાનોને તો પાન -ફાકી-માવા કે દારૂ જેટલું ગંભીર વ્યસન ઇન્ટરનેટનું છે. નજીકના ભવિષ્યમાં ઇન્ટરનેટ-વ્યસની દર્દીઓના વ્યસનમુકિત કેન્દ્રો શરૂ કરવાની નોબત આવે તો આંચકો ન અનુભવશો.

રમતગમતનાં મેદાનો ઘટયાં છે. બાળક ઘરની બહાર શેરીમાં રમે તે ચોખલીયા મા-બાપને ગમતું નથી અને ઘરમાં એ જ બાળક સાથે જ્ઞાન ગમ્મત કે વાર્તાવૈભવ માણવાનો મા-બાપ પાસે સમય નથી. એક સંતાન કે વધુમાં વધુ બે સંતાનનું કુટુંબ છે. ઘરમાં દાદા-દાદી કે નાના-નાની નથી એટલે મોટો ટાઇમપાસ મોબાઇલ છે ટેબ છે સ્ક્રીન છે, ગમે છે, કાર્ટૂન છે અને તેનો કૃત્રિમ રાજીપો છે. આ છોકરું મોટું થાય એટલે પોતાનનું નેટ વ્યસન સંતોષવા સામાજિક પ્રસંગોથી દુર ભાગે છે, કલાસમાંથી બન્ક કરે છે. આને સાયકોલોજીની ભાષામાં કમ્પલઝીવ બિહેવિયર કહે છે. અને એને આપણી દેશી ભાષામાં વ્યસન કહેવામાં આવે છે. છેલ્લા ચાર વષોમાં હઝારેક પેશન્ટને કાઉન્સેલિંગ ટ્રીટમેન્ટ આપનાર ડો. શર્માને ભીતિ છે કે હવે તો નેટ વ્યસનીઓને ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવાનો સમય આવી જશે. પોતાના સંતાનના હાથમાં મોબાઇલ પકડાવી હાથ કરનાર પેરેન્ટસ એ યાદ રાખે કે તેઓ સંતાનને નેટબંધાણી કરી અફીણ વાટીને પાય રહયા છે.૧ બેંગલુરૂનં આ ઇન્ટરનેટ ડીએડીકશન સેન્ટર બહુ જ નજીકના ભવિષ્યમાં ફેન્ચાઇઝી આપી દેશ આખામાં ફેલાય જાય તો નવાઇ નહી.૧

નેટ બંધાણથી બચવા પંચપદ્દી આ રહી.

૧. સુવા જતા પહેલાના અર્ધો કલાક મોબાઇલ બંધ કરી દો.
૨. ફરવા જવુ, કસરત કરવી વગેરે શારીરિક પ્રવૃતિ વધારી દો.
૩. કુટુંબના સૌ ભેગા થાય ત્યારે મોબાઇલ સ્વીચ ઓફ કરી-કરાવી દો.
૪. જમતી વખતે તો મોબાઇલ બંધ જ રાખો.
૫. કુટુંબી ત્ર મિત્રો સાથે મુખોમુખ સંવાદ કરો. ફોન ટાળો.

યુવાવર્ગમાં વધતો જતો ક્રેઝઃ ઝુમો, નાચો, ખાઓ-પીઓ, એશ કરો.

ડૉ. યશવંત હીરાણી

" સંતાનોની અવળચંડાઇમાં માતા-પિતા પણ એટલા જ જવાબદાર "







ઘટમાં ઘોડા થનગને આતમ વિંઝે પાંખ,
અણદીઠી ભોમકા પર યૌવન વિંઝે પાંખ

ઉપરની પંક્તિમાં ભાવાર્થમાં કવિ યુવાનોને વણખેડાયેલા પ્રદેશ પર પોતાના અદમ્ય ઉત્સાહથી ધુમી વળવાની ભાવના વ્યકત કરે છે. અશકય છે. દુંષ્કર છે તેવા પરિબળો સામે યુવા વર્ગ ઝઝુમીને પોતાનું કાર્ય સિધ્ધ કરે ત્યારે યુવાનોની વ્યાખ્યા સાર્થક થયેલી ગણાય. પરંતુ આજના અતિ વિકસીત અને અતિ ઝડપી સમયમાં યુવાનીની વ્યાખ્યાનું અર્થઘટન થોડુંક ઉલટું થયલું જોવા મળી રહયું છે. યુવા પેઢી યુવાનીના કેફમાં ઘણું બધુ ન કરવાનું કરી બેસે છે અને પરિણામની કોઇ ગંભીરતા વગર જાણે અજાણે કુંડાળામાં પગ મુકી દે છે. જયારે આંખ ઉઘડે છેત્યારે તો ઘણું મોડું થઇ ચુકયું હોય છે. કોલેજમાં પ્રવેશની સાથે જ જીવનના તમામ તબકકાઓ અને વિશ્વની તમામ ભૌતિક ઉપલબ્ધિઓને માણી લેવાની લ્હાયમાં પોતાના સુનહરા ભવિષ્ય પર કાયમીના માટે અંધકાર

રૂપી આંચલો ઓઢાળી દેશે અને માતા પિતાએ સેવેલા સ્વપ્નોને ચકનાચુક કરીને પોતાના ઉપર કાયમી કાળીટીલી લગાડીને ગાગરમાં સાગર ભરી લેવાની લ્હાયમાં પોતાની સાથે સમગ્ર પરિવારને પણ મુશ્કેલીમાં મુકી દે છે.

સંત, સુરા, સાહસ અને ચારિત્રવાનની ભુમિ ગણાતા સૌરાષ્ટમાં છેલ્લા થોડા વર્ષોમાં આવેલા અદભુત પરિવર્તનની લહેરમાં નજર કરીએ તો એવા કેટલાય કિસ્સા આપણી સામે આવીને ઉભા રહે કે શું આવા છે. આપણા સંસ્કાર ? શું આ છે આપણી ધરોહર ? જે બાળકો યુવા વયમાં પ્રવેશની માતા-પિતા અને સમાજનું નામ રોશન કરે તેની જગ્યાએ એવા કાર્યો કરે કે સમગ્ર સમાજનું માથું શરમથી મુકી ઝુકી જાય ? આવા બનાવો જયારે જાહેર માધ્યમોમાં આવે ત્યારે જ આપણને ખ્યાલ આવે છે. પણ છાને ખુણે થતા છાનગપટિયા તો સતત ચાલતા જ રહેતા હોય છે. આપણે આપેલા સંસ્કારનું પરિણામ છે. એકાદ વખત યુવાનીના જોશમાં થયેલ ભુલ નગણ્ય ગણાય પછી ભલે તે ગમે તેવી ભયંકર હોય પણ એ ભુલોનું પુનરાવર્તન એ સમગ્ર સમાજના સંસ્કારિતાની ખામી ગણાય.

બહારગામથી અભ્યાસ અર્થે આવતા લાખો વિદ્યાર્થીઓ માટે રાજકોટ સુવર્ણ કારકિર્દી માટે આર્શિવાદરૂપ છે તો સાથે સાથે માતા-પિતાથી દુર બેરોકટોક ભર્યા હોસ્ટેલનું વાતાવરણ મોટુ ભયસ્થાન પણ છે. મોંઘાદાટ મોબાઇલ, મોંઘી બાઇક, બ્રાન્ડેડ લાઇફ સ્ટાઇલ, હિરો હિરોઇનને ટક્કર મારે તેવી જાહેર વર્તણુંક વગેરે બાબતો અત્યારની હોસ્ટેલ લાઇફમાં સામાન્ય બની ગઇ છે.

વધુ ૧૫ ઉપર...

સોશિયલ મીડિયા ક્રાંતિની હજુ શરૂઆત છે.

-રાજેશ પટેલ



SOCIAL MEDIA

વન્સ અપોન એ ટાઇમ... જયારે ફેસબુક, વોટસઅપ, ટિવટર, ઇન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબનો જન્મ હજુ થયો ન હતો. આપણી જિંદગી સ્ટેટસ અપડેટ કરવા, ટિવટ કરવા, ફોટા કે વીડિયો અપલોડ કરવા કે પછી મેસેજની આપ-લેની આસપાસ ધૂમતી ન હતી.

આજે સોશિયલ મીડિયાથી બધાં પરિચિત છે. તેની તાકાતથી ભલભલી સરકારો પણ ધ્રૂજે છે.પાટીદારો ના અનામત આંદોલન વખતે સોશિયલ મીડિયાની ખરી તાકાતનો અનુભવ ગુજરાતના લોકો અને સરકારે પણ કર્યો હતો. વોટસએપ, ફેસબુક પર વાયરલ થતાં ફોટા, મેસેજ અને વીડિયોના કારણે આંદોલન એ રીતે ભડકયું કે સરકારને સોશિયલ મીડિયા અને મોબાઇલ ઇન્ટરનેટ બંધ કરવાની એકથી વધુ વખત ફરજ પડી. આજે સોશિયલ મીડિયા એક એડિકશન એટલે કે વળગણ બન્યું છે. દુનિયાનાં કરોડો લોકો સવારે ઉઠીને મોઢું પછી ધૂએ છે, પહેલા વોટસએપ કે એફબી મોબાઇલમાં ચેક કરે છે.

એક દાયકામાં સોશિયલ મીડિયાનો વ્યાપ જે રીતે વધ્યો છે તેનાથી આ ક્ષેત્રના નિષ્ણાંતો પણ ચકિત છે. જો કે નિષ્ણાંતો એમ પણ કહે છે કે, સોશિયલ મીડિયામાં ક્રાંતિની હજુ તો શરૂઆત છે. આવનારા દિવસોમાં મીડિયાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હશે.

માર્ક ઝકરબર્ગ નામના છોકરડાએ હાર્વર્ડના એક રૂમમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૦૪ ના રોજ ફેસબુકની શરૂઆત કરી. તે વાતને ૧૧ વર્ષ થઇ ગયા. આજે ફેસબુકના એક અબજ ત્રીસ કરોડથી પણ વધુ એકિટવ યુઝર્સ છે. રસપ્રદ બાબત એ છે કે, ટેકનોજાયન્ટ ગૂગલે પણ ૨૦૦૪ માં જ સોશિયલ નેટવર્કિંગ સાઇટ ઓરકુટની શરૂઆત કરી હતી. શરૂઆતમાં ઓરકુટનો દબદબો તો. ૨૦૦૮ માં ઓરકૂટ ભારત અને બ્રાઝિલમાં સૌથી વધુ વિઝિટ થતી વેબસાઇટ હતી. ઓરકુટના કરોડો એકિંટવ યુઝર્સ હતાં, પરંતુ તે પછી ઓરકુટના વળતાં પાણી થયા અને ફેસબુકે જબરદસ્ત લોકપ્રિયતા હાંસલ કરવા માંડી. ગુગલે છેવટે હવે પોતાનો ગજ નહી વાગે તેમ સમજાઇ જતાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ ઓરકુટ પર પડદો પાડી દીધો.

“ એક દાયકામાં સોશ્યલ મીડિયાનો વ્યાપ જે રીતે વધ્યો છે. તેનાથી આ ક્ષેત્રના નિષ્ણાંતો પણ ચકિત છે. જો કે આ નિષ્ણાંતો એક પણ કહે છે કે, સોશ્યલ મીડીયામાં ક્રાંતિની હજુ તો શરૂઆત છે. વૈશ્વિક ક્ષેત્રે બદલાવમાં સોશ્યલ મીડિયાની ભૂમિકા મહત્વપૂર્ણ હશે. ”

સોશિયલ મીડિયાએ એક સામાન્ય માણસને પણ તેના વિચાર, પ્રતિભાવ દુનિયાના ખૂણેખૂણા સુધી પહોંચાડવાનું એક અસરકારક પ્લેટફોર્મ પુરૂં પાડયું છે. એકાદ દાયકામાં જ સોશિયલ મીડિયા સાથે કેટલાં બધા લોકો કનેકટ થયા છે ? ફેસબુકનાં એક અબજ ૩૫ કરોડ એક્ટિવ યુઝર્સ છે. જેમાંના ૮૨ ટકા લોકો અમેરિકા અને કેનેડા સિવાયનાં દેશોનાં છે. ટિવટર થાય છે. યુ-ટ્યુબ પર દરરોજ ચાર અબજથી વધુ વીડિયો જોવાય છે. એટલે કે પ્રતિ સેકન્ડ ૪૬ હજારથી પણ વધુ ૧ ઇન્સ્ટાગ્રામ પર રોજ છ કરોડ ઉપરાંત ફોટા અપલોડ થાય છે. આ આંકડામાં દરરોજ વધારો થતો જ રહે છે.

પાટીદારોના અનામત આંદોલન દરમિયાન સરકારે મોબાઇલ ઇન્ટરનેટ બંધ કરી દીધું ત્યારે અકળાઇ ઉઠેલા મોટા ભાગના નેટિજનોને કદાચ ખબર નહી હોય કે સોશિયલ મીડિયાની શરૂઆત ૧૯૯૭ માં થઇ હતી.



તો ઘણી ખરી વેબસાઇટના યુઝર્સની સંખ્યા હજારો કે લાખોમાં છે.દરેક વેબસાઇટની ભૂમિકા થોડી જુદી પણ પડે છે. જેમ કે ફોટા ધ્વારા સોશિયલ નેટવર્કિંગ કરવા મ)ટે ઇન્ટાગ્રામ બેસ્ટ છે તો થોડા શબ્દોમાં વિચારો વ્યકત કરવા માટે ટિવટર સૌથી લોકપ્રિય છે. આજે સોશિયલ મીડિયાનું અર્થતંત્ર પણ અબજો ડોલરનું થયું છે. સોશિયલ મીડિયાએ અર્થતંત્રને સોશિયોનોમિક્સ શબ્દની ભેટ આપી છે.

સોશિયલ નેટવર્કિંગ સાઇટસમાં ફેસબુક નંબર વન છે. મોબાઇલ એપમાં વોટસએપ તેના બધા હરીફોથી આગળ છે. વેબસાઇટમાં ટિવટર બીજા નંબરે તો લિન્કડઇન ત્રીજા નંબરે છે. સોશિયલ મીડિયાની પ્રથમ ૧૫ વેબસાઇટમાં એવાં પણ નામ છે જે ભારતમાં બહુ પ્રચલિત નથી અથવા તો અમુક નામ આખો દિવસ એફબી કે વોટસએપ પર રચ્યા પચ્યા રહેતાં યંગસ્ટર્સ પણ કદાચ સાંભળ્યાં નથી. અન્ય વેબસાઇટ છે પીનરેસ્ટ, ગુગલ પ્લસ, ટમ્બલર stumbirf, વીક (VK), ફ્લિકર (flickr), વાઇન(vine),મીટઅપ(meetup), ટ્રેગ્ડ (tragged), આસ્ક એફએમ, મીટમી, કલાસમેટ,આ ઉપરાંત ઝિંગ(xing),સ્નેપ ચેટ,મીડિયમ સિક્રેટ, માયએમએફબી જેવી સાઇટસ પણ છે. માયએમએફબી ફેસબુકના વિકલ્પે શરૂ થયેલી મુસ્લિમો માટેની વેબસાઇટ છે. દુનિયાભરના લાખો મુસ્લિમો તેના યુઝર્સ છે. મોબાઇલ એપની વાત કરીએ તો વોટસઅપ પછી વી ચેટ, હાઇક, લાઇન જેવી એપ યંગસ્ટર્સને ગમે છે.વીડિયો કોલિંગ માટે સ્કાયપ,ટેન્ગો, આઇએમઓ જેવી એપનો ઉપયોગ પણ દરરોજ કરોડો લોકો કરે છે.

નિષ્ણાંતોના મતે સિક્સ ડિગ્રીસ સોશિયલ મીડિયાની પ્રથમ વેબસાઇટ હતી. જેમાં યુઝર્સ પોતાનું પ્રોફાઇલ ક્રિએટ કરવા ઉપરાંત ફ્રેન્ડઝ પણ બનાવી શકતા હતા. ઇન્ટરનેટ તે પછી બ્લોગિંગ અને ઇન્ટરન્ટ મેસેજિંગ ની દુનિયામાં પ્રવેશ્યું.

૨૦૦૦ ની સાલમાં વિશ્વનાં દસ કરોડ લોકો ઇન્ટરનેટ એકસેસ કરતાં હતાં. તે પૈકીનાં થોડા ઘણા લોકો સોશિયલ ઓનલાઇન રહેતા હતા. તે પછી ચેટરૂમનો જમાનો આવ્યો. ચેટરૂમમાં મિત્રો બનાવતા હતા, ડેટિંગ પણ થતું અને વિવિધ ટોપિક પર ચર્ચાઓ પણ થતી. જો કે, હજુ સોશિયલ મીડિયાનો હનુમાન કૂદકો હજુ બાકી હતો. ૨૦૦૩ ના વર્ષમાં માય સ્પેશ વેબસાઇટ ઘણી લોકપ્રિય હતી. માય સ્પેસ પર પ્રોફાઇલ ક્રિએટ કરીને ફ્રેન્ડઝ બનાવી શકાતા હતા. ફેસબુક કે ઓરકુટના જન્મની પ્રેરણા માય સ્પેસ વેબસાઇટે જ આપી હતી.

ફેસબુક, ટિવટર કે વોટસઅપ આજે સૌથી હોટ સોશિયલ મીડિયા વેબસાઇટ કે એપ છે. ૨૦૧૦માં અનેક નવી વેબસાઇટ શરૂ થઇ તેમાં એક છે ફ્લિકર()યિણ્રૠ),ફોટા શેરિંગ માટે આજે પણ લોકપ્રિય વેબસાઇટ છે. માઇક્રો બ્લોગિંગ માટે ૨૦૦૭ માં ટમ્બલર (ત્ર?ખ્ર્ચ) નો જન્મ થયો હતો.

આજે તેની માલીકી યાહૂની છે. આજે સોશિયલ મીડિયા માટે વેબસાઇટ કે એપના સ્વરૂપે સેંકડો પ્લેટફોર્મ ઉપલબ્ધ છે. કેલીક વેબસાઇટમાં કરોડો લોકો જોડાયેલા છે.

“ સિક્સ ડિગ્રીસ સોશિયલ મીડિયાની પ્રથમ વેબસાઇટ હતી. જેમાં યુઝર્સ પોતાનું પ્રોફાઇલ ક્રિએટ કરવા ઉપરાંત ફ્રેન્ડઝ પણ બનાવી શકતા હતા. ઇન્ટરનેટ તે પછી બ્લોગિંગ અને ઇન્ટરન્ટ મેસેજિંગ ની દુનિયામાં પ્રવેશ્યું. ”

ટેકનો જાયન્ટ ગૂગલે પણ ૨૦૦૪માં જ સોશ્યલ નેટવર્કિંગ સાઇટ ઓરકુટની શરૂઆત કરી હતી. ૨૦૦૮માં ઓરકુટે ભારત અને બ્રાઝીલમાં સૌથી વધુ વિઝીટ થતી વેબસાઇટ હતી. “

માતાના નકારાત્મક વલણ માટેનો હેતુ અને તેને મળતો શ્રેય...

-મોના જગોત



ગર્ભમાં રહેલા બાળકના ધબકારા પિતા નથી અનુભવી શકતો,કે નથી તેના અંગોને મહેસુસ કરી શકતો. એ તો માત્ર માતાનો અધિકાર કહો કે તેનું સદભાગ્ય કે એક જીવની અંદર બીજા જીવને ઉછેરી અને તેને જન્મ આપે છે.





હેત: મમ્મી, હું બહાર રમવા જાઉ છું.

મમ્મી : ઉભો રહે હજુ તારે હોમવર્ક પણ બાકી છે, પહેલા એ પુરૂ કર પછી રમવા જજે.

હેત:ના મમ્મી પહેલા હું રમીશ પછી જ હોમવર્ક કરીશ...

મમ્મી: પછી કયારે કરીશ ? તું રમીને આવીશ એટલે જમવાનો સમય થશે અને ત્યાર પછી લખવા બેસીસ એટલે રાત્રે સુવામાં પણ મોડું થશે એટલે પહેલા હોમવર્ક પુરૂ કરી લે પછી રમવા જજે.

હેત : ઠીક છે કરૂ છું હોમવર્ક બસ...

(ગુસ્સામાં રૂમ તરફ જતો રહયો.)

આ ઘટના બાજુમાં સોફા પર બેઠેલા દાદીમાં જોઇ રહયા હતા અને હેતના ગયા પછી તરત જ બોલ્યા કે કેમ એને રમવા ના જવા દીધો એને કહયું તો હતું કે તે પછી હોમવર્ક પુરૂ કરી લેશે આમ આખો દિવસ એ ભણવામાં જ રહેશે તો રમશે કયારે ? ત્યારે હેતની મમ્મી એ પણ ખુબ સરળતાથી સમજાવ્યુ કે જો એ તેનું કામ સમયસર પુરૂ કરી લેશે તો તેને રમવા માટેનો પણ પૂરતો સમય મળી રહેશે. પણ જો તે રમતમાં જ ધ્યાન આપશે તો તેનું હોમવર્ક કદાચ સમયસર પુરૂ નહી કરી શકે અને રાત ઉજાગરા કરી હોમવર્ક પુરૂ કરવું પડશે. અનેતેની અસર સવારે વહેલા ઉઠવા પાર પણ પાસે અને સ્કુલ પણ થાકને કારણે ભણવામાં સરખું ધ્યાન અહીં આપી શકે. આ વાત સાંભળવા જ સાસુમા વહુ કઇ બોલ્યા નહિ અને ટીવી જોવા લાગ્યા.

બીજા દિવસે હેતને અચાનક જ યાદ આવ્યુ કે તેનો ફ્રેન્ડ જીલ ગઇ કાલે રમતા રમતા પડી ગયો હતો અને તેને હાથમાં લાગ્યું હતું, અને તે કઇ લખી શકે તેવી પરિસ્થિતિમાં નહોતો. એક મિત્ર તરીકે હેતને જીલની મદદ કરવાનો વિચાર આવ્યો એટલે તેને મમ્મીને કહયું કે તેને જીલના ઘરે જવું છે અને તેનું હોમવર્ક કરવામાં મદદ કરવી છે. કારણ કે તેના હાથમાં લાગ્યું છે. મમ્મી એ પણ હેતની મદદ કરવાની ઇચ્છાને વધાવી અને જીલના ઘરે જવાની હા પાડી.

આ દ્રશ્ય પણ સાસુમા કાલની જેમજ જોતા હતા, જેવો હેત બહાર ગયો કે તરત જ બોલ્યા કાલે એનું હોમવર્ક બાકી હતું તો રમવા જવાની ના પાડી પહેલા હોમવર્ક કરવા બેસાડયો અને આજે પણ તેનું હોમવર્ક તો બાકી જ છે છતાં તે એને બહાર જવાની હા પાડી. પછી એનું કામ બાકી રહેશે તો તેને જ પ્રોબ્લેમ થાશે અવું તે જ કાલે મને સમજાવ્યું હતું ને...! અહીં પણ મમ્મીએ ખુબ જ શાંતીથી સાસુમાને સમજાવ્યું કે કાલે હેતને ખાલી રમવા જ જવું હતું પરંતુ આજે તે તેના ફ્રેન્ડની મદદ કરવા માટે ગયો છે જો તેને હું ના કહું તો તે કદાચ બીજીવાર કોઇની મદદ કરવાની ઇચ્છા મારી પાસે ના મુકી શકે. કારણ કે તેને એમજ સમજાય કે મમ્મી તો બધી વાતમાં ના જ કહે છે. કોઇની મદદ કરવાનું કહું તો પણ ના જ કહે છે. એટલે મે તેને હા કહી અને જીલના ઘરે જવા દીધો. આટલું કહી મમ્મી પોતાના કામમાં પાછી વ્યસ્ત થઇ ગઇ.

આ વિષાય પર કદાચ દરેક મમ્મી એ આ પ્રકારે ખુલાસા કરવાનો વારો આવતો જ હોય છે. પરંતુ એક માતાના જીવનમાં બાળક દુનિયામાં આવે તે પહેલા જ આવી ગયું હોય છે. ગર્ભમાં રહેલુ બાળક તેના ધબકારાથી મંદીને તેના ફરકવા સુધી અને અંતે આ દુનિયામાં જન્મ લેવા સુધીની ઘટનાને કદાચ માં એકલી જ અનુભવી શકિત હશે અને વર્ણવી શકિત હશે. હા, પિતા પણ

એટલો જ ઉત્સાહી હોય છે.તેને આવનારા બાળક માટે કારણ આ તેનું પણ એક અદભુત ક્રિએશન જ છે. તેની પણ કેટલીક આશાઓ આવનાર બાળક સાથે સંકળાયેલી હોય છે.તેની ખુશીને પણ શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. પરંતુ ગર્ભમાં રહેલા બાળકના ધબકારા પિતા નથી અનુભવી શકતો,કે નથી તેના અંગોને મહેસુસ કરી શકતો. એ તો માત્ર માતાનો અધિકાર કહો કે તેનું સદભાગ્ય કે એક જીવની અંદર બીજા જીવને ઉછેરી અને તેને જન્મ આપે છે. આ તો મમ્મીની બાળક સાથેની બાળકના જન્મ પહેલાની લાગણીઓની વાત થઇ પરંતુ અહી મારે વાત કરવી છે બાળકના ઉછેર માટે મમ્મીઓને જે શ્રેય આપવામાં આવે છે તેના વિશે.બાળક જયારે નાનુ હોય અને તેની કાલીઘેલી વાતો અને મસ્તીમાં બધાના મન મોહી લઇએ. છે ત્યારે બાળક જેવું નાદાન અને નિખાલસ કોઇ નથી દેખાતું હોતું. પરંતુ જેમ જેમ બાળક મોટું થાય છે અને મિત્રો બનાવે છે, ઘરની બહારની નવી નવી વ્યકિતઓને મળે છે ત્યારે તેને એવાતની જાણ હોતી નથી કે તેને એ વ્યકિતઓને જોઇને શું શીખવું જોઇએ અને શું ન શીખવું જોઇએ. તેને માટે તો તે બધી વાત એક નવો જ અનુભવ હોય છે. જો તે સમયે બાળકને એ દરેક વાત તેન માટે સારી જ છે એવું કહેતા આવે અને તેને અવું ના કાર એમ ના કહેવામાં આવે તો તે કદાચ કયારે પણ સારા નરસાનો ભેદ નહિ સમજી શકે અથવા તો એ ભેદ સમજવામાં તેને ખુબ વાર લાગે એવું પણ પણ થઇ શકે છે. તે સમયે બાળકની ઇચ્છા અનિચ્છાએ પણ માતા જ એક એવી વ્યકિત છે જે તેને ના કહેવાનું કે તેના વર્તનને રોકવાનું કહે છે. કદાચ બાળક તે ના સમજી શકે કે જે તે કરી રહયું છે તે તેના માટે સારૂ નથી અને તેને ના કહેવામાં આવતા જ તે જીદ કરે છે અથવા તો રડવા લાગે છે.

બાળક તો તેની મસ્તી અને રમતમાં અનેક ઇચ્છાઓ મોટા પાસે વ્યકત કરતુ હોય છે, તે સમયે તેની દરેક ડિમાન્ડ પુરી કરવી સહજ વાત નથી. કયારે બાળક રડશે એવું વિચારીને વડીલો તેની તમામ જીદ પુરી કરતા હોય છે, તેવા સમયે જયારે માતા સમયે એ જ બાળક કોઇ ઇચ્છા દર્શાવે છે અને તે માત્ર પુરી કરવા ખાતરની જ ઇચ્છા હોય તો માતા બાળકને સમજાવીને તે ઇચ્છા યોગ્ય નથી તેનો અહેસાસ કરાવે છે તેવા સમયે બાળક કદાચ થોડું રોઇ લેશે તો પણ માતાને એ બાબત બાળકના ભલા માટે સ્વીકારી લે છે. કયારેક બાળકનું બધુ હોવા છતાં માત્ર પોતાના ફ્રેન્ડ પાસે રહેલા રમકડાં કે અન્ય વસ્તુ પોતાની પાસે નથી એવું કહીને એની ડિમાન્ડ કરતુ હોય છે, તે સમયે એ જીદને પોસાવી એ પણ અયોગ્ય બાબત છે. પપ્પા પાસે જો બાળક એવી વસ્તુની ડિમાન્ડ કરશે તો કદાચ ખર્ચનો વિચાર કર્યા વગર જ પપ્પા એ ડિમાન્ડ પુરી કરશે. પરંતુ મમ્મીને ખર્ચ સામે વાંધો નથી હોતો પરંતુ એ ડિમાન્ડ માત્ર તેના મિત્ર પાસે છે અને પોતાની પાસે નથી એની જ છે એટલે મમ્મી એવાત બાળકને બાળસહજ સ્વભાવ સમજી શકે એવી સરળ રીતે સમજાવવાની કૌશિષ કરે છે અને તેને એ જીદ કરતુ અટકાવે છે. ત્યારે જ બાળક તો ઠીક પરંતુ તેની સાથે રહેલી વ્યકિત પણ એવી ગાંઠ વળી લ્યે છે કે મમ્મી તો હંમેશા ના જ પાડતી હોય છે. પરંતુ જયારે બાળકની ખોટી ડિમાન્ડ કે અયોગ્ય ઇચ્છા પુરી કરવાની વાત આવે ત્યારે માતા બાળકના રડવાનો વિચાર નથી કરતી પરંતુ તેના માનસિક વલણનો વિચાર કરતી હોય છે. અને દરેક સમયે માતા તેના બાળકની જીદ પુરી કરવામાં અવરોધ નથી લાવતી એ પણ સાંજે છે કે દરેક ડિમાન્ડ ખોટી નથી અને એટલે જ કયારેય એવું પણ બનતુ હોય છે કે બાળકના માંગ્યા પહેલા જ તેની સામે તેની ઇચ્છા પુરી થઇ ગઇ હોય.

અહીં એટલું કહેવુ તો યોગ્ય છે કે જયારે સંતાન સારું વર્તન કરે ત્યારે કોને શ્રેય આપવો એ નકકી નથી હોતું પરંતુ જયારે સંતાનના વાણી-વર્તનમાં જો કોઇ કચાસ રહી જાય કે અણછાજતું વર્તન કરી બેસે તો અચુક એની મમ્મીને શ્રેય જાય છે.

બાળકની ખોટી ડિમાન્ડ પુરી કરવાની વાત આવે ત્યારે માતા બાળકના રડવાનો વિચાર નથી કરતી પરંતુ તેના માનસીક વલણનો વિચાર કરે છે. માતા બાળકની દરેક જીદ પુરી કરવામાં અવરોધ નથી બનતી, એ પણ સમજે છે કે બાળકની દરેક ડિમાન્ડ ખોટી ન હોય, જેથી જ તો કયારેક એવું પણ બને છે કે બાળકે માંગ્યા વીના તેની ઇચ્છા પુરી થઇ જાય.





સમાજને પાછું આપવાની સમૃદ્ધિ

-હીરલ વ્યાસ



દેશને જ્ઞાન સમૃદ્ધ, સંસ્કાર સમૃદ્ધ બનાવો હોય તો ચોક્કસપણે તેમાં અધ્યાત્મની એક ભૂમિકા છે. અધ્યાત્મની ભૂમિકા એ છે કે ધનની સમૃદ્ધિ આવે તે તેનો ઉપયોગ કેવી રીતે કરવો? ૧૫ વર્ષમાં આર્થિક સમૃદ્ધિ આવી અને કદાચ વધુ સમુદ્ધિ આવશે.





ધનની સમૃદ્ધિની અભિલાષા બધા લોકો કરે છે, એમાં કોઇ નવી વાત નથી. પણ જ્ઞાનની સમૃદ્ધિ અને સંસ્કારની સમૃદ્ધિની વાત બહુ ઓછી થાય છે.સમૃદ્ધિ વાસ્તવમાં ચાર બાબત પર આધાર રાખે છે, સમૃદ્ધિ માટે વ્યક્તિ, વિચાર, વ્યવહાર અને સંસ્કારનું વાજબી પ્રમાણ જરૂરી છે. સમૃધ્ધ થવા માટે વ્યક્તિ ઉપર ઓછો, વિચાર ઉપર વધારે વ્યહાર ઉપર એનાથી પણ વધારે અને સંસ્કાર પર સૌથી વધુ પ્રયત્ન થવો જોઇએ. વ્યક્તિની કે સમાજની કે પુરી માનવજાતની કોની સમૃદ્ધિની કામના કરવી ? સર્વે ભવન્તુ સુંખીન :ની આપણે વાત કરીએ છીએ તેમાં કોઇ વ્યક્તિ કે સમાજ કે કોઇ એક ધર્મના સુખની કામના નથી કરતા, માનવજાતથી પણ આગળ સૌ જીવોના સુખની કામના કરીએ છીએ.

દેશને જ્ઞાન, સમૃધ્ધ, સંસ્કાર સમૃધ્ધ બનાવવો હોય તો ચોક્કસપણે તેમાં આધ્યાત્મની એક ભૂમિકા છે. અધ્યાત્મની ભૂમિકા એછે કે ધનની સમૃદ્ધિ આવે તો તેનો ઉપયોગ કેવી રીતે કરવો ? આપણા સૌભાગ્યની વાત છે કે, છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં દેશમાં આર્થિક સમૃદ્ધિ આવી અને આગામી સમયમાં કદાચ વધુ સમૃદ્ધિ આવશે. આ સ્થિતિમાં દરેક વ્યક્તિ મૂલ્યાંકન કરે કે ધનની સમૃદ્ધિથી તેના મનની અને તેના ભાવની, સંસ્કારની સમૃદ્ધિ આવી કે નહીં તેનું મૂલ્યાંકન કરવા માગતી હોય તો પોતાની જાતને સીધો સવાલ પુછી લે કે મે મારા વ્યક્તિગત જીવન માટે કેટલા સાધનોનો કેટલો ઉપયોગ કર્યો અને જેને હું બિલકુલ નથી જાણતો, જેની સાથે મારો કોઇ તાણો-વાણો નથી, જે મારા માટે સાવ અજાણયા છે તેમના માટે સાધનોનો કેટલો ઉપયોગ કર્યો ? આના જવાબમાં, તમારા ૯૦ ટકા ધનનો ઉપયોગ તમારી વ્યક્તિગત ખુશી માટે થાય છે અને તમે દુ:ખી હો તો એ વાતની મને નવાઇ નહીં લાગે. જો ૫૦ ટકા પોતાના માટે અને ૫૦ ટકા સમાજ માટે ધનસમૃદ્ધિ વાપરવા હો અને છતાં તમે દ્રંદ્ર અને તણાવમાં રહેતા હો તો પણ તેની મારે મન કોઇ નવાઇ નથી, પણ જો તમારી ધનસમૃદ્ધિનો ૨૦-૩૦ ટકા હિસ્સો પોતાના માટે ૩૦ ટકા સમાજ માટે અને બાકીનો હિસ્સો બાકી બધા જીવો માટે, અજાણયા માટે, વિદ્યાર્થીઓ માટે, દરિદ્રો માટે વપરાતો હોય તો તમે સુખી થશો જ થશો અને જે ૯૦ ટકા બીજા માટે ખર્ચ કરે અને માજી ૧૦ ટકા પોતાનો માટે વાપરે તે પરમ સુખી છે. તેનું લોકો સન્માન કરેછે અને તે સંત ગણાય. આપણે વ્યવહારિક જીવન જીવીએ છીં એટલે આપણા દરેક માટે સંત બનવું શક્ય નથી. પણ આપણે એ દિશામાં આગળ વધવું જોઇએ.

આપણા દેશમાં કરોડપતિઓની કમી નથી, પણ જેટલા આવકનાં સાધનોનો ઉપયોગ લોકો પરોપકાર માટે વિકસીત રાષ્ટ્રોમાં કરે છે એટલો આપણા દેશમાં નથી થતો. એ વાત તો માનવી જ રહી. એક સાદો સવાલ, કોઇ કેટલાય તેજસ્વી વિદ્યાર્થીઓનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન થયું છે. કેટલા લોકોએ આ વિદ્યાર્થીઅહોને સહાય કરી? નવા કાર્યો કરતાં, સંશોધનો કરતાં વિદ્યાર્થીઓને તક ન મળતી હોયં, તેમને સહારો ન મળતો હોય તો, જો આ માર્ગે નહી તો ધન ક્યા માર્ગે વપરાય છે ? કોના માટે આપણે ધન કમાઇએ છીએ ? વાસ્તવમાં આવા વિદ્યાર્થીઓ પાછળ ધન વાપરવામાં આવે તો બદલામાં તેઓની નવી શોધો થકી આપણું જીવન વધુ સમૃધ્ધ બને, સમાજ સ્વાલલંબી બને અને આપણે દુનિયામાં આપણું સ્થાન બનાવી શકીએ.

તકનીકી સ્તરે, શિક્ષણના સ્તરે, કલાના સ્તરે જે લોકો નવા પ્રયાસો કરી રહ્યા છે. તેમને આગળ વધવામાં આટલી

જો પરિવારની રસોઈમાંથી આપણે એક રોટી અન્ય પ્રાંણી માટે કાઢતા હોઈએ તો એ સવાલ ઉઠવો જોઈએ કે આવકના ૧૦ ટકા અન્ય કામ માટે કેમ ન વાપરવા ?

મુશ્કેલી થઇ રહી છે ? એ કેવી સમૃધ્ધિ છે જે વ્યકિતનું સુખ વધારે છે, પણ જે યુવાનો સમાજની સમૃધ્ધિ માટે કામ કરી રહયા છે તેમના માટે સાધનો આપી નથી શકતી ? એ સમૃધ્ધિ તો ખોટી સમૃધ્ધિ અને એ સમૃધ્ધિમાં ગર્વ લેવા જેવું મને કંઇ દેખાતું નથી.

જો પરિવારની રસોઇમાંથી આપણે એક રોટી અન્ય પ્રાંણી માટે કાઢતા હોઇએ તો એ સવાલ ઉઠવો જોઇએ કે આવકના ૧૦ ટા અન્ય કામ માટે કેમ ન વાપરવા ? લોકો મંદિરમાં પૈસા ધરે છે, બ્રાહમણોને દાન કરે છે. શાસ્ત્રમાં બ્રાહમણનો અર્થ જ્ઞાની કર્યો છે. સમાજમાં નવા સંશોધનો કરવા ઇચ્છતા જ્ઞાનયોગીઓ નિરાશ થાય એ ડહાપણનું કામ નથી. સમય અને કાળ પ્રમાણે નિયમ બને અને બનવા જોઇએ. સંસ્કારનો એક અર્થ છે, કોઇ પણ ક્રિયા કરતી વખતે જ મનમાં પેદા થતી પ્રતિક્રિયા તે સંસ્કાર જેમ કે, તમે પૈસા કમાયા અને ખર્ચ કરતી વખતે એવો વિચાર આવે કે શું ? આ પૈસાનો આનાનથી સારો ઉપયોગ કોઇ રીતે થઇ શકે ? જો આવો વિચાર આવે. તો સમજવું કે તમારી પાસે સંસ્કારની સમૃધ્ધિ છે. આવો વિચાર ન આવે તો આપણો સમાજ સમૃધ્ધ ન કહી શકાય.

જેની પાસે જેટલું વધારે ધન તેનું સમાજને અવનવી કોશિષથી આગળ લઇ જવા મથતા યુવકો માટે સાધન ઉપલબ્ધ કરાવવાની જવાબદારી વધારે હોવી જોઇએ, કેવી રીતે હિંદુમાં પ્રકૃતિની સમૃધ્ધિ માટે ભોજનમાંથી એક રોટી કાઢવામાં આવે છે. મુસલમાનોમાં પણ આવકના ૧૦ ટકા સમાજના કલ્યાણ માટે ફાળવવાની જકાતની પ્રથા છે. દરેક ધર્મમાં આવુ પ્રાવધાન છે. તો પછી આપણે ધનના યોગ્ય ઉપયોગ વખતે એટલા અશકત કેમ થઇ જઇએ છીએ ? સુખ અને ખરી સમૃધ્ધિ કદી વહેંચ્યા વગર મળતી પણ નથી. દુનિયામાં એવો કોઇ વ્યકિત નહી હોય કે જે સુખી હોય અને વહેંચતો ન હોય.

વધુ લૂંટાવે એ વધુ સુખી હોય છે અને વહેંચવાથી કોઇ ગરીબ થઇ જાય એવું ઉદાહરણ પણ કયાંય જોવા નથી મળતું વળી, વહેંચવા અહંકાર ન આવે તે માટે આપણે ત્યાં એવી પરંપરા રહી છે કે ડાબો હાથ આપે તો જમણા હાથને જાણ થવી ન જોઇએ. આપણે આપણા દમ પર તો કશું મેળવી શકતા નથી. ઇશ્વરે આપણને તાકાત આપી. જ્ઞાન, બુધ્ધિ સંપન્ન કર્યા. તેની આપણે સમૃધ્ધિ મેળવી શકયા. આપણા વેદમંત્રોના શબ્દો છે, ઇદન નમમ એટલે કે મેં જે તમને અર્પણ કર્યુ તે મારું નહોતું, તમારું હતું અને તમને અર્પણ કર્યુ. આ માર્ગે ચાલતા લોકોને ધન્યાવાદ અને આ વિષયમાં મનોમંથન કરીને દિવાળીથી સમૃધ્ધિની એક નવી દિશા, નવી પહેલ થવી જોઇએ.

દેશમાં જયારે આપદા આવી ત્યારે આપણે સાથે મળીને તેને જીરવી છે. એક દાખલો જોઇએ તો ૧૯૬૫ ની પાકિસ્તાન સામેની લડાઇ વખતે અમેરિકાએ ભારતને મફતમાં અપાતુ અનાજ બંધ કરી દીધું હતું. દેશમાં દુકાળની સ્થિતિ હતી. દેશનું અનાજનું ઉત્પાદન માંડ ૬૬ મિલિયન ટન થયું હતું. હરિત ક્રાંતિ હજુ આવી નહોતી તે સમયે જ આ દેશની સડકો પર છેલ્લે ભુખથી લોકો મર્યા હતા. તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ રેડિયો પર દેશવાસીઓને અપીલ કરી કે સોમવારે કોઇ અનાજ નહી ખાતા આખા દેશે શાસ્ત્રીની અપીલને માથે ચડાવી લીધી. આ સમાજની સમૃધ્ધિની નિશાની છે.

આજે મધ્યમ વર્ગ સમૃધ્ધિના નવા નવા માપદંડો ઘડી રહયો છે.તેનો નિમ્ન વર્ગ ઉપર બણુ ખરાબ પ્રભાવ પડે છે અને નીચલો વર્ગ યેનકેન પ્રકારે ધન સમૃધ્ધિ મેળવવાના પ્રયત્નો કરે છે. પહેલા જે અભાવગ્રસ્ત નહોતા તેને વધુ..૨૩ ઉપર...



શરૂઆત માટે દરેક ઘડી શ્રેષ્ઠ છે.

-એમ.અયુબ

"

બાળક સાથે જ્ઞાન ગમ્મત કે વાતવિભવ માણવાનો મા-બાપ પાસે સમય નથી. એક સંતાન કે વધુમાં વધુ બે સંતાનનું કુટુંબ છે. ઘરમાં દાદા-દાદી કે નાના-નાની નથી એટલે મોટો ટાઇમપાસ મોબાઇલ છે ટેબ છે સ્ક્રીન છે,

"



નવા વર્ષમાં ઘણા લોકો નવા સંકલ્પો કરીને, નવા કામની શરૂઆત કરતા હોય છે, પણ અમારા માતે કોઇ પણ શરૂઆત માટે નવા વર્ષની કે સારા ચોઘડિયાની રાહ જોવાની જરૂર નથી. કોઇ પણ કામની શરૂઆત કે નવા સાહસની શરૂઆત માટે દરેક દિવસ, દરેક કલાક, દરેક મિનિટ કે દરેક સેકન્ડ શ્રેષ્ઠ છે. ઘણા માણસોને ફૂંકીને પીતો થઇ જાય એ રીતે તેઓ વર્તતા થઇ જાય છે. ઘણા ટેણિયાઓ પડી જાય ત્યારે મોટો ભેંકડો તાણીને બધાનું ધ્યાન પોતાના તરફ ખેંચે છે. પણ તમે ધ્યાનથી જોજો તો તમને કેટલાક એવા ટાબરિયા પણ નજરે પડશે કે જે રમતા રમતા કે ચાલતી યા દોડતી વખતે પડી જાય તો ધૂળ ખંખેરીને પોતાની મેળે ઉભા થઇને ફરી પોતાની મસ્તીમાં રમવા માંડશે. આવું જ તમે મોટા (એટલે કે ઉંમરમાં મોટા) માણસના કિસ્સાઓમાં પણ જોશો. મોટા ભાગના માણસો નિષ્ફળતાથી હતપ્રભ બની જતા હોય છે, પણ કેટલાક માણસો પછડાટ ખાધા પવછ તરત ઉભા થઇને નવી શરૂઆત કરતા હોય છે. આ લેખમાં આવી જ કેટલીક વ્યકિતઓની વાત કરવી છે.

ત્રણ દાયકા પહેલા જગતનો કોઇ ડોકટર સિયામિઝ ટિવન્સને (એટલે કે માથાથી જોડાયેલા બાળકોને) છુટા પાડવાની કલ્પના પણ કરી શકતો નહોતો, પણ અમેરિકન ડોકટર બને કોર્સને એ અશકય મનાતું ઓપરેશન શકય બનાવવાનો નિશ્ચિય કર્યો. તેમણે ૧૯૮૭ માં એકબીજા સાથે માથેથી જોડાયેલા બે બાળકીને છુટા પાડવાનું પ્રથમ ઓપરેશન ટિવન્સને ઓપરેશનની શરૂઆત થકી જગમશહૂર બનેલા બેન કાર્સનની પોતાની તબીયત લથડી ગઇ અને બહુ બધા ટેસ્ટસ પછી નિદાન થયું કે, તેમને કેન્સર છે અને તેઓ ઝાઝું ખેંચશે નહીં. ડોકટર કોર્સનની સારવાર કરનારા ડોકટર્સ પણ હેબતાઇ ગયા હતા ત્યારે ડોકટર કાર્સને કહયું, તમે ચિંતા ન કરો, હું સાજોસમો થઇને નવી શરૂઆત કરીશ. પછી તેઓ સારવાર કરતાં વધુ તો પોતાના મકકમ મનોબળ અને પોઝિટિવ થિંકિંગ થકી અણધાર્યા સમયમાં કેન્સર જેવી જીવલેણ બીમારીમાંથી બહાર આવી ગયા. અને ડોકટર તરીકે નવી શરૂઆત કરી. તેમને તબીબીક્ષેત્રે પ્રદાન માટે ડઝનબંધ પ્રતિષ્ઠિત એવોર્ડસ મળી ચુકયા છે અને તેમની આત્મકથા ધ ગિફટેડ હેન્ડસ પરથી એ જ નામની હોલીવૂડની ફિલ્મ પણ બની છે.

મહાન સંગીતકાર પાબ્લો કેસ-સનીવાત પણ જાણવા જેવી છે. પાબ્લો કેસલસની તબિયત બગડી અને ધીમે ધીમે તેમના શરીરમાં એટલી નબળાઇ આવવા માંડી કે તેઓ ઉભા પણ ન થઇ શકે. ઘણા ડોકટર્સને બતાવ્યા પછી નિદાન થયું કે, તેમને હાડકાની રેર બીમારી થઇ છે. ડોકટર્સ કહી દીધું કે હવે તમારે જીવનભર પથારીવશ જ રહેવું પડશે, આ બીમારીનો કોઇ જ ઇલાજ નથી.

પબ્લો કેસલસ ડોકટર્સની વાત સાંભળીને સ્વાભાવિક રીતે થોડા હતાશ થઇ ગયા, પણ તેમણે થોડા દિવસોમાં જ હતાશા ખંખેરીને ફરી સક્રિય થવાનો નિશ્ચિય કર્યો. બીજે દિવસે સવારે જાગીને તેમણે પત્નીને કહયું કે, મને પિયાનોવાળા રૂમ સુધી લઇ જા. તેમની પત્ની તો સ્તબ્ધ થઇ ગઇ. તેણે કહયું, ડોકટર્સ કહયું છે કે હવે તમે હલનચલન કરી શકો એ અશકય છે. તમારી મુઠીઓ વળેલી જ રહે છે. અને હાથ-પગનું હલનચલન થઇ શકતું નથી એ તમે ભૂલી ગયા ?

પણ પાબ્લોએ જીદ કરી એટલે પત્નીએ તેમને ધીમે ધીમે મહામહેનતે એક-એક ડગલું ચલાવીને પિયાનો સુધી પહોંચાડયા, પાબ્લો પિયાનોની સામે બેઠા, પત્નીએ તેમને આધાર આપ્યો. પાબ્લોએ પોતાની મુઠીઓ ખોલવાની કૌશિષ કરી. તેમની પત્નીના આશ્ચર્ય વચ્ચે પાબ્લોએ મુઠ્ઠીઓ ખોલી, એ પછી તેમણે આંગળીઓ સીધી કરી. એ દરમિયાન તેમની કરોડરજ્જુ પણ સીધી

થવા લાગી. તેમની આંગળીઓ પિયાનો પર ફરવા લાગી અને પિયાનોમાંથી સુર નિકાડયા એની જાદુઇ અસર તેમના શરીર પર થવા લાગી એ દિવસ થકી તેમના જીવનની નવી શરૂઆત થઇ અને થોડા દિવસો પછી તો તેઓ મોર્નિંગ વોક માટે ઘરની બહાર પણ જવા લાગ્યા.

વિદેશોમાં જ નહીં, આપણા દેશમાં પણ આવા અનેક કિસ્સાઓ જોવા મળી શકે. એક ફિલ્મ અભિનેતાને એક ફિલ્મના સેટ પર જ હાર્ટ એટેક આવી ગયો, જે જીવલેણ સાબીત થયો. એ અભિનેતા મોટી ઉંમરના હતા. તેમના મૃત્યુને કારણે તેમના કુટુંબની આર્થિક હાલત બહુ ખરાબ થઇ ગઇ. તેમની દિકરીએ અભિનયક્ષેત્રે કારકિર્દી બનાવવા કૌશિષ કરી, પણ એક-બે ફિલ્મ પછી ખોવાઇ ગઇ. ત્યારે અભિનેતાની વૃધ્ધ પત્નીએ સીતેર વર્ષની ઉંમરે કામ શોધવાનું શરૂ કર્યુ. બહુ સંઘર્ષ પછી તેમને એક સિરિયલમાં અભિનયની તક મળી અને તેમની કરિયર શરૂ થઇ. એ અભિનેત્રી સિરિયલ થકી ઘર-ઘરમાં જાણીતાં બની ગયેલા બા એટલે કે સુધા શિવપુરી ૧

છેલ્લે ચંડીગઢની એક યુવતીની વાત કરીએ. ચંડીગઢમાં રહેતી એ યુવતી મોહાલીમાં અભ્યાસ કરતી હતી એ વખતે ૨૦૦૯ માં સ્કૂટી પર કયાંક જઇ રહી હતી એ વખતે તેને અકસ્માત નડયો અને એ. અકસ્માતને કારણે તેણે પોતાનોએક પગ ગુમાવવો પડયો. તે યુવતીને નૃત્યનો બહુ શોખ હતો અને એક પગ ગુમાવવાને કારણે તેને ભયંકર આઘાત લાગ્યો હતો, પણ એ આઘાતમાંથી બહાર આવીને તેણે ચંડીગઢની ડાન્સ એકેડમીમાં જવાનું શરૂ કર્યુ અને થોડા મહિનાઓમાં તો તે એક પગ સાથે અદભુત ડાન્સ કરવા લાગી અને છેવટે તે ઇન્ડિયા ગોટ ટેલેન્ટ ટીવી શો સુધી પહોંચી એ યુવતી એટલે શુભારિત કોર ૧

કોઇ પણ શરૂઆત માટે કોઇ પણ સમયની જેમ કોઇ પણ સંજોગની પણ પરવા ન કરવી જોઇએ. એક અમેરિકન યુવાનને કંઇક કરી બતાવવું હતું. પણ તેની અર્થિક સ્થિતિ બહુ ખરાબ હતી. તે યુવાને માત્ર ટિકિટના પૈસા એકઠા કર્યા અને ન્યૂયોર્ક પહોંચી ગયો. ત્યાં તને કોઇ ઓળખતું નહોતું. તે યુવાને એક હોટેલ માલિક પાસે જઇને કહયું હું તમારી હોટલ માટે ગ્રાહકો લાવી આપું તો તમે મને એક મહિને તમારા કર્મચારીઓ સાથે હોટલમાં રહેવા દેશો ? હોટેલ માલિકને ભરોસો ન બેઠો કે, આ છોકરો ગ્રાહકો લાવી શકશે, પણ તે યુવાને એ કરી બતાવ્યું. તેણે કામની શરૂઆત કરી દીધી પછી પાછું વાળીને ન જોયું અને કેટલાંક વર્ષોમાં તેણે પોતાની કંપની શરૂ કરીને જગવિખ્યાત બનાવી દીધી. તે યુવાન હતો ટોમસ લિપ્ટન, જેણે લિપ્ટન ચા થકી પ્રચંડ નામના મેળવી.

ડૉ.બેન કાર્સન કેન્સર થયુ અને તેઓ સારવાર કરતાં વધુ તો પોતાના મકકમ મનોબળ અને પોઝિટિવ થિંકિંગ થકી બીમારીમાંથી બહાર આવી ગયા. અને ડોકટર તરીકે નવી શરૂઆત કરી. તેમને તબીબીક્ષેત્રે પ્રદાન માટે ડઝનબંધ પ્રતિષ્ઠિત એવોર્ડસ પણ મેળવ્યા...

પાના ૯થી આગળ...

શું પોતાના સંતાનોની આ તમામ હરકતોથી વાલીઓ કે જયારે ઘરેથી ફકત હિસાબ પ્રમાણે જ ખર્ચ મળતો હોય તો અન્ય મોજશોખ કયાંથી પુરા કરવા એ માટે પણ અનૈતિકતાનો રસતો ફંટાતો હોય ? પુરતી જવાબદારી લઇને હાથ ખંખેરી નાખેછે ત્યારે આજના યુવા વર્ગને સંસ્કારિતાનું સિંચન કોણ કરાવશે ? આછકલાઇ, તોછડાઇ અને છાશવારે મારામારી એ જ યુવા વર્ગનું જીવન ધ્યેય છે કે શું ?

પોતાના વિકૃત આનંદ માટે અન્યની મોંઘીદાટ ગાડીઓના કાચ ફોડીને પાશવી આનંદ લેતા આ વિદ્યાર્થીઓ કયા વર્ગના ગણાય ? જો કોઇ પોતાના ગૃપમાં પૈસા પાત્ર હોય તો તેના પૈસા કેમ ખંખેરવા કે અમુક કિસ્સામાં તો મિત્રનું જ અપહરરણ કરીને તેને મારી નાખવા સુધીના કિસ્સા નોંધાયેલા છે. ત્યારે આપણે આપણા સંતાનોને અભ્યાસ કરવા મોકલીએ છીએ કે અન્ય એ પ્રશ્ન પુછવાનો સમય આવી ગયો છે.

ઘણા કિસ્સામાં મા-બાપ બિચારા ખેતી, મજુરી કે વ્યવસાય કરી પોતાના વ્હાલસોયા દિકરા-દિકરીના સપના પુરા કરવા ધાર્યા કરતા વધુ છુટછાટ આપતા હોય છે કે જે અભાવ અમને નડતો તે પોતાના સંતાનોને ના નડે તો કેટલાક કિસ્સામાં માતા-પિતા દેખાદેખીમાં પોતાના સંતાનને ધાર્યા કરતા વધુ છુટો દોર આપી દેતા હોય છે.. યુવાનીનો તબકકો એવો હોય છે કે પહાડમાંથી નીકળતી અલ્લહડ નદી એમાય જો આ નદીમાં છુટ્ટાદોરનું ઘોડાપુર આવે તો એ તબાહી જ સર્જે પણ જો એ નદીના પ્રવાહને યોગ્ય જગ્યાએ વાળવામાં આવે તો સમાજ જીવનના તમામ તબકકાઓમાં સકરાત્મક વાતાવરણ ઉભુ થાય.

વાત કેવળ હોસ્ટેલમાં રહેતા યુવા વર્ગની નથી, યુવાની જયારે અવળે રસ્તે ફંટાઇને બેકાબુ બને છે ત્યારે પોતાનું તો અહિત થાય છે સાથેસાથે અન્યને પણ ભોગવવું પડે છે. બે થી ત્રણ વર્ષના નાના બાળકને બાપ કે એક કોડભરી યુવતિનો ભરથાર જયારે યુવાનીના જોશમાં પાગલ બનેલા બાઇક સવાર કે મોટરચાલકના ઓવર કોન્ફીડન્સના કારણે જીવ ગુમાવે છે ત્યારે એ નાના બાળકોની દશા શું થાય છે. એ પત્નીની વ્યથા, અનો કુટુંબીજનોની પીડા શું હોય છે તે તેમની ઘરે જઇને જુઓ અથવા તો પોતાના પરિવારમાં કોને થઇ હોય તેને જ ખ્યાલ આવે અને પોતાનાને ગુમાવવાનો રંજ શું હોય તેનો અહેસાસ થાય.

આ બધી બનતી ઘટના પાછળ આપણે ભલે કાયદો અને વ્યવસ્થાને દોષ આપતા હોય પરંતુ સૌથી પહેલો દોષ એમના માતા-પિતાનો છે કે જેમને પોતાના સંતાનોને જરૂર કરા વધારે છુટો દોર આપ્યો છે અને સમાજ વ્યવસ્થા અને પતિવ્રતાના બણગા ફુંકતી આપણી સમાજ વ્યવસ્થા ત્યારે ભાંગીને ભુકકો થતી દેખાય જયારે એક પત્ની જ પોતાના પતિને પ્રેમીના હાથે મોતને ઘાટ ઉતારી દે છે ત્યારે એક સાથે અનેક જીંદગી સામે પ્રશ્નાર્થ સર્જાય છે. આવી ઘટનાઓ કોઇ એકાએક આકાર લેતી હોતી નથી. શરૂઆતમાં થયેલા આંખ આડા કાન વિકૃતિને વહેવાનો માર્ગ મોકળો કરતી હોય છે.

જો સંઘર્ષ કીયે જાયે તો સફળતા મીલે જાય..

-ભવ્ય રાવલ

> "જીતની એક પલ માટે હજાર વખત હારવું પડે તો પણ હારતા રહેવું. ફતેહની એક ક્ષણ બધા બબૂચકોના મોઢા બંધ કરવા કાફી છે.જંગના મેદાનમાં ભાગે એ ભાયડા નથી.એ ભગૌડા છે. લડતા લડતા જે શહીદી વેઠે એ શુરવીર છે, તેમની જ ઈતિહાસ નોંધ થાય છે..."





૫ મી ઓકટોબર ૨૦૦૭ નાં રોજ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એક દિવસીય રોમાંચક ક્રિકેટ મેચ ચાલી રહી હતી. ઓસ્ટ્રેલિયાએ પોતાના પ્રથમ દાવમાં ૨૯૦ રન કર્યા હતા. ભારતીય ટીમ પોતાના લક્ષ્યાંકને પાર પાડવા ભરપૂર મથામણ કરી હતી. ભારતની જીતનો સમગ્ર આધાર જેની પર હતો એવા માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરને ૪૩ રનમાં કલીન બોલ્ડ કરીને બ્રેડ હોગે ભારત પાસે.થી જીત છીનવી લીધી.. ભારતીય ટીમ ૪૭.૪ ઓવરમાં માત્ર ૨૪૩ રન કરી ઓલ આઉટ થઇ ગઇ અને ભારત મેચ હારી ગયું.

વાત અહી ખતમ નથી થતી, પરંતુ અહીંથી શરૂ થાય છે.

બ્રેડ હોગ પોતાની આ સફળતાથી ખૂબ ખુશ હતો. જયારે મેચ પુરી થઇ ત્યારે બ્રેડ હોગ તેંડુલકર પાસે ગયો અને જે બોલથી વિકેટ લીધી હતી તે બોલ સચિનના હાથમાં આપીને બોલ પર પોતાના ઓટોગ્રાફ આપવા વિનંતી કરી. સચિને આ સમયે પોતાની મહાનતાનો પરિચય આપ્યો. બહુ પ્રેમપૂર્વક બોલ પોતાના હાથમાં લઇ સચિને બોલ પર પોતાના ઓટોગ્રાફ આપ્યા અને એક વાક્ય લખ્યું, તઝય(ઙ્ધીં ઘ્ધભ્કભ્ર ઝબ્ઉઉભ્ઘ ઝઃન્ન્થ્ઇ (હોગી, ભવિષ્યમાં હવે આવું કયારેય નહી બને.)

અને ત્યાર પછી ?

ઓસ્ટ્રેલિયન બોલર બ્રેડ હોગ ૨ માર્ચ ૨૦૦૮ ના રોજ વન-ડે અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ લીધી ત્યાં સુધીમાં ૮૭ વન-ડે અને ૩ ટેસ્ટમાં સચિન તેંડુલકર સામે તેણે બોલિંગ કરી. ક્રિકેટ ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે બ્રેડ હોગને એકપણ વખત સચિનની વિકેટ મળી નથી ૧

વ્હાલા વાંચક મિત્રો, આ કિસ્સાની વાત નિષ્ફળતામાંથી સફળતાના માર્ગ પર પ્રયાણ કરવાની છે. ચેલેન્જ આપવાની જીલવાની છે જેમાં એક પક્ષની હાર નકકી છે અને એક પક્ષની જીત નિશ્ચિત છે. પરંતુ હાર-જીતનો ડર રાખ્યા વિના કસોટીને સ્વીકારવી-પડકારવી એ સાચા ખેલાડીની ઓળખ છે. આત્મવિશ્વાસ અને ધૈર્ય ઉપરાંતની ઇચ્છાશકિત ગમે તેવા પ્રગતિમાં બાધારૂપ બનતા આકરા-કપરા પડકારો ફેંકી શકે છે. જો તમારામાં પણ ક્રિકેટના પિતામહ સચિન જેટલો સેલ્ફ પાવર હોય તો નામુકીન-અશકય કશું જ નથી. કિસી ભી ચીજ કો પુરી સિફ્ત સે ચાંહો તો પુરી કાયનાત ઉસે પુરા કરને મે લગત જાતી હૈ. એ ડાયલોગ કયારેય ન ભૂલવો જોઇએ. જો હીરો બનવું હોય તો રિમેમ્બર ધિસ પ્લીસ.

જો જીતની એક પલ માટે હજાર વખત હારવું પડે તો પણ હારતા રહેવું. લાખ પ્રયત્નો બાદની સેંકડો નિષ્ફળતા પછીની જીતની, ફતેહની એક ક્ષણ બધા વિવેચકો સમાન બબૂચકોના મોઢા બંધ કરવા કાફી છે. જંગના મેદાનમાં ભાગે એ ભાયડા નથી. એ ભગૌડા છે. લડતા લડતા જે શહીદી વેઠે એ શુરવીર છે જેની ઇતિહાસએ પણ સદીઓથી નોંધ લીધી છે. પરાજયના ડરથી રમત રમવાનું ન છોડવું ફતેહ તમારા કદમ વહેલા-મોડા એક દિન જરૂર ચૂંમશે. ટ્રસ્ટ ઓન યોર સેલ્ફ.

જિંદગીમાં જીત મેળવવા ખંતીલું ઉત્સાહી બનવું પડે છે. સંસ્કૃતમાં કહયું છે કે, ઉત્સાહો બલવાનાર્ય નાસ્ત્યુત્સાહાત્પરં બલમ સોત્સાહસ્ય લોકેષુ ન કિંચિદપિ દુર્લભમ, મતલબ હે આર્ય

ઉત્સાહ બળવાન છે. ઉત્સાહ સિવાય બીજું કોઇ બળ નથી. ઉત્સાહી મનુષ્ય માટે આ દુનિયામાં કંઇજ દુર્લભ (અશકય) નથી. જયાં ઉદ્યમ ધીરજ બુધ્ધિ, શકિત, સાહસ અને પરાક્રમરૂપી છ ગુણનો મિલાપ ત્યાં નસીબ, સંજોગ અને પરિસ્થિતિ આપણી તરફેણમાં હોય છે. કેટલુક પામવા માટે કેટલુક ગુમાવવું પણ પડે છે. કર્મ વિના ફળની પ્રાપ્તિ મળતી નથી. પ્રયત્નો વિના પુરસ્કાર કે પરાજયનો ખ્યાલ આવતો નથી. કર્યા વિના કશું મળતું નથી. કરેલુ નકામું જતું નથી એ સિધ્ધાંતને મંત્ર બનાવી, પોતાના ધ્યેયને લક્ષમાં રાખી મહેનત કરો.

જીવનમાં કશુ કરી બતાવવા માટે, સફળતાને પામવા માટે આત્મવિશ્વાસનું લક્ષણ દરેક મનુષયે અચૂક કેળવવું જોઇએ. આત્મવિશ્વાસને સીધો સંબંધ તમારા આંતરિક અને બ્રાહય વ્યકિતત્વ સાથે છે. આપણા શરીરની સ્વસ્થતા માત્ર મન કે મગજ સાથે જોડાયેલી નથી.ફ તેનો આધાર આપણા શારીરિક-માનસિક ઉપરાંત આત્મવિશ્વાસ જેવા વલણો સાથે જોડાયેલ છે. જે ગુણ દરેક જગ્યાએ તમને બીજાથી અલગ સાબીત કરી પ્રગતિના બીજ રોપશે. ધગશ, ખંત જેવા ભાવો પણ આત્મવિશ્વાસમાંથી જન્મે છે. આથી તમારી પર્સનાલીટીમાં મોનોપોલી લાવવા માટે સેલ્ફ કોન્ફિડન્શને અપ લાવો.

તમિળ ધર્મશાસ્ત્ર કુરળના બે બોધવચનો આત્મવિશ્વાસ અને પ્રયત્નના સંદર્ભે સરસ કહેવાયા છે. એક કે, હમેશાં નિશાન ઉચું તાકો. એ નિષ્ફળ જશે તો પણ લગભગ સફળતા જ ગણાશે. બીજું કે તીરથી સસલું મારવું એના કરતા હાથી પર ભાલો ફેંકી ચૂકી જવું બહેતર છે. આ પરથી ગુજરાતી કહેવત આવી-નિશાન ચુક માફ નહી માફ નીચું નિશાન, ઇનશોર્ટ લક્ષ્યાંક હમેશાં ઉંચું રાખો તો જ અવ્વલ આવવાની પ્રયત્નશકિતમાં વધારો થઇ ઇચ્છિત પરિણામની પ્રાપ્તિ થઇ શકે અથવા તેની નજિક પહોંચી શકાય. આમ આત્મવિશ્વાસ અને એકાગ્રતામાં વૃધ્ધિ અનિવાર્ય છે. જો તમારામાં આંતરિક મનોબળ નહીં હોય તો ગમે તેવા સહેલા ચડાણ પણ હિમાલયની ચડાણ જેવા અઘરા લાગશે. સમસ્યાને બને એટલી સફળ બનાવવા અનુભવોની એકસામમાં ટોચનો ક્રમ લાવવા કે જાળવી રાખવા જરૂરી છે. તો માત્રને માત્ર તમારું પૂર્ણ કોઇપણ કાર્ય પ્રત્યેનું સમર્પણ, નિષ્ઠા અને સત્યતા.

કાયમ પૂર્ણ પ્રયત્નો છતાં સફળતા ન પણ મળે. ઘણીવાર નિષ્ફળતાનો સ્વાદ ચાખ્યા બાદ આપણને જ આપણે ગમતા નથી. પોતાની જાત પ્રત્યે જ નફરત થાય છે એટલે વધુ નિરાશા ઉપજી નકારાત્મકતા આપણી અંદર પ્રવેશી આપના ધ્યેય પ્રાપ્તિની બચેલી સમભાવનાને ખતમ કરી મુકે છે. આવું ન બને એટલે બને તેટલા નિડર બનો. નિખાલસ બનો અને સૌથી અગત્યનું સત્યનિષ્ઠ બનો. વાણી અને વ્યવહારમાં સંયમ લાવો.

જે વ્યકિતને સ્વયં પર શ્રધ્ધા અને સ્નેહ નથી એ વ્યકિત અંધકારમાં જીવતો હોય એવું બની શકે. પોતાની જાતને પ્રોત્સાહન આપવું, પ્રેમ કરવો એ ખોરાક લેવા જેટલું જ મહત્વનું કાર્ય છે. અને અંતમાં, ષડદોષા હાતવ્યા ભુતિમિચ્છતા, નિન્દ્રા તંદ્રા ભયં ક્રોધં આલસ્યં દીર્ઘસૂત્રતા અર્થાત જેઓને પ્રગતિ કરવી હોય એણે નિન્દ્રા, તંદ્રા ભય, ક્રોધ, આળસ અને દીર્ઘસૂત્રતા (કામ ટાળવાની વૃતિ) ત્યાગ કરવો જોઇએ. આપ આજ, અત્યારે આ ઘડી સમય નિશ્ચિત કરી લ્યો કે આપણે બધા જ જીવનમાં આત્મવિશ્વાસ કેળવશું. પોતાના ક્ષેત્રમાં સફળ થવા માટેના ઉચિત બધા પ્રયત્ન કરીશું અને કયારેય નિષ્ફળતાથી નિરાશ થઇ કર્મનો માર્ગ છોડશુ નહીં. કેમ કે, કોશીષ કરનેવાલે કી હાર નહીં હોતી, લહરો સે ડરકર નૈયા પાર નહીં હોતી.

<u>**હમેશાં નિશાન ઉચું તાકો. એ નિષ્ફળ જશે તો પણ લગભગ સફળતા જ ગણાશે. બીજું કે તીરથી સસલું મારવું એના કરતા હાથી પર ભાલો ફેંકી ચૂકી જવું બહેતર છે. ઇનશોર્ટ લક્ષયાંક હમેશાં ઉંચું રાખો તો જ અવ્વલ આવવાની પ્રયત્નશકિતમાં વધારો થઇ ઇચ્છિત પરિણામની પ્રાપ્તિ થઇ શકે અથવા તેની નજીક પહોંચી શકાય.**</u>



મારી યુવાની જોઈને એ ભડકે નહીં !

-સંપદન જાની



ઈતિહાસમાં ક્યારેય ન હતી એવી ઐતિહાસિક રીતે યુવાનો પોતાના કામને બદલી રહયા છે. ન ગમતાં કામ પર થૂંકી નાખીને પોતાને ગમતાં કામને પકડી રહયા છે અને ગાંડી મહેનત કરી રહયા છે. સામે સમય પણ એવો જ રંગીન આવ્યો છે. ટેકનોલોજી એવી તે પૂરબહારમાં ખીલી છે કે તેને લેખક-પેઈન્ટર- પત્રકાર- મ્યુઝિશિયન- એકટર-ડાન્સર બનવું હોય... બધું જ જાણે તેને મદદનું આહવાન કરી રહયું છે. વિશ્વને આપવા યુવાનો પાસે ઘણું બધું છે, પરંતુ આ વાંચનારા કોઈ યુવાનને થશે કે મારી પાસે આવું બધું નથી તો ? કોઈ વાંધો નહીં. તમારી પાસે યુવાની તો છે ને?





રાત્રીના બાર વાગ્યા છે. ધોધમાર વરસાદ વરસી રહયો છે. અમદાવાદના હિમાલયના મોલની સામે ડિવાઇડર ઉપર હું બેઠો છું. મારા અમુક સપનાં તૂટી ગયા છે. પણ હું હાર્યો નથી હું અહીં બેસીને રડું છું. પણ દરેક રડતા માણસને હારેલ ન સમજવો કેમ ? કારણ કે હું યુવાન છું બસ...

મારી પાસે આજે નોકરી સિવાય ગુમાવવા મારે બીજુ કશું જ નથી સ્ટીવ જેબ્સ કહેતાં યુવાનીમાં માણસે પોતાની લાઇફ સાથે બધા પ્રયોગ કરી લેવા જોઇએ, કારણ કે યુવાનીમાં બધી નિષ્ફળતાઓ કશુંક શીખવી જાય છે. તમારી પાસે ગુમાવવા માટે કશું જ નથી.

મારી સામે ઉભેલા હિમાલયમાં મોલ અંદરથી ફિલ્મની છેલ્લો શો પુરો કરીને યુવાનો બહાર આવી હયા હતા. વરસાદમાં બહાર આવીને ભીંજાઇ રહયા હતા. એક યુવાન કપલ ખૂણામાં ઉભુ રહીને કિસ કરી રહયું હતું. એ બંને બેફિકર હતા.

આ આજનો યુવાન છે. બેફિકર બળવાખોર અને બેખોફ હા, એકવીસમી સદીનો યુવાન કદાચ અત્યાર સુધીની આખી માનવજાતના ઇતિહાસમાં સૌથી કન્ફયુઝ તુટેલો બટકણો ગુલામ બની ગયેલો કહેવાશે પણ એની પાસે એવુ ઘણું બધુ છે ન ભૂતો-ન ભવિષ્યતિ છે. આજે અમે બધા વિશ્વમાનવ બની ચૂકયા છીએ. જગતના મોટાભાગના પદરથી પાંત્રીસ વર્ષાની વયના માણસો કોઇ આંધળી ધર્મભકિતમાં માનતા નથી.ફ એમને માટે કદાચ ઇશ્વર મૂર્તિઓ-મંદિરો-મસ્જિદોથી પણ ચડિયાતો છે. દરેક યુવાન જુના રીત-રીવાજોને તોડી રહયો છે. એ દિલ-ફેંક છે અને દિલ ફાડીને પ્રેમ કરી રહયો છે. કોઇ નાત-જાત-રંગ જોતા વિના બસ દિલના અવાજને અનુસરી રહયો છે. કદમ બઢ ાવી રહયો છે, હદોને મિટાવી રહયો છે. ખુશીની વાત એ છે એનો પ્રેમ તૂટી રહયો છે ૧ હા,પ્રેમ તુટવો જોઇએ અને ફરી થવો જોઇએ. અને ફરી થવો જોઇએ.

હા, આ પેઢીને પણ જૂની પેઢીઓની જમે ક્યારેક પોતાની નોકરીઓ ગમતી નથી. લાઇફ કંટાળો આપી રહી છે, શું કરવું-શું ન કરવુંનું કન્ફયુઝન કાંટાની જેમ વાગી રહયું છે, પણ... ઇતિહાસમાં ક્યારેય ન હતી એવી ઐતિહાસિક રીતે યુવાનો પોતાના કામને બદલી રહયા છે. ન ગમતાં કામ પર થૂંકી નાખીને પોતાને ગમતાં કામને પકડી રહયા છે અને ગાંડી મહેનત કરી રહયા છે. સામે સમય પણ એવો જ રંગીન આવ્યો છે. ટેકનોલોજી એવી તે પૂરબહારમાં ખીલી છે કે તેને લેખક-પેઇન્ટર-પત્રકાર-મ્યુઝિશિયન-એકટર-ડાન્સર બનવું હોય...બધું જ જાણે તેને મદદનું આહવાન કરી રહયું છે. વિશ્વને આપવા



યુવાનો પાસે ઘણું બધું છે, પરંતુ આ વાંચનારા કોઇ યુવાનને થશે કે મારી પાસે આવું બધું નથી તો ? કોઇ વાંધો નહીં. તમારી પાસે યુવાની છે..!

શું કરવું ?મોજમાં રહેવું, ખોજમાં રહેવું, કશું હારવું ક્યાંય પડી જવું, ફરી ઉભા થવું, દોડવુ...! યુવાની ચાલવા માટે નથી દોડવા માટે છે. યુવાની બોલવા માટે નથી, રાડ-ત્રાડ-પોકાર પાડવા માટે છે. યુવાની માત્ર હવા નથી, આ વંટોળ છે, વંટોળ...એટલે ઉભા થાય અને ક્યારેય ડિસ્કોથેકમાં ન ગયા હોય તો જાવ, ખુબ નાચો.

એકલા હોવ તો એકલતાની ઉજાણી કરી રખડો, ખુબ રખડો એકલા રખડો. એક ટુકડો રોટલી ખાઇને દિવસ પસાર કરીને પણ દેશના ખુણેખુણે ધુમી લો, લોકોની જિંદગી જુઓ, આ સર્કસ જુઓ, અને પછી એને હસી નાખો.

જવાનીમાં આમેય આખી દુનિયાને હસી નાખવાની હોય જાત અનુભવે જંગ છેડીને આખુ જગ ખેડીને જીવ રેડીને પોતાનાં પ્રચંડ સત્યો ઉભા કરવાનાં હોય એવા અનુભવ કરવાના હોય કે. જે તમને ડિફાઇન કરે, તમારો હું જેમાં સાર્થક થતો હોય.

મેં એક વાર લખેલું યુવાનમાં બુધ્ધ અને રોમિયો બંને હોવા જોઇએ. યુવાનમાં ભગતસિંહ અને ગાંધી સાથે જીવવા જોઇએ. યુવાનમાં ચાણક્ય અને સરદાર પીગળેલાહોવા જોઇએ. તેની અંદર મધર-ટેરેસા અને હિટલર સમાયેલા હોવા જોઇએ. કવિ અંકિત ત્રિવેદી કહેછે તેમ યુવાનના રૂંવાડે રામ, શ્વાસે શ્યામ હોવા જોએ.

એટલે યારો, આજથી જ મંડી પડો દુનિયા આખીની સમજ આવી ગઇ હોય અને વડીલ બની ગયા હોવ, પરંતુ અંદરથી જીવનની કોમનનેસ જોઇને પીડાઇ રહયા હોય તો પહેલા બાળક બનો હજારો કામ હાથમાં લેવા પડશે, પોતાના કમ્ફર્ટ ઝોનથી બહાર નીકળીને તે કામમાં ઓતપ્રોત થઇને સફળ થવું પડશે. મારો બક્ષી કહેતો માણસે જયારે જીવન સીધુ સપાટ જતું હોય ત્યારે જાતે જ ખાડા પેદા કરવા પડે પડવુ પડે, ઉભા થવું પડે.

તો પેઇન્ટ કરો બાથરૂમમાં ગીતો ગાવ કોઇ મ્યુઝિક શીખો જો ક્યારેય સ્ટેજ પર ભાષણ ન આપ્યું હોય તો એક વાર પોતાની બીકને ઢીક મારીને સ્ટેજ પર જાવ

વધુ પાના ૨૯

જવાનીમાં આમેય આખી દુનિયાને હસી નાખવાની હોય જાત અનુભવે જંગ છેડીને આખુ જગ ખેડીને જીવ રેડીને પોતાનાં પ્રચંડ સત્યો ઉભા કરવાનાં હોય એવા અનુભવ કરવાના હોય કે. જે તમને ડિફાઇન કરે, તમારો હું જેમાં સાર્થક થતો હોય.

અંતનો આરંભ કે આરંભનો અંત?

-વીરલ વ્યાસ

"આપણા શરીર અને આ આખું વિશ્વ પંચમહાભૂત પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશમાંથી સર્જાયું છે એ તો શાસ્ત્રો અને વિજ્ઞાન બંનેએ સ્વીકારી લીધેલી હકીકત છે. પૃથ્વી ગોળ છે અને એના સર્જનના આરંભ વિશે આપણને ખબર નથી. જળ, વાયુ, અગ્નિ અને આકાશનો આરંભ અને અંત કેવી રીતે શોધીશું ?"



આમ તો વાત આરંભની કરવી છે, પણ જેનો આરંભ છે એનો અંત નિશ્ચિત છે અને એટલે આરંભ સાથે અંત તો જોડાયેલો જ છે.

દરેક બાબત પછી એ વ્યક્તિ, વસ્તુ કે ઘટના ગમે તે હોય, કહેવાય છે કે દરેકનો આરંભ અને અંત હોય છે. સરળ ભાષામાં કહીએ તો જેનો જન્મ થયો છે કે જેનું નિર્માણ થયું એ કોઇ એક બિંદુ કે ક્ષણે આરંભ થયું હશે, શરૂ થયું હશે.

જેમ કે એક બાળકનો જન્મ થાય છે તો એ ક્ષણને તેના જીવનનો આરંભ ગણવામાં આવે છે. જયોતિષોઓ જન્મની એ ચોક્કસ ઘડી એટલે કે કલાક અને મિનિટના આધારે તેની કુંડલી તૈયાર કરે છે અને વિધ્વાન જયોતિષ એના આધારે તે બાળકના અંતની એટલે કે મૃત્યુની સચોટ આગાહી પણ કરી શકે છે.

તો જે ક્ષણે બાળક માના ગર્ભમાંથી બહાર આવ્યું અને તેના આરંભની ક્ષણ અથવા બિંદુ માનવામાં આવે છે, પણ ખરેખર એવું હોય છે ખરૂ ? કારણ કે બાળકના સર્જનની પ્રક્રિયા તો નવ મહિના અગાઉ જે ક્ષણે માની કૂખમાં તેનું ગર્ભધાન થયું એ વખતે જ થઇ ગઇ હતી. જયોતિશાસ્ત્રમાં એક શાખા છે જે આગાહી કરતી વખતે બાળકના જન્મ સમયના આધારે તેનું ગર્ભાધાન કયારે થયું હશે એની ગણતરી માંડીને પછી આગાહીઓ કરે છે.

તો પછી હવે વ્યકિતના જીવનનો આરંભ કયારથી ગણવો, ગર્ભાધાનની ક્ષણથી ગણવુ કે પછી જે દિવસે તે ગર્ભમાંથી બહાર આવી ત્યારથી ગણવો ?

સંતો અને દ્રષટાઓ તો ગર્ભાધાનની ક્ષણને પણ વ્યકિતના જીવનનો આરંભ ગણવાનો ઇનકાર કરે છે. આ આખી વાતના રહસ્યને જાણીતાં મહિલા સંત આનંદમૂર્તિ ગુરૂમા બહુ સરસ રીતે સમજાવે છે.

પુરૂષના શુક્રાણુ ધ્વારા સ્ત્રીના રજના ફલિત થવાને ગર્ભાધાનની ક્ષણ ગણીએ છીએ, પણ જે શુક્રાણુએ જે રજને ફલિત કર્યુ એ બંને શુક્રાણુ અને રજ નર-માદાના શરીરમાં મોજૂદ હતા જ. આ શુક્રાણુ અને રજ સર્જાયા બંનેના શરીરના રસ અથવા તો ઉર્જામાંથી.

એ રસ બન્યો ખોરાકમાંથી, ખોરાક બન્યો અનાજમાંથી અહી સમજવા માટે થઇને આ પ્રક્રિયાને થોડીક સરળ કરવા માટે વધુ સરળ ઉદાહરણ લઇએ કે માની લો કે એ જીવનરસ જેમાંથી શુક્ર અને રજનું નિર્માણ થયું એ ઘઉંમાથી મળ્યો.

ઘઉં ખેતરમાં માટીમાંથી ઉગ્યા. તો જે બાળકના આરંભની આપણે વાત કરી રહયા હતા તેનું આરંભબિંદુ આપણને





અહીં કશાયનો આરંભ કે અંત છે જ નહીં, બસ રૂપ બદલાયા કરેછે. જે એક દિવસ માટી હતી તે ઘઉ રૂપે જીવન સત્વ બની અને શુક્ર કે રજ બની.એમાંથી ભ્રૂણ, શિશુ અને વ્યકિત બની, તે જ વ્યકિતનું શરીર કાળક્રમે મૃત્યુ પામ્યું અને એ શરીરને અગ્નિદાહ અપાયો અથવા જમીનમાં દાટી દેવામાં આવ્યું. જેમાંથી ફરીએક નવા શરીરની રચના થઇ. આમ આ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે.

ખેતરની માટીમાં જઇને મળ્યું, પરંતુ આને પણ આરંભબિંદુ ગણી શકાય ખરૂ ?

માની લો કે એ ખેતરમાં જે નદીનું પાણી આવ્યું હોય એ નદીમાં કોઇ મૃત વ્યકિતના અસ્થિ અને રાખ પધરાવ્યા હોય તો જે ઘઉના દાણા ઉગ્યા અને પેલા પુરૂષા અને માદાએ એનો આહાર તરીકે ઉપયોગ કર્યો જેમાંથી શુક્રરજનું નિર્માણ થયું અને સમાગમ દરમિયાન ગર્ભ ધારણ થયો અમાં પેલા મૃત વ્યકિતનો અંશ પણ આવી ગયોને ૧ આ જ અર્થમાં તત્વજ્ઞાનીઓ કહે છે કે, સૃષ્ટિમાં દરેક બાબત એકબીજા સાથે સંકળાયેલી છે. અલગ એવું અસ્તિત્વ કશાયનું નથી.

બીજી રીતે કહીએ તો આપણા શરીર અને આ આખું વિશ્વ પંચમહાભૂત પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશમાંથી સર્જાયું છે એ તો શાસ્ત્રો અને વિજ્ઞાન બંનેએ સ્વીકારી લીધેલી હકીકત છે. પૃથ્વી ગોળ છે અને એના સર્જનના આરંભ વિશે આપણને ખબર નથી. જળ, વાયુ, અગ્નિ અને આકાશનો આરંભ અને અંત કેવી રીતે શોધીશું ?

ભારતમાં એટલા માટે જ આપણા પૂર્વજોએ સૃષ્ટિ કે સંસારનું ચક્ર કહયું છે. આપણા ઋષિઓએ જીવનને કે સૃષ્ટિને બિનીયર એટલે કે સીધી લીટીમાં નહીં, પણ વર્તુળાકારે વર્ણવી છે. તો અહીં કશાયનો આરંભ કે અંત છે જ નહીં, બસ રૂપ બદલાયા કરેછે. જે એક દિવસ માટી હતી તે ઘઉ રૂપે જીવન સત્વ બની અને શુક્ર કે રજ બની.

એમાંથી ભ્રૂણ, શિશુ અને વ્યકિત બની, તે જ વ્યકિતનું શરીર કાળક્રમે મૃત્યુ પામ્યું અને એ શરીરને અગ્નિદાહ અપાયો અથવા જમીનમાં દાટી દેવામાં આવ્યું. જેમાંથી ફરીએક નવા શરીરની રચના થઇ. આમ આ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે.

જેવું વ્યકિતના શરીરનું છે એવું જ દરેક વસ્તુ અને દરેક ઘટનાનુંછે. આપણે ઘટનાઓના આરંભ માટે અમુક કલાક, મિનિટ કે સેકન્ડની ગણતરી માંડીએ છીએ, પણ એ ઘટનાએ ખરેખર આકાર લીધો એ પહેલાં એનો એક આખો ઇતિહાસ હોય છે.

એ ઘટના બનવા માટે થઇને અનેક બાબતો કારણભૂત હોય છે. એનાં મૂળમાં જઇએ તો એનો છેડો મળવો મુશ્કેલ બનેછે અને છેવટે આપણે વર્તુળાકાર પર આવી જઇએ છીએ.

આરંભની ગણતરી આપણે સામાન્યત : સમયના માપદંડથી કરીએ છીએ. દાખલા તરીકે, આ લેખ લખવાનો આરંભ આપણે અમુક દિવસના બપોરના બે વાગ્યાનો ગણીએ, કારણ કે એસમયે લેખનો પહેલો શબ્દ લખાયો હતો, પણ આવો લેખ લખાવવાનો છે એવો વિચાર તંત્રીના મનમાં જયારે આવ્યો એ સમયને લેખનો આરંભ ગણી શકાય.

જો એનાથી પણ પાછળ જઇએ, તો તંત્રી સાથે આ લખનારનો પરિચય થયો કે પછી આ લખનારે લેખ લખવા માટે. જે સજજતા મેળવી એ આખા સમયગળાને કઇરીતે ચાતરી શકાય ?

થોડીક ગૂંચવડાભરી લાગી હોય તોય જે વાત અહીં કહેવાનો પ્રયાસ થઇ રહયો છે એ એટલો જ છે કે, આપણી સગવડતા ખાતર આપણે કોઇ એક સમય કે બિંદુને આરંભ ગણતા હોઇએ, પણ હકીકતમાં આરંભ અને અંત એવા કોઇ ચોકકસ છેડા હોતા જ નથી.

ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષણ કહયું છે એમ આ સૃષ્ટિ એ એક દિવ્ય યજ્ઞ છે જે અવિરતપણે ચાલી જ રહયો છે. જેને આપણે આરંભ ગણીએ. એ કશાકનો અંત હોય છે અને જેને આપણે અંત ગણતા હોઇએ છીએ એ કોઇક નવી જ બાબતનો આરંભ પણ હોઇ શકે છે.

વેબ વર્સિસ ટી.વી.

-સમીર જગોત

"વેબ સિરિઝ માટે કોઇ પણ બંધનો મુકવા શકય નથી જેનો પુરતો લાભ દરેક વેબ ચેનલ્સ ઉઠાવી રહી છે. ભવિષ્ય પારખીને અમુક લોકોએ તો પોતાની વેબ ચેનલ્સ બનાવવાનું શરૂ પણ કરી દીધું છે. અમૂક તો એવી ચેનલ્સ અને એપ્લીકેશન્સ આવી છે જેણે જાણે નકકી જ કર્યુ હોય કે સેકસ પૂરતા પ્રમાણમાં પીરસવું. જેમ કે ઉલ્લુ, અલ્ટ બાલાજી વિગેરે.."



V/S



એલેકઝાન્ડર બ્રેઇન એટલે ૧૯ મી સદીનો વૈજ્ઞાનિક જેણે સૌપ્રથમ વિચાર મૂકયો કે ટેલિવિઝન જેવી વસ્તુ બની શકે જેમાં પ્રસારણથી ઘેર બેઠા લોકો અગલ અલગ પ્રોગ્રામ્સ જોઇ શકે. આ વિચારને ઘણા લોકોએ આગળ ધપાવ્યો. જેમ કે વો-ગોબી સ્મીથે ફોટોકંડકીટીવીટી શોધી આ વિચારને આગળ વધાવ્યો.આ પછી તો ઘણા સંશોધનો થયા પણ લંડન અને ગ્લાસગ્લો વચ્ચે પ્રથમ ૭૦૫ કી.મી.ની ટેલીફોન લાઇન નાખી અને પ્રસારણજ્ઞ શરૂ કરવામાં આવ્યું. ૮ મેગાપીકસલથી અને ટયુબ લાઇન કનેકટીવીટીથી શરૂ થયેલું ટેલિવીઝન આજે એલ.ઇ.ડી. અને સેટેલાઇટ પ્રસારણ સુધી પહોંચી ગયુ છે. પુરી દુનિયાની ઇકોનોમીમાં મનોરંજનનો ફાળો હંમેશા અવ્વલ રહયો છે. એ લોકો જાણે જ છે. ભારતમાં પહેલુ પ્રસારણ કલકતા ૧૯૫૯ માં કરવામાં આવ્યું હતું. પણ ૧૯૭૨માં બોમ્બે અને અમૃતસરમાં સેટેલાઇટ ધ્વારા પ્રથમ પ્રસારણો શરૂ થયા હતા. દૂરદર્શન એ સમયે ઓલ ઇન્ડિયા રેડિયોની જ શાખા હતી. આ પછી પ્રસાર ભારતીની સ્થાપના થઇ ત્યાં સુધી દરેક પ્રોગ્રામ દુરદર્શન જ બનાવતું જેમાં સમાચારથી માંડીને ખેતી વિષયક માહિતી ઉપરાંત સિરિયલ્સ પણ દેખાડવામાં આવવા લાગી. ૧૯૯૩ માં પ્રથમ વખત જયારે પ્રાઇવેટ ચેનલનું આગમન થયુ એ સાથે જ પરિણામો બદલાવા લાગ્યા. ઝી ટીવીના આગમન પછી સ્ટાર ટીવી., બી.બી.સી. જેવી અનેક ચેનલ્સ માર્કેટમાં આવી ગઇ. તો પછી લોકલ લોકો પાછળ કેમ રહે ? તામિલ ટી.વી.ની પ્રથમ શરૂઆત પછી તો રીજનલ ચેનલ પણ માર્કેટમાં પૂરા જોશ સાથે આવી ગઇ. અત્યારે તો કુલ કેટલી ચેનલ્સ આવે છે તેની જાણ કોઇ ગ્રાહકને પણ નહીં હોય ૧ ૨૦૧૬ માં ડી.ટી.એચ. ના આગમન પછી કેબલ નેટવર્કની હાલત બગડી તો પણ કેબલ નેટવર્કે ખાસ્સુ રાજ ભોગવ્યું પણ ૨૦૧૫ ની સાલમાં ઇન્ટરનેટ બરાબર ઘર કરી ગયું અને વેબ સિરિઝની શરૂઆત થતાં જ ટેલિવિઝન ચેનલ્સને મરચું લાગવાની શરૂઆત થઇ...

મુદ્દો મહત્વનો એ છે કે જો સેન્સર નડવાનું જ ન હોય તો કોઇ પણ ડિરેકટર પોતાની દરેક સુઝ, સમજ, જો ભાવના દેખાડવા માંગતો હોય તે ખુબ જ આરામથી દેખાડી શકે. સેન્સર મુખ્યત્વે સેકસ, ગંદા શબ્દો વાયોલન્સ, ધાર્મિક લાગણીઓ જેવા મુદ્દાઓ પર ધ્યાન રાખતી હોય છે જેના કારણે સમાજ પર ખોટી અસર ન થાય. આ ઉપરાંત સમજણશકિતની ઉંમર પણ ફીકસ કરવામાં આવી છે કે બાળક વ્યસ્ક એટલે કે ૧૮ વર્ષનો ન થાય ત્યાં સુધી આ પ્રકારના કંટેન ન જોવા. વેબ સિરિઝ માટે આ પ્રકારના કોઇ પણ બંધનો મુકવા શકય નથી જેનો પુરતો લાભ દરેક વેબ ચેનલ્સ ઉઠાવવા લાગી છે. ભવિષ્ય પારખીને અમુક લોકોએ તો પોતાની વેબ ચેનલ્સ બનાવવાનું શરૂ પણ કરી દીધું છે. આટલે વાત અટકતી નથી પણ અમૂક તો એવી ચેનલ્સ અને એપ્લીકેશન્સ આવી છે જેણે જાણે નકકી જ કર્યુ હોય કે સેકસ પૂરતા પ્રમાણમાં પીરસવું. જેમ કે ઉલ્લુ, અલ્ટ બાલાજી. ઉલ્લુ ચેનલ પર જોઇ કોઇ પ્રોડ્યૂસર સારી કક્ષાની વેબ સિરિઝ લઇને જાય તો બારણેથી જ રવાના કરી દેવામાં આવે છે.! આ રીતે જ અમુક ઓડિયન્સને આકર્ષવા ગંદીબાત જેવી સિરિઝ અલ્ટ બાલાજી લઇને આવ્યું, સારી કક્ષાના ડિરેકટર્સ પણ ફિલ્મને બદલે વેબ સિરિઝ પર ધ્યાન આપવા લાગ્યા છે. કેમ કે જયાં સેન્સર નડે

છે એવી જગ્યા પર પોતાની વાત રજૂ કરવી તેના કરતા એવી જગ્યા પર કરવી જયાં કોઇ બંધનો જ નથી ૧ અનુરાગ કશ્યપની સેક્રેટ ગેમ્સ તેનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. ટેલિવિઝન ચેનલસની વાત એકદમ વાજબી છે. ટેલિવિઝન પરથી સેન્સર હટાવી દો અથવા તો ઇન્ટરનેટ પણ આવતી વેબ સિરિઝ પર પ્રતિબંધ મુકો. એમેઝોન અને નેટફિલકસના આવ્યા પછી તો એક આખો વર્ગ ઉભો થયો. જેમ ટેલિવિઝન ચેનલસનો અચાનક જ રાફડો ફાટયો એમ જ અચાનક વેબ સિરિઝ માટેની ચેનલસનો રાફડો ફાંટયો છે. રિજનલ કંન્ટેન્ટ બુધ્ધિ વગરનું હોવા છતાં પણ વેબ પર થતી એમની કમાણી જેવી તેવી નથી ૧ માત્ર મોબાઇલ પર બનેલી કેટલીક કિલપ્સ પણ એટલી બધી વાયરલ થઇ છે કે રાતોરાત તે લોકો પણ ચેનલ બનાવીને બેસી ગયા છે...

યુટયૂબ પણ ધીમે ધીમે અલગ રીતે માર્કેટમાં છવાવવાની કૌશિષામાં લાગી ગયું છે. હમણા જ તેમણે યુટયૂબ પ્રિમીયમ શરૂ કર્યુ છે જયાં ઇનબીટવીન એડ, પોપઅપ બધું જ બ્લોક થયેલું મળશે અને પ્રેક્ષકો કોઇ પણ પ્રકારના વિક્ષેપ વગર પોતાને મનગમતા પ્રોગ્રામ્સ માણી શકશે. યુ ટયુબ પ્રિમીયમ આવ્યા પછી એડસેન્સના એકાઉન્ટથી કમાતી તેમની અંદરની ચેનલસની કેટલો ફટકો પડશે એ તો ભવિષ્ય જ બતાવશે.જે પણ હોય પણ જે રીતે આજના યુગમાં ગુગલ દેવતા છે એ રીતે યુ ટયુબ દેવી જ છે ૧ જે લોકોને જે જોવું હોય તે મળી જ રહે છે પણ જેમ યુગે યુગે નવા દેવીઓ આવ્યા છે જમે કે છેલ્લામાં છેલ્લા દેવી એટલે દશામાં એ રીતે નવી નવી ચેનલસ અલગ અલગ દેવીઓ કહી શકાય. વેબ ચેનલસની એક વધારાની ખુબી એ છે કે તેના પર નવી નવી ફિફ્લ્મ્સ તો ખાસ વેબ ચેનલસ માટે જ બનાવવામાં આવી રહી છે. એક સમય તો જયારે ડી.ટી.એચ. ધ્વારા અમેરિકા, લંડન જેવા દેશોમાં ચેનલ મુવી બનાવવામાં આવતી અને જે જોવા માટે ગ્રાહકોએ અમૂક કિંમત ચુકવવી પડતી. આ રીતે હવે તમારે આખુ પેકેજ જ ખરીદવાનું અને મેમ્બર બન્યા પછી તમને જયાં સુધીની મેમ્બરશીપ છે ત્યાં સુધી અંદર રહેલું તમામ કંન્ટેન્ટ જોઇ શકે...

વેબનો ઉપયોગ વધુ થવા લાગ્યો એ પાછળ અનેક કારણો છે. એક તો આજના ઝડપી યુગમાં લોકો કયારેય ટેલિવિઝનનો સમય સાચવી શકે એ શકય જ નથી રહયું. સ્માર્ટ ફોન અને મોબાઇલ ડેટાના રિવોલ્યુશન પછી દરેક વ્યકિતને પોતાના ફ્રી સમય પર મનોરંજન માણવું છે અને એ પણ ટ્રાવેલિંગ કરતા કરતા. ઘરના બધા ઉંઘી ગયા હોય ત્યારે છાનુમાનુ કે પછી ખાસ મિત્રો વચ્ચે. આજે પણ સિનેમાના પડદા પર ફિલ્મ જોવાનો ક્રેઝ એટલો ઓછો જયો પણ બહુ નજીકનો સમય હશે કે મોટી સ્ક્રીનનો મહિમા ઘટવા લાગશે. માત્ર એક જ અઠવાડિયા પછી જયારે વેબ ચેનલ પર એ ફિલ્મ હાજર હોય તો એક ફેમિલિ સહીત જને ૩૦૦૦ રૂપિયા ખર્ચવા કયાં સુધી પરવડે ? બીજ કારણ છે સેન્સર. તમે મિર્ઝાપુર જેવી સિરિઝ જોતા હોય જયાં માણસોને મારી નાખવામાં પણ કોઇ પ્રોબ્લેમ ન હોય એવા માહોલ વચ્ચે જો ગાળોને બદલે સારા શબ્દોથી વાતો કરવામાં આવે તો એટલું જ ખરાબ લાગે જેટલું કંપની ફિલ્સમાં દાઉદને સુષુપ્ત બતાવવામાં આવે ૧૧૧

લોકોનો અત્યાર સુધી ટેલિવિઝનથી કંટાળવા લાગ્યા જ છે. ખુબ સારા સેટ અને પેઢીઓ નિકળી જાય ત્યાં સુંધીના લાગણીમાં વેવલાવેળા હવે લોકો પચાવી શકે એમ નથી. ચેનલને તો ત્યાં સુધી સંસ્કારી બનાવી દેવામાં આવી છે કે જો કોઇ ઘરમાં ખુન કરવા આવે તો પણ બહાર આરામથી ચપ્પલ બુટ કાઢે અનેજો રસ્તામાં ભગવાનનો ફોટો દેખાય તો વંદન પણ કરીને જાય ૧ જો કે બહેનો માટે લેટેસ્ટ ફેશન જોવા માટે ટેલિવિઝન પર પ્રસાર થતી ટી.વી. સિરિયલસનો સૌથી વધુ ઉપયોગ થતો હોય છે. ૧ હવેનું ઓડિયન્સ એટલું મેચ્યોર તો થયું જ છે કે બે ફૂલોને ટકરાવવાથી બાળકો જન્મતા નથી એ સમજી ચૂકયું છે...

પાના ૧૩થી આગળ...

અભાવ મહેસુસ થવા લાગ્યો. જેટલો મધ્યમ વર્ગ સંપન્ન થઇ રહયો છે. એટલો નીચેલો વર્ગ વધુ ગરીબ થઇ રહયો છે. અને આ ગરીબી માત્ર સંસ્કારના કારણે જ છે.તેની ઓછી મહેનત તેના દુર્ભાગ્યને કારણે નથી. ચાદર કરતાં વધુ પગ .ફેલાવવાની વૃતિને કારણે છે. લગ્નોમાં ગજા ઉપરવટનો ખર્ચ, ઠઠારો એનાં ઉદાહરણો છે. સમાજ સહજતા, સંવેદના, સરળતા સાથે બીજાને દેખાડવા માટે બેમતલબના ખર્ચા કરવાનું છોડીનૃ કરકસરયુકત જીવન જીવે તેની આવશ્કતા છે.

ફેકટરીઓ પ્રદૂષિત કચરો જમીનના ગર્ભમાં દાટી દે છે. એક તરફ ધરતીને મા કહો છો અને બીજી તરફ ઝેરી કચરો તેના ગર્ભમાં ઠાલરી રહયા છો. આગામી પેઢી જમીનના પેટાળમાંથી કાળો કાળો પદાર્થ મેળવશે ત્યારે શું વિચારશે ? એ કચરાને ટ્રીટ કરીને તેને સાફ કરીને તેનો નિકાલ કરવામાં આવે તો ફેકટરીઓનો નફો થોડી ઘટી જાય ? પોતાની મામૂલી ધન સમૃધ્ધિ માટે પોતાના ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ રાખીને પ્રકૃતિનો સોથ વાળી દેવાનો ? વેસ્ટનો અર્થ એવો પદાર્થ કે જેનો ઉપયોગ હજુ સુધી શોધાયો નથી. સ્વચ્છ ભારતમાં માત્ર આંખોમાં આવતી ગંદકીને જ ધ્યાનમાં નથી લેવાની,

અમે ફૈઝાબાદ પાસેના એક ગામમાં છેલ્લા કેટલાક સમયથી રિચર્સ કરીએ છીએ કે પહેલા જે ધાનની જાતો હતી તેમાંથી હાલ કેટલી બચી છે. મોટા ભાગની જાત નાશ પામી છે. વિકાસની રફતારમાં આપણે ખુશ્બુ વાળુ અનાજ ગુમાવી દીધું. ધાન્ય સમૃધ્ધિ ગુમાવી દીધી છે. જે કંઇ પણ સંપન્નતા પાંચ હજાર વર્ષમાં આપણે મેળવી તે બધીને એક એક કરીને આપણે ગુમાવી રહયા છીએ.

આપણે અત્યારે એ વિચારવાનો સમય આવી ગયો છે કે એવા કયા સંસ્કારો છે જે ધનની સમૃધ્ધિમાં વધારો થવાથી કમજોર પડયા છે ? સમૃધ્ધિની અસલી ઓળખ કઇ ? કેવી રીતે સ્વને, રાષ્ટ્રને અને પ્રકૃતિને સમૃધ્ધ કરી શકાય ? આ દિવાળીથી આ સવાલ ઉપર વારંવાર વિચારવામાં આવે.

પુસ્તકથી ડીઝીટલ રૂપમાં પ્રવેશ કરતું આપણું પ્રવાસ સાહિત્ય

-મયુર ખાવડૂં

ગર્ભમાં રહેલા બાળકના ધબકારા પિતા નથી અનુભવી શકતો,કે નથી તેના અંગોને મહેસુસ કરી શકતો. એ તો માત્ર માતાનો અધિકાર કહો કે તેનું સદભાગ્ય કે એક જીવની અંદર બીજા જીવને ઉછેરી અને તેને જન્મ આપે છે.



પ્રવાસ સાહિત્ય ક્ષેત્રે.અંતિમ લલિત ખંભાયતોએ પ્રગટ કર્યુ હતું. જેનુ નામ છે રખડે તે રાજા. પ્રવાસ સાહિત્યનો ઇતિહાસ ગુજરાતી નવલકથા જેટલો જ જૂનો છે. પણ તેમાં ઓછાં પણ રસપ્રચૂરમાત્રામાં પુસ્તકો થયા છે. એકધારા લખાયા નથી. પ્રવાસ સાહિત્ય એકધારુ લખાતુ પણ નથી. કોઇ દિવસ પ્રવાસ સાહિત્ય ક્ષેત્રે સમસ્યા અને વિટંબણાઓની ચર્ચાઓ નથી થઇ. કારણ કે દરેક ભાષાને પોતાનો પ્રવાસ લેખક સાંપડી જતો હોય છે. ઉપરથી પ્રવાસ લેખકોએ જવાબદારીને પ્રવાસમાં જેમ સામાન ખભ્ભે હોય તેમ ઉપાડી લીધી છે.

આ દુનિયામાં બે પ્રકારના લોકો રહે છે. એક પ્રવાસ કરનારા અને બીજા પ્રવાસ કરી તે પ્રવાસનું દસ્તાવેજીકરણ કરનારા. જયાં સુધી હર્ષલ પુષ્કર્ણાએ આ ક્ષેત્રે પગ નહોતો મુકયો ત્યાં સુધી પ્રવાસનું સાહિત્યશ્રેષ્ઠીઓ માટે જ હતું. અમે માનનારો આપણો એક વર્ગ ઉભો થઇ ગયો હતો. આજથી આઠેક મહિના પહેલા પ્રવાસ માટેની જીપ્સી મેગેઝિન લોકોમાં પ્રવાસ કરી લખવાનું ઘેલુ ચડાવ્યું છે. તકો ઉભી કરી છે. જેના કારણે ગુજરાતના લોકો પ્રવાસ કરી લખતા થયા છે. લખવા માટે તેમને છાપા કે મેગેઝિનોમાં દોડવાની જરૂર નથી રહેતી. તેઓ .ફેસબુક કે બ્લોગ પર પોતાનું લખાણ મુકી સંતોષ માની લે છે. જયાં તેમને ઓનલાઇન વર્ગ પણ મળી રહે છે.

પ્રવાસમાં કુદરતનું અનેરૂ વર્ણન કરી તેનું મહાત્મય ગાનારા લેખકો જ પ્રવાસ લેખકો હોય છે એવું નથી હોતું. નવા લેખકો સ્થળ, કાળ, માહિતી અને ઘટનાને રજૂ કરવામાં માહેર થયા છે. પરિણામે પ્રવાસ સાહિત્યનું એક બીજુ અંગ પણ ખીલ્યુ છે.

ભોળાભાઇ પટેલ, પ્રિતી સેનગુપ્તા, અમૃતલાલ વેગડ, કાકા સાહેબ કાલેલકર, સ્વામી સચ્ચિદાનંદ સહિતના લેખકોએ ફુલટાઇમ પ્રવાસ લેખન કર્યુ છે. બાકીના લેખકોએ અન્ય સાહિત્યનું સર્જન કર્યા બાદ પ્રવાસ સાહિત્ય ક્ષેત્રે પોતાના અનુભવોનો નીચોડ મુકયો છે. જે નામ પણ ઓછા નથી.

ધોરણ-૯ કે ધોરણ ૧૦ પ્રવાસ વિશે આપણે સૌ કોઇએ લખ્યું છે. મારો પહેલો પ્રવાસ અથવા તો આપણા શિક્ષકોએ આપણા પ્રવાસની ટુરનું શનિવારે બાલસભામાં વર્ણન કરવાનું હોમવર્ક પણ સોંપ્યું હતું. એ સમયે પ્રવાસનાં એ નાના નિબંધને આપણે કેવી રીતે મુલવતા હતા ?

પેલા અમારી બસ આવી અને પછી સાહેબ અને અમે બધા ભેગા ચડયા. ખૂબ મઝા કરી...પણ ભવિષ્યમાં એ વસ્તુની સમજ વિકસી કે પ્રવાસ એ માત્ર બસમાં બેઠા એવું નથી હોતું. લેખનમાં મેચ્યોરીટી ધીમે ધીમે આવે છે તેનું આ ઉતમ ઉદાહરણ છે.


જય વસાવડાએ ખુબ પ્રવાસો કર્યા છે. તેમણે પોતાના પ્રવાસ અનુભવોના આધારે વકતવ્યમાં એક સરસ મઝાની વાત કરી હતી. પ્રવાસ કોઇ બસમાં કરો તો શહેરને નજીકથી જોવાનો અવસર ચુકી જાઓ છો. ખરી વાત છે. કોઇ જગ્યાનું સરનામું અને આસપાસની જગ્યાથી પરિચિત થવું હોય તો ચાલવું પડે. આપણા સંસ્કૃત સાહિત્યમાં પણ તો પછી ચાલ્યા કર...ચાલ્યા કર...ચાલ્યા કર...જેવું કહેવામાં આવ્યું છે. પણ આજે ગુજરાતી સાહિત્યના પ્રવાસ ક્ષેત્રના યાદગાર પુસ્તકો અને કેવી રીતે પ્રવાસ વર્ણનો ડિઝીટલી યુગમાં પ્રવેશ્યા તેની સફરનું વર્ણન કરીએ.

મારું અંગત રીતે માનવું છે કે, નવલકથા પણ એક પ્રવાસ સાહિત્ય હોઇ શકે. ગુજરાતના માનીતા સર્જક ધ્રુવ ભટ્ટ પ્રવાસ કરીને જ નવલકથાઓ લખી છે. તેમની કથા પહેલા પુરૂષ એકવચનમાં શરૂ થાય છે. સમુદ્રાન્તિકેમાં સમુદ્રના કિનારે કરેલા પ્રવાસો અને અલક મલકના લોકો સાથેની મુલાકાત અને પ્રકૃતિનું વર્ણન છે. તેમની નવલકથા

હાઈ પોટેન્સી પ્રોડક્ટસ્

POWERED BY

સરફેસ ટેકનોલોજી



TM

SURFÂCE TEKNOLOGY
POWERED BY



સરફેસ ટેક્નોલોજીની ઓળખ દરેક પેકિંગ પર



Plant Protection SIMPLIFIED



મોનીટર (સુકારા માટે)	બાયોસોફ્ટ (કિટકો માટે)	યોર્કર (કૃમિ માટે)
		



LOW DOSE HIGH POTENCY PRODUCTS

એગ્રીલેન્ડ બાયોટેક લીમીટેડ

(An ISO 9001:2015 Certified Company)
૩૬, પ્રિન્સ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મોટા મોતીપુરા ૩૯૧ ૫૨૦,
તા. સાવલી, જી. વડોદરા, ફોન : ૦૨૬૬૭-૨૫૧૨૯૬/૨૫૧૫૯૬
E-mail:info@agrilandbiotech.com
www.agrilandbiotech.com

અધીકૃત વિક્રેતાઃ- **ખેતી ડોટ કોમ**
દાણાપીઠ ચોક, વાંકાનેર.
સંપર્કઃ-૯૦૯૯૪ ૩૪૦૭૧, ૯૬૬૨૬ ૦૪૪૯૬

ફૈઝુલ શેરસીયા
મો. ૯૭૨૫૨ ૦૫૫૦૨



POLYSIL







સબસીડી માન્ય પી.વી.સી, ટપક પધ્ધતિ તેમજ તેના સ્પેર પાર્ટ મેળવવા માટેનું વિશ્વાસ પાત્ર સ્થળ એટલે....

શેરસીયા એન્ટરપ્રાઈઝ

માં હોસ્પિટલની બાજુમાં, ૮-એ નેશનલ હાઈવે, વાંકાનેર

Mo. 95 86 95 23 95

અંધારામાં પણ ગીરનું આવું જ કુદરતી સ્વરૂપ દેખાય છે. ધ્રૂવ ભટ્ટની નવલકથાઓ ફિક્શનની સાથે સાથે પ્રંવાસની શ્રેણીમાં પણ મુકી શકાય. રખડીને જે લખવાની મઝા છે તે બંધ બારણે નથી. નોખી માટીના માનવી સાથેની મુલાકાત ત્યાંનું અલભ્ય વર્ણન, નવી દુનિયા, કડવા મીઠાં અનુભવો આ તમામ વસ્તુઓમાંથી પસાર થઇએ ત્યારે એક યોગ્ય કૃતિ સાંપડતી હોય છે.

ડો. સંદીપકુમાર અને મોઇન પઠાણે ત્રણ પુસ્તકો આપ્યા છે. પ્રથમ પુસ્તક ગીરનો સિંહની સફળતા બાદ તેમણે જવેલ્સ ઓફ ગીર લખી અને શુલપાણેશ્વર પણ લખી. આ ત્રણે પુસ્તકો અભ્યારણના પ્રવાસો અને પ્રાણી જગતના નિરીક્ષણની વાતો કરે છે. આ ત્રણ પુસ્તકો બાદ નવી પેઢી માટે અભ્યારણ પ્રવાસના દ્રાર ખુલ્યા છે. ભારત અને વિશ્વમાં તો ઠેર ઠેર અભ્યારણો છે. માત્ર તે પ્રાણી પંખીને જોવા માટેનું એક સ્થળ ન રહી જાય તેના કરતા લખીને તેની ઉજાણી કરવી અને માહીતી આપવી તે નોખો ચીલો ચાતરવાની વાત છે. જો કે આ ત્રણે પુસ્તકોનો સાહિત્ય સાથે સુગમ સમન્વય નથી થતો. બન્ને લેખકોએ માહિતીની દ્રષ્ટિએ લખ્યા છે. પ્રાણી પંખીઓ વિશેના લગાવને લઇ લખ્યા છે. તેમાં સાહિત્યમાં પોતાનું નામ ઉજળું કરવાનો ધ્યેય હોય કે પુસ્તક સાહિત્ય માટેનું હોય તેવું ક્યાંય દ્રશ્યમાન થતું નથી. પણ બન્ને લેખકોએ ભવિષ્યની પેઢી માટે પ્રાણીઓનું નિરીક્ષણ કરવું અને પ્રવાસ કરવો એ વાત પર ભાર મુક્યો છે.

૧૮૬૦ માં મહિપતરામ નિલકંઠ મુસીબતોનું સર્જન કરવા કાંજે ઈંગ્લેન્ડ ગયા હતા. તેઓ ઈંગ્લેન્ડને ઈંગ્લાડ લખતાં બાદમાં ૧૮૬૪ માં તેમણે ઈંગ્લાંડની મુસાફરીનું વર્ણન નામનું પુસ્તક પણ આપ્યું તું.આ પ્રવાસના કારણે તેમને સમાજના બે બોલ ખમવાનો વારો આવેલો. તેમને નાત બહાર મુકવામાં આવ્યા હતા. આ એક મુસાફરી પછી અઢળક પ્રવાસ સાહિત્યનું ખેડાણ થયું. જેમાં કાકા સાહેબ કાલેલકરે લખેલા હિમાલયના પ્રવાસના કારણે ગુજરાતી સાહિત્યને પ્રવાસ સાહિત્ય લખવાનું એક માળખુ મળી ગયું.

અત્યાર સુધી અષ્ટમ પષ્ટમ જેવી ભાષામાં ફેલાયેલા ગુજરાતી પ્રવાસ સાહિત્યને તેની રૂપરેખા, આકાર અને નવાં પગલાં મળ્યા. પ્રવાસક્ષેત્રે કાકા સાહેબના બે પુસ્તકો આજે પણ લોકો પ્રેમથી વાંચે છે. એક રખડવાનો આનંદ અને બીજો હિમાલયનો પ્રવાસ. હિમાલયના પ્રવાસમાં કાકા સાહેબે શ્લોકથી શરૂ થતી યાત્રાને એવી રીતે વણી છે કે ચિત્ર જયારે આપણી આંખ સામે ભજવાતું હોય. પુસ્તકના દરેક પાને આવતા શબ્દોએ વાંચકને પ્રવાસનો મહિમા અને પ્રવાસ ન કર્યો હોય તો પ્રવાસ કરવા માટેનું ઉદ્દીપન આપે છે.

પ્રવાસ, ડાયરી, આત્મકથા આ તમામ વસ્તુઓ હું કેન્દ્રી હોય છે. તેમાં વ્યકિતનો હું જીવંત હોવાથી તે વ્યકિત કેન્દ્રિ બને છે. સાહિત્ય અને પત્રકારત્વમાં પણ હું કેન્દ્રિય વિશ્લેષણને સ્થાન નથી હોતું હું શબ્દથી સાહિત્યકારમાં અહંની વાસ આવતી હોવાનું ઘણાને લાગે છે. પણ આત્મકથા, ડાયરી અને પ્રવાસમાં તો હું વણાય જ જાય છે.

રસિક ઝવેરીની અલગારી રખડપટ્ટીએ વિવેચકોને ઘણા રિઝવ્યા હતા. તેનું પુરતા પ્રમાણમાં વિવેચન થયું અને તેના લાભ ગુજરાતી સાહિત્યની રસીક જનતાને પણ મળ્યો. ઈંગ્લેન્ડ પ્રવાસના તેમના અનુભવો અને શરૂઆતથી કહેતી કથાએ સુજ્ઞ વાચકોમાં રસ જગાવ્યો છે. ખૂદ કાકા કાલેલકરે પણ અલગારી રખડપટ્ટીના વખાણ કર્યા. આ પુસ્તક આખાબોલુ છે. સત્યતાનો રણકો છે, મનોરંજક છે, રસ ધરાવતી શૈલી છે. પણ સૌથી સારો અભિપ્રાય પુરુષોતમ માળવંકરે આપ્યો હતો. તેમણે અલગારી રખડપટ્ટી વિશે કહેલુ કે એટલુ બધુ સરસ પુસ્તક છે કે એનો અનુવાદ બને તેટલી ભાષાઓમાં થવો જોઇએ. આ પુસ્તક શરૂ કરતાં પહેલાંથી લઇને અંતિમ સુધી તમને ઝકળી રાખે છે. ઈંગ્લેન્ડનો પ્રવાસ તો ઘણા લેખકોએ અને લોકોએ કર્યો પણ રસીક ઝવેરીનું વર્ણન ગુજરાતમાં બેઠા બેઠા બ્રિટનના દર્શન કરવાનો એક લ્હાવો આપે છે.

કાકા સાહેબ કાલેલકર અને રસીક ઝવેરી બાદ અમૃતલાલ વેગડ, સ્વામી સચ્ચિદાનંદ અને ભોળાભાઇ પટેલે ગુજરાતી સાહિત્યને પ્રવાસની કૃતિઓથી અમરત્વ આપ્યું છે. આ લોકો હતાં પણ પછી કોણ આવો મનમાં સવાલ થયો કે ત્યાં પ્રિતી સેનગુપ્તા દેશ વિદેશના પ્રવાસો લઇને પહોંચી ગયા. પ્રીતી સેનગુપ્તાનું મોટાભાગનું લખાણ તેમના વિદેશ ભ્રમણનું છે. ગુજરાતમાંથી કોઇ મહિલા પ્રવાસ લેખીકા સૌથી વધારે ધુમી હોય તો તે કિર્તીમાન પ્રીતી બહેનના નામે છે. જેટલુ જેઓ ધુમ્યા તેટલું તેમણે કાગળનાં પાના પર ઉતાર્યુ છે. આ સિવાય કોલમ રાઇટીંગ ધ્વારા પણ દર અઠવાડિયે તેઓ વર્ષો સુધી વિવિધ યાત્રાનો ઉલ્લેખ અને અનુભવો વાચકો સમક્ષા શેર કરતા રહયા. તેમના લખાણમાં સ્થળ અને કાળનો મહિમા રહેલો છે. લખાણનો ઉદ્દભવ અને અંત વાંચક માટે આનંદદાયક રહે છે. એક પ્રવાસ માટે યાત્રા ભલે કષ્ટાદાયી નીવડતી હોય પણ પ્રિતી બહેનના લખાણ થકી એ યાત્રા ગુજરાતી પ્રજા માટે આનંદદાયક બનીને રહે છે.

કોલમ રાઇટીંગથી યાદ આવ્યું કે ગુજરાતી છાપાઓમાં પત્રકારત્વની ધુણી ધખાવી રાઇટીંગ કરવું અને વર્ષો સુધી ચલાવવું એ આકરૂ કામ છે. ગુજરાતની જનતા મધ્યમવર્ગીય હોવાના કારણે પ્રવાસ કર્યા બાદ તેનો લુત્ફ ઉઠાવી લેવામાં જ માને છે. તેના પરથી લખવું તે તેમને પોષાય નહીં. કોઇ જગ્યાએ જઇ અને પછી લખવા માટે તેની વિગતો અને અનુભવોને મસ્તિષ્કમાં કેદ રાખવા પડે છે. પરિણામે રોજ કોઇ ધુમતુ નથી. અને તાજી કલમ કોલમ ક્ષેત્રે આવતી નથી.

ઉમાશંકર જોશીએ ચીનમાં ૫૪ દિવસ અને બાદમાં યાત્રી નામનું દળદાર પુસ્તક આપ્યું. આ બન્ને અગ્રંથસ્થ અને અપ્રંગટ લખાણો હતા. જે મરણોતર પ્રગટ થયા હતા. ૧૯૨૮ માં આબુંનો પહેલો પ્રવાસ કર્યો અને ૧૯૮૬ માં અમેરિકાનો છેલ્લો પ્રવાસ. ત્યાં સુધીનું સમગ્ર આ બે પુસ્તકમાં સચવાયેલું છે. પ્રંવાસ સાહિત્યના નવા લેખકો માટે આનંદની વાત એ કે, ઉમાશંકર જોશી તેમની યુવા અવસ્થામાં કેવું લખતા હતા તે જાણવાનો યુવા લેખકોને નજિકથી અવસર પ્રદાન કર્યો છે. ૧૯૨૮ માં આબુ પ્રવાસના લખેલા નિબંધમાં તેમની યુવા કલમ એવી જોરદાર ચાલી છે કે શ્રેષ્ઠ પ્રવાસવર્ણનોના સંપાદનમાં પણ આબુને જ સ્થાન મળે છે.

કચ્છમાં જન્મેલા અને જબલપુરમાં જઇ વસેલા અમૃતલાલ વેગડ મુળ તો ચિત્રકાર હતા. ઘણા પારતોષિકોથી પોખાયેલા અમૃતલાલ વેગડે પરિક્રમા નર્મદા મૈયાની નામે પુસ્તક લખ્યું જે પહેલા તેઓ હિન્દીમાં લખી ચૂકયા હતા. પોતે જ પોતાના પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરી પોતે ગુજરાતની ભુમિમાં જન્મેલા તેનું ઋણ ચુકવ્યું હતું. અમૃતલાલ વેગડ પાસેથી શીખવા જેવી બેવાત છે. એક પ્રવાસ કરવાની કોઇ ઉંમર નથી અને નંબર બે પ્રવાસ કરી તેનેલખવાની પણ કોઇ ઉંમર નથી હોતી. ૪૯ વર્ષની ઉંમરે જયારે તેઓ ફિફ્ટી પૂર્ણ કરવાથી એક વર્ષ દૂર હતા ત્યારે તેમણે આ પ્રવાસ કરેલો.પુસ્તકમાં પાના

ભવિષ્યની ખેતી માટે નવિ દિશાઃ કૃષિ ટેકનોલોજી

-ગની પટેલ



વિકસીત દેશોમાં ખેતી ક્ષેત્રે નવી ટેકનોલોજી સાથે નવા કન્સેપ્ટ ખુબજ ઝડપથી આવી રહયા છે જે આવનારા સમયમાં ખેતીની સમૃધ્ધિમાં ચોકસ વધારો કરી શકશે. ભારત જેવા વિકાસશીલ દેશમાં ખેતીની સમૃધ્ધિ વધારવા અને ખેડૂતોને નિભાવવા માટે પણ વૈજ્ઞાનિક અભિગમવાળી ખેતી ખુબ ઉપયોગી સાબીત થશે.





ખેતીએ સતત વિકસતો વ્યવસાય છે. ભારત જેવા કૃષિ પ્રધાન દેશના વિકાસ માટે ખેતી સૌથી અગતયનો વ્યવસાય હોય તે સ્વાભાવિક બાબત છે. માણસ ઉપરાંત દરેક જીવને જીવવા માટે ખેતી ઉપર આધારિત રહેવું પડે છે. આમ તો રોટી, કપડા અને મકાન જેવી પાયાની અને મૂળભુત જીવન જરૂરીયાતની વસ્તુ ખેતીમાંથી જ મળે છે. એટલે એમ કહી શકાય કે દૂનિયાનો દરેક જીવ ખેતી ઉપર નભે છે. હવે વિશ્વ કક્ષાએ ખેતી નવા સ્વરૂપે વિકસી રહી છે. કારણ કે ખેતીલાયક જમીન ઘટી રહી છે, પર્યાવરણ ખરાબ થઇ રહયું છે. લોકોની રૂચી ઓછા ઉત્પાદન અને વધુ ખર્ચના લીધે ખેતીમાંથી ઘટી રહી છે. યુવાનો ખેતીથી વિમુખ થઇ રહયા છે ને ખેત ઉત્પાદનની જરૂરીયાત વધી રહી છે તેવા સંજોગોમાં ખેતી નવી દિશા તરફ જઇ રહી છે. વિકસીત દેશોમાં ખેતી ક્ષેત્રે નવી ટેકનોલોજી સાથે નવા કન્સેપ્ટ ખુબજ ઝડપથી આવી રહયા છે જે આવનારા સમયમાં ખેતીની સમૃધ્ધિમાં ચોકસ વધારો કરી શકશે. ભારત જેવા વિકાસશીલ દેશમાં ખેતીની સમૃધ્ધિ વધારવા અને ખેડૂતોને નિભાવવા માટે પણ વૈજ્ઞાનિક અભિગમવાળી ખેતી ખુબ ઉપયોગી સાબીત થશે. આજે આપણે જોઇએ ભવિષ્યની ખેતી કઇ રીતે થશે ? કેવા કન્સેપ્ટ થી થશે અને તેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ખેતી અને ખેડુતો સાથે કેવાં સમનવય હશે.

ખેતીની સમૃધ્ધિ માટે અગત્યના મૂદાઓ

ફાર્મ મિકેનાઈઝેશન (કૃષિ યાંત્રિકરણ):-

જરૂરીયાતએ સંશોધનની જનેતા છે. આપણે જાણીએ છીએ કે છેલ્લાં ઘણાં વર્ષોથી ખેતીમાં અનેક પ્રકારના સાધનો આવી રહયા છે. જે ખુબજ થાક લગાડતા કે અશકય કામોને ઓછી માનવ શકિતથી ખૂબજ આસાનીથી પુરા કરે છે સમય બચાવે છે, શકિત બચાવે છે અને છતાં ખુબ સારુ પરિણામ આપે છે. પરંતુ હજુ આનાથી આગળ પણ ખુબજ ટેક્નોલોજી છે. જે વિશ્વના ઘણાં દેશોમાં કાર્યરત છે અથવા કાર્યરત થવામાં છે. કૃષિ યાંત્રિકરણ ભવિષ્યની ખેતીમાં ખુબજ મહત્વ ધરાવતું હશે. ભારતમાં અત્યારે ઘઉં વાઢવા અને કાઢવા માટા હાર્વેસ્ટર મશીન છે તેવા ખુબ મોટા અને અતિ આધુનિક હાર્વેસ્ટર મશીન ઇઝરાયલ, અમેરિકા, યુકે, જેવા દેશો પાસે દરેક પાક માટે અલગ-અલગ કાર્યરત છે. કોબીજ ઉતારવા માટે, ટમેટા ઉતારવા અને ગ્રેડીંગ કરવા માટે, મગફળી ઉપાડવા અને કાઢવા માટે, ફળ પાકોની વીણી કરી તેનું ગ્રેડીંગ અને પેકીંગ કરી શકે તેવા મશિન એકી સાથે જમીનની ખેડ અને વાવણી માટે તૈયાર કરી આપે તેવા યંત્રો વગેરેની બોલબાલા ખેતીમાં થવા જઇ રહી છે. એટલે આવનારા સમયમાં ખુબ ઓછા માણસો વડે ખુબ મોટી ખેતી થઇ શકે તેવા યંત્રો આવી રહયા છે. જે પ્રમાણમાં ઓછા ખર્ચે અને ઝડપી કામ પૂર્ણ કરી શકે તેવા હશે. ભારતમાં ખેતીથી વિમુખ થઇ રહેવા લોકો માટે યંત્રો ખુબજ કારગત નિવડશે તેમ કહી શકાય.

રોબોટોલાઈઝેશન (યાંત્રિક માનવ):-

મોટા મોટા હાર્વેસ્ટર મશીનની સાથે તેનું સંચાલન કરી શકે તેવા રોબોર્ટ એટલે કે યંત્ર માનવો પણ ખેતી કાર્ય માટે આવી રહયા છે. જે ટેકનોલોજીનો એકભાગ છે. અમુક યંત્રો એવા પણ છે કે તેનું સંચાલન માત્ર રોબર્ટ જ કરી શકે. દા. ત. ઘણા દેશોમાં



હાલમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરવામાં આવે છે. આવા ડ્રોન માનવ રહીત હોય છે કાંતો એ કમ્પ્યુટર સંચાલન હોય છે કાંતો એનો સંચાલન રોબોર્ટ હોય છે. આ માટે બીજુ અકે ઉદ્દાહરણ એ છે કે જયાં ખુબજ મોટા જંગલ વિસ્તાર છે ત્યાં વૃક્ષોના વાવેતર માટે ડ્રોન અથવા હેલીકોપ્ટરનો ઉપયોગ થાય છે.અને આવા ડ્રોન અથવા હેલીકોપ્ટરનો ઉપયોગ થાય છે. અને આવા ડ્રોન કે હેલીકોપ્ટરનું સંચાલન યંત્ર માનવ કરે છે. આ ટેકનોલોજીમાં ૧ હેકટર વિસ્તાર માટે ૧૦ લાખ સીડબોલ બનાવેલા હોય છે. દરેક સીડબોલમાં ૩ થી ૪ વૃક્ષના સીડ હોય છે. જેને ડ્રોન કે હેલીકોપ્ટર માં લઇને વરસાદના આગમન પહેલા રોબોર્ટથી જંગલ વિસ્તારમાં બ્રોડકાસ્ટ કરવામાં આવે છે.આ બાબતે ઇન્ટરનેશનલ સર્વે મુજબ જો ૪૦ ટકા બીજ ઉગવામાં સફળ રહે તો દરવર્ષે ખુબ મોટા પ્રમાણમાં જંગલ વિકસે છે. આ ઉપરાંત જયાં જયાં લેબર (મજુર) ની સમસ્યા છે ત્યાં યંત્ર માનવ ધ્વારા ખેતીના બધાં કામ થઇ શકે તેમ છે.

પ્રીસીઝન ફાર્મિંગ (ચોકકસ પ્રકારની ખેતી):-

આ પ્રકારની ખેતીમાં લગભગ દરેક પ્રકારનું સંકલન હોય છે. અહીં યંત્ર માનવ, યંત્રો, કમ્પ્યુટર ઉપરાંત દરેક પ્રકારની ખેતી પધ્ધતિનો સમાવેશ થાયછે. જે કૃષિ વિકાસને ખુબજ વેગ આવેલ છે. પ્રીસીઝન ફાર્મિંગમાં અત્યારે ઇઝરાયલ ખુબજ આગળ છે. આ પ્રકારની ખેતીમાં માત્ર ખેતરમાં જ નહીં પરંતુ દરેક છોડ દીઠ એક એક સેન્સર લાગેલું હોય છે. જે છોડની જરૂરીયાત જણાવે છે અને તેનો સોફટવેર જરૂરીયાત મુજબના ઇનપુટ્સ છોડ દિઠ પુરા પાડેછે. દા.ત. ટપક પિયત પધ્ધતિ છે તે ઓટોમેટિક શરૂ ને બંધ થાય તે સમજયા પણ આખા ખેતરમાંથી માત્ર બે છોડને જ પાણી જોવે તો ત્યાં જ ટપક શરૂ થાય તેવી સુવિધા ત્યાં છે. તેમજ જે છોડને જે ખાતરની જરૂરીયાત હોય તેને તેટલા જ પ્રમાણમાં ખાતર અને પાણી મળે તેવા સોફટવેર અને તેનાં ધ્વારા સંચાલન સાધનો છે. જે આધુનિક ખેતીનું શ્રેષ્ઠ ઉદ્દાહરણ છે.હવે તો એવું કહેવાય છે કે ત્યાં પરમેનેટ વિલ્ટીંગ પોઇન્ટ સિસ્ટમ પણ છે. એટલે વોટર મેનેઝમેન્ટ ખુબજ સરળ બન્યું છે. અને તે કારણે પાક ઉત્પાદન ઉપર ખુબ સારી અસર પડી છે. ઇઝરાયલમાં ડ્રીપ ઇરીગેશન અને સ્પ્રીકલર ઇરીગેશન સંપૂર્ણપણે કમ્પ્યુટર આધારીત ઓટોમેશન ધરાવે છે. જે ખેતીનું ઉતમ ભવિષ્ય ગણી શકાય. આવનારા સમયમાં ભારત પણ આ બાબતે વિચારી રહયું છે. એટલે પ્રીસીઝન ફાર્મિંગ ખેતીને વધુ સરળ બનાવશે.

કોર્પોરેટ ફાર્મિંગઃ-

આમ તો આ શબ્દ જોતા જ એવું લાગે છે કે હવે ખેતીમાં વ્યાપારિકરણ આવશે જો કે વ્યાપારિકરણ ન હોવાથી જ ખેતીનો વિકાસ ધીમો રહયો છે. વ્યવસાયમાં નફા-નુકશાનની ગણતરી જોઇએ. જે ભારતના ખેડૂતોએ કયારેય કરી નથી. પરંતુ આ કોર્પોરેટ ખેતીની વ્યાખ્યા અલગ છે. દેશ-વિદેશની મોટી ખાનગી કંપનીઓ ભારતના ખેડૂતો પાસેથી કરાર મુજબ જમીન ભાડે કે ભાગીદારીથી રાખીને તનું સંચાલન કરશે. અને વ્યાપારિક અને વૈજ્ઞાનિક અભિગમથી આઇડીયલ ખેતી થશે જેમાં ખેડૂત અને કંપની બન્ને માટે ફાયદાની વાત હશે.

ખેતીમાંથી લેવાતી નિપજ સીધી કોમોડીટી તરીકે વેચવા કરતાં તેનું મૂલ્યવર્ધન કરીને વેચવાથી નફો વધુ કમાય શકાય તેમ છે. હાલનાં ભારતમાં મધરડેરી, રિલાયન્સ ઉપરાંત ફુડ પ્રોસેસીંગ કરતી ઘણી કંપનીઓ પોતાની જરૂરીયાત મુજબ કોર્પોરેટ ફાર્મિંગમાં જંપલાવી ચુકી છે. અને આવનારા સમયમાં ઘણી કંપનીઓ આ ક્ષેત્રમાં આવી રહી છે. કોર્પોરેટ ફાર્મિંગમાં ખેડુતો થોડા જાગૃત બને તો ખુબ તક દેખાય છે. આવી ખેતીનું માળખું જે તે કંપની અને ખેડુતો ધ્વારા ઉભુ થશે.

કોઓપરેટીવ ફાર્મિંગઃ- (સહકારી ખેતી)

સહકારી ખેતી માટે ભવિષ્ય ખબુજ ઉજળું છે. હાલ ગુજરાતમાં ઉતર ગુજરાતમાં નાના પાયે ખેડૂતો આ પ્રકારની ખેતીમાં આગળ વધી રહયા છે. સહકારી ખેતીનું માળખું ભારત માટે ઉતમ સાબીત થઇ શકે તેમ છે. ઇઝરાયલ પણ આ મોડેલથી ખેતી કરી છે. સહકારી ખેતીમાં ૮ થી ૧૦ ખેડુતોનો કે તેથી વધુનો સમુહ સાથે મળીને સંયુકત રીતે ખેતી કરે છે. આમ કરવાથી એગ્રોઇનપુટસ સસ્તા પડે છે. અને કોમોડીટી વેચવામાં એકતા હોવાથી અને જથ્થો હોવાથી ભાવતાલમાં ફાયદો થાય છે. આમેય ગુજરાત અને ભારતમાં સહકારી માળખું સેવા સહકારી મંડળીના રૂપમાં મજબુત છે. અને ખેડૂતોને તેના ઉપર વિશ્વાસ





પણ છે માટે સહકારી ખેતીમાં ભવિષ્ય દેખાય છે. આ બન્ને પ્રકારમાં બ્લોક-ચેઇન કે જેને ટેકનોલોજી ચેન પણ કહી શકાય તેનો અમલ કરીને એક સોફ્ટવેર સીસ્ટમ ઉભી કરીને ખેતીના દરેક ડેટાને હીસ્ટ્રીના રૂપમાં સાચવી શકાય તેમ છે. આમ કરવાથી ખેતી ખર્ચ ઉપર નજર રાખી શકાય તેવું છે.

હાઇડ્રોપોનિક્સ ફાર્મિંગ (જમીન મુકત ખેતી):-

આ પ્રકારની ખેતીની શરૂઆત ટ્રાયલ બેઇઝ ઉપર થઇ ચુકી છે.વૈજ્ઞાનિકોના મતે અહીં ખુબજ તક દેખાય છે. હાઇડ્રોપોનિક્સ ફાર્મિંગમાં જમીનની જરૂરીયાત રહતી નથી. માધ્યમ તરીકે પણ પાણી હોય છે. હાલના અખતરામાં મોટા ભાગે શાકભાજીની ખેતી પોસીબલ લાગે છે. અત્યારે લેબ ટેસ્ટ પુરતું કામ થાય છે. પણ કોમર્શીયલ રીતે પણ ભવિષ્યમાં આવી ખેતી થશે અને તેના ધ્વારા ઉત્પાદન વધારી શકાય તેવું અનુમાન છે.

મોલીકયુલર બાયોલોજી અને જીનેટિક એન્જિનીયરીંગ ફાર્મિંગઃ-

આ પ્રકારની ખેતીની શરૂઆત મોટા પાયે થઇ ચુકી છે.અને આપણે તેનો સફળ સ્વાદ ચાખી ચુકયા છીએ. બી.ટી. કપાસ એ આ પધ્ધતિનું સંતાન છે. આ ટેકનોલોજી એ રંગસુત્રો ઉપર આધારીત છે. અહીં એ સ્વીકારવું રહયું કે આ પધ્ધતિ એ કુદરત સામે ચેંડા કરીને ઉભી કરવામાં આવતી ટેકનોલોજી છે. અહીં કાંતો મૂળભુત છોડમાં કોઇ મોલીક્યુલર ઉમેરવામાં આવે છે. અથવા તો છોડની પ્રતિકાર ક્ષમતા વિકસાવવા માટે તેના જનીનમાં ફેરફાર કરીએ તેનાં બીજા કોઇ જીવતા જીન ઉમેરવામાં આવે છે. આવી ટેકનોલોજી ઉપર ખુબજ કામ થઇ રહયું છે. જેમાં ઇયળ જેવા કિટકોના નિયંત્રણ માટે બેસીલસ યૂરીન્જીન્સીસ આપણે કપાસમાં વાપરી રહયા છે. તેવી જ રીતે નિંદામણ નિયંત્રણ માટે, બ્રિન્જલ સુટ & ફ્રુટ બોરર માટેની તૈયારી થઇને માર્કેટમાં આવી રહયું છે. તો હજુ ખારી કે ખરાબ જમીનમાં ખુબ સારી રીતે પાક ઉગાડી શકાય તેવી અને ખુબજ ઓછા ભેજનાં પાણીની જરૂરીયાત વગર ખેતી કરી શકાય તેવી ટેકનોલોજી ઉપર કામ ઝડપથી થઇ રહયું છે. નિંદામણ મુખ્ય પાક સાથે હરિફાઇ ન કરી શકે તેવું કામ પણ શરૂ છે. તો હાલમાં ઘણા પાકમાં ટ્રાન્સજેનિક સીડસ પણ ઉપલબ્ધ છે. આમ જીનેટિક ફાર્મિંગમાં ખુબજ સ્કોપ દેખાય છે.

બાયો ફાર્મિંગ (જૈવિક ખેતી):-

દૂનિયાની હાલની સ્થિતિ જોતા આ પ્રકારની ખેતીનું ભવિષ્ય અતિ ઉતમ છે. રસાયણ મુકત ખેતી હોવા છતાં પાક સંરક્ષણ, પાક પોષણ ઉપરાંત તમામ પ્રકારના ઇન પુટસ બાયોના રૂપે આપી શકાય તમે છે. રસાયણની અવળી અસર, સતત ઘટતું ઉત્પાદન, પર્યાવરણની ખરાબી, માનવ-પશુ વગેરેમાં બીમારીનું ઉંચુ સ્તર, ખેતી ખર્ચ વગેરે જેવી બાબતોને ધ્યાનમાં લઇ સરકાર આ બાબતે ઘણું વિચારે છે. એક વાત મુજબ આવનારા સમયમાં બાયોલોજીકલ ક્ષેત્રે કામ કરતી કંપનીઓ ખેડૂતો સાથે કરાર કરીને તેના જૈવિક ઉપકરણોથી જો ૧૦ ટકા ઉત્પાદન વધારી દેશે તો સરકાર કંપનીને સબસીડી આપશે તેવી ફોરમ્યુલા ઉપર વાત ચાલે છે. આ માટે જે તે કંપનીએ સરકાર સમક્ષા પ્રોજેક્ટ મુકવાનો રહેશે. આમેય હવે Organic ફાર્મિંગનો યુગ શરૂ થઇ ચુક્યો છે. ત્યારે આ પધ્ધતિ ખુબ ઝડપથી વિકસે તેમાં સૌનું હીત છે.

ગ્રીન હાઉસ - ગ્લાસ હાઉસ ફાર્મિંગઃ-

આ પધ્ધતિથી થતી ખેતીનું ભવિષ્ય ખુબજ ઉજવળ દેખાય છે. ઇઝરાયલ તેમાં ખુબજ સફળ છે. ભારતમાં કન્સેપ્ટ કલીયર ન હોવાથી અહીં નિષ્ફળતા વધુ મળે છે. પણ ઓફ



અનુસંધાન...

સિઝન અને વિકટ સ્થિતિમાં ઉત્પાદન મેળવવા માટે ગ્રીન હ)ઉસ ટેક્નોલોજી ઉતમ છે તેમાં કોઇ શંકા નથી.

આ પધ્ધતિમાં વાતાવરણ, પર્યાવરણ, વેરાયટી, અનુકુળતા,પ્રતિકુળતા વગેરેને ધ્યાનમાં રાખ્યા વગર કૃત્રિમ સ્થિતિ ઉભી કરીને ખેતી કરવામાં આવે છે. અન્યની સરખામણીમાં વધુ ખર્ચાળ અને વ્યવસ્થાપન માંગતી આ ખેતી પધ્ધતિ છે.પણ જેમાં ઉત્પાદન અને ગુણવતા મળી શકે તેમ છે. વળી આમાં પ્રોસેસીંગ માર્કેટીંગ અને ઓફ સીઝનમાં ઉત્પાદન માટેની ખુબજ તક રહેલી છે.

ફૂડ પ્રોસેસીંગ વેલ્યુએડીશન (મૂલ્યવર્ધન):-

આ કોઇ ખેતીનો પ્રકારન નથી પણ ચોકકસપણે ખેતીનું વ્યાપારિકરણ છે. અહીં કોઇ જણસ કોમોડીટીનું વેચાણ કરવાની વાત નથી પણ ખેત ઉપજમાંથી કોઇ વસ્તુ બનાવીને વેચવાની વાત છે. મતલબ કે કોમોડીટી નહી બ્રાન્ડ વેચવાનું છે. આવેલી નિપજ ને વસ્તુમાં રૂપાંતરીત કરીને ફિનીસ પ્રોડક્ટ તરીકે વ્યાપારિક પેકીંગ બનાવીને બ્રાન્ડના રૂપમાં વેચવાથી ખુબ નફો કમાય શકાય છે. જે આજના સમયની માંગ છે. વસ્તુનું મુલ્ય વર્ધન ખેડૂત પોતે જ કરે તો વધૂ કમાય શકે હાલમાં ફુડ પ્રોસેસીંગ કંપનીઓ મૂલ્યવર્ધન કરીને સસ્તા ભાવે ખરીદેલી જણસને ખુબજ મોંઘા ભાવે વેચીને તગડો નફો કમાય છે.

આમ ચીલાચાલું ખેતીનું ભવિષ્ય હવે ધુંધળું દેખાય છે. ખેતીની જરૂરીયાત વધતી જાય છે. પણ સામે ખેતીની જમીન, ઉત્પાદન અને ખેડૂતોની સંખ્યા પણ ઘટતી દેખાય છે ત્યારે માત્ર કરવા ખાતર ખેતી કરવાથી ખેતી, ખેડૂત કે દેશ નભી શકે તેમ નથી. જો ખેતીને સમૃધ્ધ બનાવવી હશે તો દરેક ખેડૂતની સાથોસાથ દેશની દરેક સરકારે પણ ખેતીમાં ટેક્નોલોજી તરફ વિચારવુ પડશે અને તેનો ત્વરીત પ્રોજેક્ટ બનાવીને અમલમાં મુકવું પડશે. જો આવું નહી થાય તો ખેતી કંગાળ બનશે. વિશ્વ બજારમાં ટકવા અને લોકોને આવશ્યક વસ્તુઓ પુરી પાડવા ખેતી ક્ષેત્રે દીર્ઘ દ્રષ્ટિ અને ટેક્નોલોજી સાથેનું આયોજન ત્વરીત કરવું પડશે. અને તેના માટે દરેક ખેડુતોએ જાગૃત બનવું પડશે.

---

૨૫ થી આગળ...

શુલપાણેશ્વરનું વર્ણન કરતાં સમયે તેમણે કવિતાની પંક્તિઓ લખી હતી. તેમણે મિત્રને આ પંક્તિઓ બતાવી અને તેણે રદ કરી દીધી. આ વેળાએ તેમણે લખ્યું છે, જાણુંછું. કુકવિ થાવાકરતા કવિં ન થાવું સારું, કવિતાએ કવિ પાસે એ રીતે આવવું જોઇએ. જે રીતે વૃક્ષમાં પર્ણ આવે છે. એ સહજ સાધ્ય હોય પ્રયત્ન સાધ્ય નહીં, વરદાનની જેમ મળી હોય. દેવની દિધેલ હોય. પણ આ ક્યાં કવિતા છે. આ તો કવિતાનું બચ્ચું છે ૧ જોડકણુ છે ૧ આને પણ શું એવી જ કઠણ અગ્નિ-પરીક્ષાા આપવી પડશે? (પરિક્રમા નર્મદા મૈયાની-પેજ-૧૧૮)

અમૃતલાલ વેગડની ખાસિયત એ રહી કે તેઓ ફિલોસોફીનો સરસ ઉપયોગ કરી જાણતા. તેમની ફિલોસોફી તેમના પ્રવાસના પુસ્તકોમાં અગાઉ વાત કરી તેમ વૃક્ષમાં પર્ણ આવે છે એમ વણાઇ ગયેલી. પોતાની સાથે જે બન્યું તેનું તેમણે સત્યની ધાર પર કટ ટુ કટ વર્ણન આલેખેલું છે.

આજ શ્રેણીમાં સૌથી છેલ્લે લલિત ખંભાયતાએ રખડે તે રાજા પુસ્તક આપ્યું છે. જેમાં તેમણે દક્ષિણ આફ્રિકાથી લઇને અમેરિકા અને ભારતનાં ઘણા ખરા સ્થળોના પ્રવાસ વર્ણનો કર્યા છે. મૂળ તો પત્રકાર, સંશોધક અને વિજ્ઞાન લેખનના જીવ એવા લલિત ખંભાયતાને પ્રવાસનો ચસ્કો પહેલાથી હતો. પણ પ્રંવાસગ્રંથ માટે તેમણે ઘણું રખડયું અને બાદમાં કાગળના પાને આકાર પામ્યું. તેમના પ્રવાસવર્ણનોની ખાસિયત પ્રવાસ સિવાય આવતો હાસ્યનો રણકો અને ઘટનાને હોય તે મુજબ પીરસવાની કળા છે. તેમના બ્લોગ રખડે તે રાજામાં પણ તેમણે કરેલા પ્રવામસોની દુર્લભ વિગતો મુકેલી છે. આ સિવાય થોડા સમય પહેલા જ તેઓ જાપાનનો પ્રવાસ પણ કરી આવ્યા છે.

પ્રવાસ સાહિત્ય લખવા માટે પ્રવાસ કરવો જરૂરી બની જાય છે. ગુંજરાતીઓ અને ભારતભરમાં મોટાભાગે મીડલ કલાસ લોકો રહે છે. જેથી તેમને આટલા મોટા ખર્ચાઓ કરી ફરવું અને બાદમાં તેમનામાં આવડત હોય તો લખવું એ પરવડે નહીં. પણ હવે નવી પેઢી ઘણી આગળ વધી છે. ફેસબુકના ઉપયોગ થકી પણ હવે પ્રવાસ સાહિત્યને ડીઝીટલી આવકાર મળ્યો છે.ઇશાન ભાવસાર અને હસમુખ જોશી જેવા લેખકો પણ પ્રવાસ કરી ફેસબુક કે બ્લોગ જેવી જગ્યાએ અનુભવોનો નીચોડ ઉતારતા થયા છે. જે ગુજરાતી પ્રવાસ સાહિત્ય માટે આનંદની વાત છે.

એક રીતે ગુજરાતી પ્રવાસનું ડિઝીટલી યુગમાં આગમન થઇ ચૂક્યું છે. અત્યાર સુંધી વેબ સાઇટો પર નવલકથા, કવિતાઓ અને લેખો જ પ્રકાશિત થતા હતા. પણ હવે નવા લેખકો ફેસબુક અને પોતાના બ્લોગ ધ્વારા પ્રવાસ સાહિત્યને ડિઝીટલી યુગમાં રખડાવી રહયા છે.

પાના ૫ થી આગળ... આ રાજનીતિક ચાલને સમજશે નહી ત્યાં સુધી તેમની હાલત સુધરવાની નથી. કહેવાતા ખેડૂતોના નેતાઓ જયારે રાજકીય પક્ષોથી પર રહી તટસ્થ રહે, તટસ્થ નેતાગીરી પસંદ કરે, ખોટા નેતાઓને ઉખેડીને ફેંકી દે અને પોતાની તાકાત મજબૂત બનાવે. સરકારના રહેમો કરમ પર જીવવાનું છોડી દ્યો તમારા સંઘબળની તાકાત બતાવો. ખેડૂતો કૃષિવિકાસ માટે જે વાજબી માંગણીઓ કરી રહયા છે એ તેમનો અધિકાર છે. એ અધિકાર એમને મળવો જોઇએ. જે ખેડુત ખેતી અને દેશના હિતમાં છે.

પાના ૧૯ થી આગળ... આખો કાન ખુલ્લા રાખો, દુનિયા જુએ લખો જે અનુભવ થાય છે તે લખો, વધુ અનુભવ કરો વાંચો ભરપુર વાંચો દિમાંગ હેંગ થઇ જાય ત્યાં સુંધી વાંચો વાંચન માણસને બદલી નાખે છે. પેશન શોધવા માટે વાચન જેવું કોઇ હથિયાર નથી, એક પુસ્તક જ માણસને વિવિધ રંગની ઉડી જિંદગીઓ જિવાડે છે. કાનમાં હેડફોન ભરાવીને ગમતુ મ્યુઝિક ચાલુ કરીને સાંજે ચાલવા નીકળો. યુ-ટ્યુબ પર એક ચેનલ બનાવો જેમાં તમે એક વિષય પર લેકચર આપી શકો. કશુંક એવુ સર્જન કરો જેનાથી આ દુનિયાને કંઇક ફર્ક પડે. પહાડો ચડવા જાવ. ફોટાગ્રાફી શીખો, દોસ્તીને માણો, પ્રેમમાં ડૂબી જાઉ, કોઇ ન મળે તો ખુદના પ્રેમમાં ડૂબી જાઉ. એકલા-એકલા પોતાનો ઇન્ટરવ્યૂ લો ઉત્સાહ હોવો જોઇએ. બાળકને ચિંતા હોય છે કાલની ?

યારો, એક દિવસ કોઇ કામામં સફળતા મળ્યા પછી ખુશી થશે એકલા-એકલા નાચવાનું મન થશે. બસ, એ કામને વધુ ઉંડાણમાં કરો, વધુ સફળ થાવ.

બસ, અને કદાચ આ બધું પણ કરી શકીએ તો પણ કંઇ નહીં. યુવાની કોઇ ઉંમરનું નામ નથી. એ જિંદગી જુવાનીનો તરીકો છે. આમ જ જીવતું રહેવું. બધું જ થઇ જશે.

સાહસ અને મહેનતનું પરિણામ...'સ્વરાજ ડેરી'

-ઉસ્માનગની શેરસીયા



ગામની ડેરી દવારા રાજકોટની ગોપાલ ડેરી જોવાના પ્રવાસમાં એક માઁની સાથે આવેલ સાતમાં- આઠમાં ધોરણમાં ભણતા બાળકને આ ડેરી જોતા જોતા વિચાર આવ્યો કે આ તો સરસ છે. આવી ડેરી આપણે પણ કરાય..! આ એ વખતનો બાળક અને આજનો યુવાન ઈરફાને આજે બાળપણમાં જોયેલ સ્વપ્ન તનતોડ મહેનત કરીને 'સ્વરાજ ડેરી' બનાવીને સાકાર કર્યુ છે.





એવું કહેવાય છે કે, માં એ બાળક માટે શ્રેષ્ઠ શિક્ષક છે. એટલે બાળકના ઘડતરમાં માંની ભૂમિકા ભારોભાર હોય છે. દરેક સફળ વ્યકિત જન્મે ત્યારે બાળક હોય છે. અને દરેક બાળક માટે, તેની જનેતા જ એની દુનિયા હોય છે. એ જનેતા રૂપી દૂનિયા જ બાળકની સફળતાનું રહસ્ય હોય છે. કારણ કે ઘડતરના બિજ ત્યાંથી રોપાય છે. ને તે યુવાવસ્થા સુધી જડવાય રહે તો રોપાયેલું બીજ વૃક્ષ અને પછી વટવૃક્ષમાં પરિવર્તન પામે છે. નાના એવા ગામમાંથી એક નાનો એવો પ્રવાસ ગોઠવાય છે. પ્રવાસનું આયોજન ગામમાં ચાલતી દૂધની ડેરી ધ્વારા કરવામાં આવ્યું હતું. ડેરીનો ઉદ્દેશ દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા બહેનોને કોઇ સારી ડેરી દેખાડવાની સાથે એકાદ બે દિવસ સુધી જુદા જુદા સ્થળ દેખાડવાનો હોય છે. આમ તો દરેક પ્રવાસ પાછળ કોઇને કોઇ હેતુ હોય છે. ઘણી વખત હેતું કોઇના માટે સીધ્ધ થાય ને મોટા ભાગના એન્જોય કરીને પરત ફરે. આ વાત છે ૧૯૯૮ ની ડેરી ધ્વારા ડેરી જોવાના પ્રવાસમાં એકમાં (મધર) ની સાથે તેનું બાળક છે. સાતમાં-આઠમાં ધોરણમાં ભણતા આ બાળકને રાજકોટની ગોપાલ ડેરી જોતા જોતા વિચાર આવ્યો આ તો સરસ છે. આવી ડેરી આપણે પણ કરાય.

બસ આ નાના મગજમાં ઉદ્દભવેલો નાનો વિચાર વ્યવસાયનું મૂળ બની ગયો. પ્રવાસનું મહત્વ સીધ્ધ થતું જણાયું ને ૨૪-૬-૨૦૦૨ માં ગામમાં ડેરી ખોલી નાખી પ્રથમ દિવસે ૧૭ લીટર દુધ મળ્યું એ તેને રાજકોટની ખાનગી ડેરીમાં વેચી નાખ્યું ધીમે ધીમે દુધની આવક વધવા લાગીને વિશ્વાસ વધવા માંડયો. વિચારોના બીજ સ્કુરણ થવા લાગ્યા ને બીજમાંથી છોડનું સ્વરૂપ દેખાયું એટલે લાગ્યું કે આતો હમણાં ફળ આપશે ચાલો થોડી મહેનતને થોડો સાહસ કરીએ જોત જોતામાં એટલે કે એક વર્ષમાં ૨૦૦૩ માં એક યુટીલીટી વ્હીકલની ખરીદી કરી જે દૂધ સપ્લાય માટે કામ આવે. ૨૦૦૪ માં એક બીજી નાની ડેરીની શાખા કરીને વિશ્વાસ ખીલી ઉઠયો. દૂધ વધવા માંડયું, લોકોનો વિશ્વાસ કાયમ થવા લાગ્યો ને આખરે વિચારનું બીજ પરિવર્તન પામ્યું ૨૦૦૮ માં એક નાની ૧૦ ૨ ૧૦ ની રૂમમાં છાશના પાઉચ પેકીગની શરૂઆત કરી અમે કહેવાય કે પોતાની બ્રાન્ચમાં થી પોતાનું બ્રાન્ડ ઉભું કરવાનો વિચાર આવ્યો ને બસ બ્રાન્ડને અંજામ આપ્યો. થોડુ-ઘણું વિચારીને ડેરીનું નામ સ્વરાજ નકકી થયું. પણ એક નાની પેઢી જેવું સ્વરૂપ ઉભું થયું પણ વિચાર વધુ પરિપકવ બન્યો. એક કામ બીજા કામને શિખવે તેમ માતાની સાથે ડેરી જોવા ગયેલો બાળક ૧૯૯૮ થી ૨૦૧૨ સુધીમાં ઇરફાનભાઇ બની ગયો. ૨૦૧૨ માં સ્વરાજ ડેરી અને સ્વરાજ બ્રાન્ડને રજીસ્ટર્ડ કરાવ્યું ૨૦૧૪ માં મોટા પાયે કામ કરવાની ઇચ્છા જાગી ઘરેથી મમ્મી, પપ્પા અને બન્ને ભાઇઓ સાથે પરિવારના બધા સભ્યોના સહકાર મળતો થયો ને મોટી ડેરી નો પાયો નાખ્યો. વાંકાનેર મિતાણા રોડ ઉપર પીપળીયા રાજ મુકામે સ્વરાજ ડેરીનું

મુકામ થયું. બાંધકામ અને મશિનરી ખુબજ ઝડપથી ગોઠવાઇ ગઇને ૧૭ જાન્યુઆરી ૨૦૧૫ માં સ્વરાજ બ્રાન્ડથી છાશની શરૂઆત થઇ દરરોજ ૨૦૦ લીટર છાશને ૬૦૦ લીટર દુધનું કામ થવા લાગ્યું.

માતાની સાથે ડેરી જોવા ગયેલો એ બાળક એટલે આજની સ્વરાજ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડેક્ટ કંપનીનો ચેરમેન શેરસીયા ઇરફાન રાજે, આજે પોતાની સ્વરાજ બ્રાન્ડનો ડંકો વગાડે છે અને સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં પોતાનું વિશાળ નેટવર્ક ધરાવે છે. બ્રાન્ડની સાથોસાથ પોતાની પંચ લાઇનનો પ્રચાર ગૌરવ ભેર કરતાં કહે છે કે દૂધની દુનિયામાં રાજ, સ્વરાજ ત્યારે માત્ર પિપળીયા રાજ નહી પરંતુ પુરૂં વાંકાનેર અને હવે તો આખું ગુજરાત ગૌરવ અનુભવે છે. ઇરફાનભાઇની ડેરીના વિકાસ પાછળ તેમનો વિચાર, વિશ્વાસ સાહસ અને મહેનત જવાબદાર છે. રાત-દિવસ જોયા વગરની મહેનત અને વિશ્વાસ ઉપર આધારીત સાહસે સ્વરાજ ડેરીનું નામ રોશન કર્યુ છે. ઇરફાન શેરસીયા સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે જયારે ગોપાલ ડેરી જોઇ ત્યારે જ વિચાર આવ્યો કે મારે કંઇક મોટું અને કંઇક બીજાથી અલગ કરવું છે ને બસ મંડી પડયો અહીં એ વાત કે વિચાર પુરો થતો નથી પણ હજુ આજેય એમ થાય છે કે કંઇક મોટુ ને અલગ કરવું છે.લોકો કરે તેવું નહી પણ સાવ અલગ બસ આ વિચાર જ વિકાસનો પાયો છે. ૧૦ હજાર લીટર વાળો ઉભો થયેલો પ્લાન્ટ નાનો પડયોને કેપીસીટી વધારી ૨૦૧૭ માં ૩૦ હજાર લીટર -દિવસની કેપીસીટી ઉભી કરી છતાં પ્લાન્ટ તો નાનો જ લાગ્યો ને આખરે વિચારને વધુ ગતીશીલ બનાવ્યોને સપ્નાનું વાવેતર નવેસરથી શરૂ કર્યુ ૨૦૧૮ માં હરણખડીમાં અરણીટીંબા રોડ ઉપર ૨૦૧૮ માં અતિઆધુનિક પ્લાન્ટનું કામ શરૂ કર્યુ. અકલ્પનીય કામ માત્ર એક વર્ષમાં પૂર્ણ કરીને ૧૭-૫-૨૦૧૯ ના રોજ જુનો પ્લાન્ટ નવા પ્લાન્ટમાં સ્થળાંતર થયો. કહેતા ગૌરવ થાય છે કે નવા પ્લાન્ટની ક્ષમતા ૩ લાખ લીટર/દિવસ છે. અને હાલમાં ૪૫,૦૦૦ લીટરનું કામ થાય છે. વધૂ વિશ્વાસથી વાત કરતાં ઇરફાનભાઇ જણાવે છે કે આવનાર બે-ચાર વર્ષમાં આ પ્લાન્ટ પણ નાનો પડશે એટલે ઝડપથી બીજુ કંઇક વિચારવું પડશે હાલ અતિઆધૂનિક નવા પ્લાન્ટમાં કુલ ૯૦(નેવું) કર્મચારીઓ કામ કરીને રોજીરોટી કમાય છે. એનું ગૌરવ છે.



ઇરફાનભાઇ રાજે શેરસીયા પોતાની વાતમાં જણાવે છે કે, પહેલેથી જ કંઇક અલગ અને મોટુ કરવાનો વિચાર મને અહીં સુધી લાવ્યો છે. હજુ ખુબ મોટું કરવું છે. એવડું મોટું કરવું છે કે ભારતમાં અમો દૂધ ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ બનવા માંગીએ છીએ. મારા આ વિકાસ કાર્યમાં મમ્મી, પપ્પા ઉપરાંત ઇલમુદ્દીન અને નેશિફ એમ બન્ને ભાઇઓ ઉપરાંત પરિવારના સભ્યો અને કંપનીના સ્ટાફનો મને ખબુ સાથ મળતો રહે છે. આ લોકો મારા હોંસલાને બૂલંદ કરવા માટે તત્પર હોય છે અને તેથી જ હું વધૂ મજબુત બનું છું. સતત વાંચુ છું ને સતત વાગોળુ છું હવે મને કોઇ મોટી કંપનીની હરિફાઇ કે માર્કેટીંગ નો ડર નથી બસ નિડર થઇને કામને અંજામ આપું છું. મારું નેટવર્ક એટલું મજબુત અને વિશ્વાસુ છે કે તે મને કયારેય નીચે પડવા દે તેમ નથી. મારા બધા C & F એજન્ટ, ડીસ્ટ્રીબ્યુટર્સ, ડીલર્સ અને રીટેઇલર્સ નો ખુબ સહકાર મળે છે. આ બધાં કંપનીના માલિક છે ને હું માત્ર વ્યવસ્થાપક છું એટલે એકબીજાનું ધ્યાન રાખીને કંપની ચલાવીએ છીએ અમો ગુણવતા અને સર્વિસની બાબતમાં હંમેશા જાગતા રહીએ છીએ. અમારી ઉમદા સર્વિસ જ અમોને વધુ વેગ આપે છે. અમારો ધ્યેય સ્વરાજના વિકાસની સાથો સાથ અમારા દરેક ગ્રાહકનો વિકાસ થાય તે છે. એ ઉપરાંત દેશની જનતાને પાયાની જરૂરીયાત ધરાવતું દુધ અને દૂધની બનાવટો ઉતમ ગુણવતા સભર મળતું રહે. દેશના લોકો અને ખાસ કરીને બાળકો કુપોષણનો ભોગ ન બને તે છે માટે સતત ગુણવતા ઉતમ બનતી રહે તેવી સ્વરાજની ઇચ્છા છે.

વાંકાનેરમાં પિપળીયા ગામમાં ઉછરેલી આ સ્વરાજ ડેરી આજે પુરા ગુજરાતમાં ડંકો વગાળી હી છે. તે આપણાં સૌ માટે ગૌરવની ઘડી છે. ઇરફાનભાઇના મને આવનારા થોડાં વર્ષોમાં આ ડંકો પુરા ભારતાં ગુંજશે અને આપણે વધુ ગૌરવ અનુભવીશું. વાંકાનેર અને સૌરાષ્ટ્ર, કાઠીયાવાડના યુવાનો માટે ઇરફાનભાઇ રાજે શેરસીયા પાસેથી ઘણું શિખવા જેવું છે. પોતાની પાસે ઓછો અભ્યાસ હોવા છતાં મજબુત અને રચનાત્મક વિચારોથી આગળ વધી સાહસ અને મહેનતના જોરે ખુબ મોટું કામ કરવાની કાબેલીયત તે ધરાવે છે. જે યુવાનો માટે પ્રેરણાદાયક છે. દરેક યુવાન પોતાના વિચારને વધુ પરિપકવ બનાવે સાહસવૃતિ વિકસાવે અને કંઇક નવું કરવાની નેમ ધારણ કરે તો આપણાં આંગણે અનેક સ્વરાજ જેવા યૂનિટો ઉભા થાય તે નકકી છે.

અરણીટીંબા રોડ ઉપર ૨૦૧૮માં અતિઆધુનિક પ્લાન્ટનું કામ શરૂ કર્યુ. અકલ્પનીય કામ માત્ર એક વર્ષમાં પૂર્ણ કરીને ૧૭-૫-૨૦૧૯ના રોજ જુનો પ્લાન્ટ નવા પ્લાન્ટમાં સ્થળાંતર થયો. આ નવા પ્લાન્ટની ક્ષમતા ૩ લાખ લીટર/દિવસ છે, જયાં હાલમાં પ્રતિ દિન ૪૫,૦૦૦ લીટરનું કામ થાય છે.

25 ગૌરવંતા ગુજરાતી


-નરેન્દ્ર મોદી, -એહમદ પટેલ, -ડૉ. એચ.એમ.ત્રિવેદી, -ડૉ. જે.જે.રાવલ,
-સેમ પિત્રોડા, -અસ્મિતા પટેલ, -મોરારિબાપુ, -ઇલા ભટ્ટ, -જાદુગર કે.લાલ,
-મૃણાલિની-મલ્લિકા સારાભાઈ, -તારક મહેતા, -સુરેશ દલાલ, -લોર્ડ ભીખુ પારેખ,
-ભીખુદાન ગઢવી, -રતિલાલ ચંદરયા, -નિરંજન શાહ, -મનહર-પંકજ ઉધાસ,
-વિપુલ અમૃતલાલ શાહ, -ઓધવજી પટેલ, -અનિલ નાયક, -ગૌતમ અદાણી,
-કરશન પટેલ, -અઝીમ પ્રેમજી, -મુકેશ અંબાણી, -રતન નવલ ટાટા,

કપ્તાનનાં આ 'સિલ્વર જ્યુબિલી' અંકમાં **કપ્તાન**ની ટીમે ૨૫ 'ગૌરવંતા ગુજરાતી'ઓની માહિતી/પરિચય આપવાની કોશિષ કરી છે. કપ્તાનની ટીમ આ ગૌરવંતા ગુજરાતીઓને મળી નથી પણ તેમના વિશે છપાયેલ લેખ/પરિચયમાંથી અને ખાસ કરીને ગુગલનો સહારો લઇને આ ગૌરવંતા ગુજરાતીઓનું સંકલુન કર્યુ છે. -તંત્રી

રાજકારણી

નરેન્દ્ર મોદી

વાહ..ગુજરાત, વાહ મોદી રે



આ માણસના નામની આગળ પાછળ કોઇ વિશેષણની જરૂર નથી. આ નામ હવે કોઇ ઓળખાણનું મોહતાજ નથી. તમે દેશના કોઇપણ ભાગમાં હો, અરે પરદેશની ધરતી પર પણ પગ મુકીને કહો કે અમે ગુજરાતથી આવીએ છીએ એટલે સામેવાળી વ્યકિત તરત જ કહેશેઃ હેં નરેન્દ્ર મોદીનું ગુજરાત ? !

નરેન્દ્ર મોદી ૧૮ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ ઉત્તર ગુજરાતમાં વડનગરમાં માતા હિરાબાની કૂખે એમનો જન્મ થયો ત્યારે કદાચ વિદ્યાતા પોતેય આ બાળકના ભાગ્યના લેખ લખતી વખતે ખૂદ અચંબામાં પડી ગયા હશે : એક માણસ ક્યારેય એટલા જ પ્રેમનો હકકદાર બની શકે ?

નરેન્દ્રભાઇની બાબતમાં એક અવલોકન બહુ જ સાચું છે કે તમે એમને કાં તો ભરપૂર નફરત કરી શકો, કાં તો અનહદ ચાહી શકો. પરંતુ તમે એમને અવગણી તો ન જ શકો !

૭ ઓકટોબર ૨૦૦૧થી આજ દી લગી ગુજરાતની ગાદી પર ભાજપનું એકચક્રી શાસનમાં નરેન્દ્ર મોદીનો મોટો ફાળો છે. મુખ્યમંત્રી બન્યા એ

અહેમદ પટેલ પિરામણનો પટેલ પાવર !



પહેલા કુશળ સંગઠનકાર ગણાતા, સતામાં બેઠા પછી એ સવાયા એડમિનિસ્ટ્રેટર પુરવાર થયા છે. પક્ષનો કાર્યકર્તા હોય કે સરકારનો અધિકારી, સામેવાળી વ્યકિતને ઓળખવાની અને એની પાસેથી કામ લેવાની એમને ગજબનાક સુઝ છે. અપ્રતીમ વકતૃત્વ કલાથી એ લાખોની મેદનીને મંત્રમુગ્ધ કરી શકે છે. ગોધરાકાંડ પછીનાં કોમી રમખાણોને લઇને એમની વૈશ્વિક કક્ષાએ અતિશય વગોવણી થઇ, પણ પોતાની તરફ ફેંકાયેલા પથ્થરોમાંથીય વિકાસની ઇમારત ચણીને એના પર પોતાના નામની તકતી મુકાવવાની કળા એમણે સાધ્ય કરી લીધી છે !

નરેન્દ્ર મોદીનું નામ આજે ગુજરાત સાથે સારી કે નરસી, પણ અભિન્ન રીતે જોડાઇ ચુકયું છે. કદાચ એ એમની સૌથી મોટી ઉપલબ્ધિ છે. નરેન્દ્ર મોદીને ગુજરાતના કુશળ વહીવટ કર્તા અને ભારતમાં નોટબંધી, જી.એસ.ટી. અને છેલ્લે કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવવાની બાબતમાં હમેંશા યાદ રખાશે....

આ માણસે કયારેય સતામાં આવીને મંત્રીપદ ભોગવ્યું નથી. નથી સરકારમાં એ કોઇ હોદ્દા પર, પરંતુ આમ છતાંય એમને મળવા રાતના દોઢ વાગ્યે પણ મુખ્ય મંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને હાઇપ્રોફાઇલ રાજકારણીઓ કલાકો સુધી લાઇનમાં બેઠા હોય છે. કોઇ પણ રાજ્યના મુખ્યમંત્રી, કોઇ પણ પક્ષના નેતા કે દેશના કોઇ પણ અધિકારી કે ઉદ્યોગપતિ પર જસ્ટ, ફોન કોલ આવે છે. આ સાહેબ ગુજરાતમાં આવવાના છે એવી ખબર પડતાં જ ફકત એમની નજરમાં આવવા માટે ગુજરાત કોંગ્રેસનાં નાનામાં નાના કાર્યકર્તાથી માંડીને ટોચના નેતાઓનું કિડિયારું ઉભરાય છે.

આ પિરામણનો પટેલ પાવર છે. ભરૂચ જિલ્લાના નાનકડા પિરામણ ગામમાં જન્મેલા અહેમદ પટેલ આજે ખરા અર્થમાં કોંગ્રેસમાં પાવરફુલ પોઝિશનમાં હોવા છતાંય એમની નમ્રતા અને નિખાલસતા અદના આદમીને સ્પર્શી જાય એવી છે. એ તદન ઓછું બોલે છે ને પ્રસિધ્ધિથી અળગા રહીને ચુપચાપ જરૂરિયાતમંદ લોકોનું કામ કરવામાં માને છે.


૧૯૭૭માં ફકત ૨૮ વર્ષની વયે ભરૂચ બેઠક પરથી લોકસભાની ચુંટણી જીતીને દિલ્હી જનારા અહેમદભાઇ ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી ને રાજકીય સલાહકાર તરીકે સોનીયા ગાંધી સાથે નજીકથી કામ કર્યુ છે. ગાંધી પરિવારના એ અત્યંત વિશ્વાસુ પૈકીના એક રહયા છે. એમને ધાર્યુ હોત તો યુ.પી.એ.ની કેન્દ્ર સરકારમાં શકિતશાળી પોર્ટફોલીયો ધરાવતા મંત્રી બની શકયા હોત, પણ એમણે સતાના બદલે સંગઠનની પસંદગી કરી છે. સાથી પક્ષો રૂઠેલા હોય, સંસદમાં કોઇ બિલ પાસ કરાવવાનું હોય કે સરકાર પર રાજકીય સંકટ તોળાયેલું હોય ત્યારે પટેલ સાહેબ ફાયર ફાઇટરની ભૂમિકામાં હાજર હોય જ. દિલ્હીના પાવર કોરીડોરમાં જે કેટલા જૂજ લોકોનું વજન પડે છે એમાં એમનો સમાવેશ થાય છે.

એમ છતાંય એ ગુજરાતને ભૂલ્યા નથી. નર્મદા યોજના હોય કે ગુજરાતા અન્ય પ્રશ્નો હોય, પટેલ સાહેબે અનેક વખત વીટો વાપરીને ગુજરતનાં હિતમાં નિર્ણયો લેવડાવ્યા છે એ બહુ ઓછા જાણે છે. સંભવત : આ એકમાત્ર એવા રાજકારણી છે, જે આકાશમાં ઉડવા છતાંય પગ ધરતી પર રાખી શકયા છે.

કિડની સ્પેશ્યલિસ્ટ

ડૉ. એચ.એલ.ત્રિવેદી

દરદી મારા સ્વજન



એશિયાની સૌથી મોટી હોસ્પીટલ-અમદાવાદની સિવિલ હોસ્પીટલ.

આ હોસ્પીટલના કેમ્પર્સમાં વિવિધ રોગની સારવારની અલાયદી હોસ્પીટલ છે.એમાંની એક હોસ્પીટલમાં દેશ-વિદેશના દરદીઓની મોટી સંખ્યામાં સતત આવ-જા થતી જોવા મળે. એ છે ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની લીવર અને યુરોલોજીના રોગની સારવાર અને સંશોધનની અત્યાધુનિક હોસ્પિટલની વૈશ્વિક ખ્યાતીના મૂળમાં છે આ હોસ્પિટલના વડા ડો. હરગોવિંદ એલ. ત્રિવેદીનો અથાગ પરિશ્રમ તથા દીર્ઘદૃષ્ટિ સભર સફળ સંચાલન.

શિક્ષક પિતાના પુત્ર હરગોવિંદ ગુજરાતીમાં પ્રાથમિક શિક્ષણ લેતી વખતે જ તબીબ બનવાનો મક્કમ નિર્ધાર કર્યો અને એ પુરો પણ કર્યો. એ પછી અમેરિકા-કેનેડાની હોસ્પિટલમાં પ્રેકટિસ કરી, પણ ઉજ્જવળ અને સુખ-સમૃધ્ધમય કારકિર્દીનો મોહ ત્યજીને એમણે એકઝાટકે નિર્ણય લીધો સ્વદેશ પરત ફરવાનો.


અમદાવાદમાં જે કોલેજમાં ભણયા હતા એ જ કોલેજમાં પ્રાધ્યાપક બનીને નવેસરથી કારકિર્દી શરૂ કરી. એમાં કિડની હોસ્પિટલનો જન્મ થયો. ભારે સંઘર્ષ, વિલંબ, અવહેલનાના માહોલમાં એકલે હાથે ઝઝૂમીને એમણે હોસ્પિટલને આઇકેડીઆરસી નામે વિશ્વવિખ્યાત બનાવી.

ડો. ત્રિવેદીને લાખો દરદી અને એમનાં સ્વજનોના આશિષ મળ્યા છે. અને અઢળક રૂપિયા પણ દરદી અને એમના સ્વજનો આ ઋણ ચુકવવા માટે દર વર્ષે ડો. ત્રિવેદીનો જન્મદિન (૩૧ ઓગષ્ટ) ઉજવે છે. જેમાં ડોકટરને એમની ઉંમરના વર્ષની સંખ્યા જેટલી રકમને હજારના ગુણાંકમાં સ્વેચ્છાએ ભેટ ધરવામાં આવે, જે ડો. ત્રિવેદીએ આ રકમ આઇકેડીઆરસીમાં કાયમ જમા કરાવી નાંખે.!

ડો.જે.જે.રાવલ

ખગોળ ભૌતિકશાસ્ત્રી

ચાંદ-તારાના વિજ્ઞાનની કથા



સુરેન્દ્રનગર નજીકનું હળવદરનગર ચુરમાના લાડુ અને લાડવા મજેથી આરોગવાવાળા લોકો માટે પણ બહુ જાણીતું છે. આ હળવદના એક લાડવાપ્રેમી છોકરડાને મોટા કથાકાર બનવું છે. ઘરમાં કારમી ગરીબી છે.

ત્યાં એના હાથમાં એક પુસ્તક આવી ચડે છે. પ્રસિધ્ધ ગણિતજ્ઞ આર્યભટ્ટનું પુસ્તક વાંચીને આ યુવાનને ગણિત અને વિજ્ઞાનમાં રસ પડવા લાગે છે. આ રસ એને ભણવા માટે મુંબઇ લઇ આવે છે...અને થોડાં વર્ષ પછી દેશને મળે છે એક ખગોળ ભૌતિકશાસ્ત્રી, નામ એનું જિતેન્દ્ર, પણ ધર્મપત્ની સહિત બધાં એને જે. જે. રાવલ તરીકે ઓળખે છે. આ જે. જે. રાવલ એટલે એ મોટા ગજાના માણસ, જેમણે ભારતમાં રહેવા માટે અમેરિકાન સ્પેસ એજન્સી નાસામાં રિસર્ચ માટે જોડાવાની ઓફર ઠુકરાવી હતી.

એપ્લાઇડ મેથેમેટિક્સ અને થિયોરેટિકલ ફિઝિક્સ એ વિષય સાથે સાયન્સમાં પોસ્ટ ગ્રેજયુએશન કરનારા રાવલ સાહેબે એક ફેક્ટરીમાં નોકરી કરી અને થોડો સમય શિક્ષક પણ બન્યા. એ પછી ઉચ્ચ અભ્યાસ માટે કલકતા જવા મળેલી સ્કોલરશીપ એમને ખગોળ વિજ્ઞાન તરફ લઇ આવી. થયું તું એવું કે એ જ અરસામાં મુંબઇમાં નેહરૂ પ્લેનેટોરિયમ શરૂ થવાનું હતું અને રાવલ સાહેબનો એના સ્ટાફમાં સમાવેશ કરવામાં આવ્યો.

બસ, જે. જે. ખગોળશાસ્ત્રના સંશોધનમાં આદુ ખાઇને લાગી ગયા. એમના રિચર્સ પેપર પર ઠેર ઠેર ચર્ચા થવા લાગી અને એમાંય શનિના બહારના ચોથા વલયની એમણે કરેલી શોધને દુનિયાભરમાં જબ્બર પ્રસિધ્ધિ મળી. એ પછી તો જે. જે. એ યુરેનસ અને નેપ્ચ્યૂન નામના ઓર બે ગ્રહને બહારના વલય હોવાનું પણ જાહેર કર્યુ અને એ પુરવાર પણ થયું.

નેહરુ પ્લેનેટોરિયમ ના ડિરેક્ટરપદેથી નિવૃત થયા પછી ડો. રાવલ ઇન્ડિયન પ્લેનેટરી -સોસાયટીના માધ્યમથી વિજ્ઞાન પ્રસારનું ઉમદા કામ કર્યુ છે.



સેમ પિત્રોડા

જીસ્કા નામ હી કાફી હૈ !

સત્યનારાયણ ગંગારામ પિત્રોડા એમ કહીએ તો ઝડપથી ખયાલ ન આવે, પણ સેમ પિત્રોડા અમે કહીએ તો ? બસ નામ હી કાફી હૈ !

સેમ પિત્રોડાનું નામ પડતાં જ ફ્રેન્ચ કટ દાઢી અને માથે ફરફરતા વાળ ધરાવતો ચહેરો નજર સામે તરવરે. આવો એ જ માણસ છે, જેના કારણે ૮૦ના દાયકામાં આપણે એસટીડી-પીસીઓ બૂથ પરથી દૂર દેશમાં વસતાં આપણાં સગા-સ્નેહીઓ સાથે હલ્લો...કરતાં થયા. ભારતની ટેલિકોમ ક્રાંતિના જનક સેમ પિત્રોડાનો દેશને પરિચય કરાવવાનું શ્રેય સ્વર્ગસ્થ વડા પ્રધાન રાજીવ ગાંધીને ફાળે જાય છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ફિઝિક્સ અને ઇલેક્ટ્રોનિક્સ સાથે માસ્ટર ડિગ્રી લીધા પછી શિકાગોમાં સ્થાયી થયેલા સેમને ભારત લઇ આવ્યા. રાજીવ ગાંધી અને પછી જે ચમત્કાર સર્જાયો એ ઇતિહાસ છે.

રાજીવ ગાંધીની હત્યા પછી થોડાંક વર્ષ દિલ્હીથી દૂર રહયા પછી આજકાલ સેમ પિત્રોડા ફરી પાવર કોરીડોરમાં કેન્દ્ર સ્થાને છે. ગાંધી પરિવારના પારિવારિક મિત્ર અને રાહુલ ગાંધીના મેન્ટર એવા સેમ પિત્રોડા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના પબ્લિક ઇન્ફોમેશન ઇન્ફાસ્ટ્રકચર એન્ડ ઇનોવેશન્સના કાઉન્સિલના પણ એ ચેરમેન હતા. નવી દિલ્હીથી શિકાગો વચ્ચે છાશવારે અપ-ડાઉન કરતા પિત્રોડાજી શક્ય છે કે સવારની ચા કોઇ રાજ્યના મુખ્યમંત્રી સાથે પીધા પછી લંચ ક્યાંક ઇન્સ્ટિટ્યૂટમાં લેકચર આપીને લેતા અને ડિનર વળી રાજધાનીમાં પૂર્વ તત્કાલિન પ્રધાન સાથે લેતા હોય !

સેમ પિત્રોડાનો જન્મ ઉછેર ભલે ઓરિસ્સામાં થયો હોય, પણ ઝાલાવાડના ટીકર ગામનો આ સત્યનારાયણ મોટો ટેક્નોક્રેટ બનીને દેશ-વિદેશમાં જ્ઞાનનાં અજવાળાં પાથરે ત્યારે ગુજરાતી તરીકે છાતી અવશ્ય ફૂલે.

અમ્રિતા પટેલ

દીકરીને ઉજાળ્યું મોટું ખોરડું !

ગુજરાતની શ્વેતક્રાંતિની કે ભારતના ડેરી ઉદ્યોગની વાત થાય ત્યારે ડો. વર્ગીઝ કુરીયન પછી એક નામ આવે ને આવે જ. એ નામ એટલે અમ્રિતા પટેલ.

અમ્રિતાબહેનને એચ.એમ.પટેલ સાહેબ જેવા પિતાનો સંસ્કાર વારસો ચોક્કસ મળ્યો, પણ એ નામ કમાયાં પોતાની આવડત અને કુશાગ્ર બુધ્ધિથી. ૧૯૬૫માં મુંબઇની વેટરનરી કોલેજમાંથી ઓનર્સ યા પછી એનિમલ ન્યુટ્રિશનની એડવાન્સ તાલીમ લેવા યુકેની રોવેટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ગયાં. એ પછી તો આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક સંસ્થા સાથે જોડાયાં


૧૯૭૧માં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) માં પ્રોજેક્ટ એક્ઝિક્યુટિવ તરીકે જોડાયા. પછી ૧૯૯૮ થી એનડીડીબી ના ચેરપર્સનપદે એ સેવા આપી. અમ્રિતાબહેનને ડેરી પ્રવૃતિમાં ફક્ત મહિલા સભાસદોની સંખ્યા વધે એના માટે જ નહીં, પણ મહિલાઓ નેતૃત્વ કરવા આગળ આવે એ માટે મહત્વની ભુમિકા ભજવી છે. ઓપરેશન ફ્લડ ને સફળ બનાવવામાં એમણે આપેલા યોગદાનની નોંધ આજેય લેવામાં આવે છે.

પદમભૂષણનો ઇલકાબ પોતાના કામ થકી એમણે યથાર્થ સાબીત કર્યો છે. આ દીકરીએ ખરા અર્થમાં મોટું ખોરડું ઉજાળ્યું છે.



કથાકાર

મોરારિબાપુ રામકથાના એમ્બેસેડર...



મોરારિદાસ પ્રભુદાસ હરિયાણી એટલે કે મોરારિબાપુ. આ નામ કોઇ વિશેષણનું મોહતાજ નથી. છતાંય એમના નામ આગળ પ્રિય થી માંડી પૂજ્ય સુધીનાં વિશેષણ મુકાય છે. મહુવાનું તલગાજરડા ગામ વિશ્વભરમાં જાણીતું થયું છે. મોરારિબાપુના કારણે.

દાદા ત્રિભોવનદાસજી પાસેથી એમને રામાયણના સંસ્કાર મળ્યા અને ૧૯૬૦માં પોતાના જ ગામમાં એમણે પહેલી કથા કરી ત્યારથી એ સિલસિલો શરૂ થયો છે તે આજે એમની રામકથાનો સ્કોર ૭૦૦ વટાવી ચૂક્યો છે. દેશ-વિદેશમાં એમની કથા ધ્વારા અનેક સેવાકિય કાર્ય થયાં છે. મહુવામાં એમની પ્રેરણાથી ગુરૂકુળ ચાલે છે. દર વર્ષે કલા-સાહિત્યને પોષવા અસ્મિતા પર્વ યોજાય છે અને બાપુની જ પ્રેરણાથી કથાકારથી માંડી સાહિત્યકારને વિધિવિધ એવોર્ડથી દર વર્ષે સન્માનવામાં આવે છે. (જો કે ખુદ બાપુ કઇ જ પ્રકારનાં પારિતોષિક, ખિતાબ, બિરૂદ, માન-અકરામ, સવિનય નકારે છે.)

કથાથી એ કદી થાકયા નથી, કારણ કે કથા જ એમના માટે કર્મ છે અને કથા જ વિશ્રામ છે. જેલથી માંડી માનસરોવર તથા સમુદ્રથી માંડી હવાઇ જહાજમાં એમણે કથા કરી છે. અને એના વિવાદોય થયા છે, પણ મોરારિબાપુ એમનું કર્મ કર્યે જાય છે. એ શિક્ષક હતા અને આજે કથાકાર સાથે લોકશિક્ષક છે !



સમાજ સેવિકા

ઈલા ભટ્ટ સેવા મારો જીવનમંત્ર

અભણ, ગરીબ અને અસંગઠિત શ્રમિક મહિલાની પડખે ઉભાં રહીને સોશિયલ વર્કર કે સ્વૈચ્છિક સંસ્થાનું રૂપાળું સ્ટેટસ પામવા આજે ઘણા ઉત્સુક છે. પરંતુ પાંચ દાયકા પહેલાં અમદાવાદની હજારો ગરીબ-અભણ સ્વાશ્રયી બહેનોનો સમાજ કે શાસન ધ્વારા દરકાર લેવામાં આવતો નહોતો અને સમયે અમદાવાદના એડવોકેટ સુમંતરાય ભટ્ટની ઉચ્ચ શિક્ષિત પુત્રી ઇલાએ મજુર બહેનોની પીડા, પરિશ્રમ અને પારિવારિક પરિસ્થિતિ પારખી એમને સંગઠિત કરવાનો પરિશ્રમ આદર્યો. એ કાજે વર્ષ ૧૯૭૨ માં રચાયેલા સેલ્ફ એમ્પ્લોયડ વીમેન્સ એસોસિએશન (સેવા) ના પડઘા પરિણામ અને પરિવર્તનલક્ષી પણ બની ગયા.

ઇલા ભટ્ટે કામ અને કામદારની મૂળભૂત વ્યાખ્યામાં પરિવર્તન આણવાનો તેમજ શાસનના વૈચારિક અવરોધો ભેદીને દેશના અર્થતંત્રમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો છે.

ઇલા ભટ્ટનું બાહુબળ છે. સેવા ની સાડા બાર લાખ જેટલી સભાસદ બહેનો એમના આર્થિક ઉત્કર્ષ માટે ગુજરાતમાં સૌપ્રથમ રચેલી મહિલાઓ માટે મહિલા સંચાલિત સેવા સહકારી બેન્ક ની કાર્યકારી મુડી ૧૨૦ કરોડ જેટલી છે. રોજિંદા વેપાર માટે શેઠ-શાહૂકાર પાસેથી નાછુટકે ઉછીનાં નાણાં લેતી અને દેવું કરવાની આવડત ધરાવતી અભણ સ્ત્રીમાં સેવા બેંકે બચત કરવાની તથા ઓછા વ્યાજે માનભેર ધિરાણ મેળવવાની આદત કેળવી. આરોગ્ય,આવાસ, વ્યવસાય માટે પ્રવૃત સેવાનો વ્યાપ દેશનાં સાત રાજ્યમાં વિસ્તર્યો છે.

રોમન મેગ્સેસે અને રાઇટ લાઇવલીહૂડ એવોર્ડસ સાથે મળેલા રોકડ પુરસ્કારની લાખો રૂપિયાની રકમ એમણે સેવામાં જમા કરાવીને પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

સેવાનાં સ્થાપક અને પૂર્વ જનરલ સેક્રેટરી ઇલા ભટ્ટ કહે છે. મને સફળતા કે નિષ્ફળતાનો વિચાર આવતો નથી. જે ડગ ભર્યુ હોય એ ખોટું ન હોવું જોઇએ એની ખાસ કાળજી રાખું છું, બસ.

જાદુગર કે.લાલ આબરા કા ડાબરા.. છૂ..



વિશ્વમાં અનેકવિધ ક્ષેત્રોમાં પડકાર ઝીલીને પ્રતિષ્ઠા સફળતા પામનારા ગુજરાતીઓમાં કાન્તિલાલ વોરાનું નામ-કામ અજોડ છે.

મોસાળ-સૌરાષ્ટ્રમાં બગસરા પાસેના ગામમાં જન્મેલા શ્વેતાંબર જૈન પરિવારના કલકત્તાવાસી કાપડના વેપારી ગિરધરલાલ વોરાના જ્યેષ્ઠ પુત્ર કાન્તિલાલે મેટ્રિક સુધી ભણીને પરિવાર અને સમાજની દષ્ટિએ નાનપ તથા આમ સમાજમાં મેલી વિદ્યારૂપ ગણાતી જાદુકળા પ્રત્યે પસંદગી ઉતારી હતી. ગુજરાતી કદી જાદુગર ન બની શકે, એવી એક જાદુગરની ટીકાને નવોદિત જાદુગર કાન્તિલાલે પડકાર માની એમાં પરિણામરૂપ સિધ્ધિ હાંસલ કરવા પત્નીના પુષ્પાના દાગીના વેચીને જાદુનાં સાધન ખરીદી ભારે લગનથી સખત પરિશ્રમ આદર્યો. કે. લાલ નું ટૂંકાક્ષરી-આકર્ષક નામ ધારણ કરનારા જાદૂગરોની જમાતનો એ કાળનો સૌથી નાની વયનો જાદુગર કે.લાલ પછીનાં વર્ષોમાં બન્યો વિશ્વવિખ્યાત જાદુસમ્રાટ કે.લાલ.

કે.લાલે પાંચ દાયકામાં દેશ-વિદેશમાં બાવીસ હજારથી અધિક મેજિક શોમાં બે હજારથી વધુ અવનવી આઇટેમ્સ પેશ કરીને વિશ્વ વિક્રમ સર્જ્યો છે.

વર્લ્ડ ફાસ્ટેસ્ટ મેજિશિયન નું બિરૂદ મેળવી અને હજી પણ જાળવી રાખનારા કે.લાલના જાદુના શો ધ્વારા શિક્ષણ, આરોગ્ય, ધર્મ સંહિતની વિવિધ પ્રવૃતિ માટે અંદાજે ૧૩ કરોડ રૂપિયાનું ભંડોળ પણ એકત્ર થયું. જે દેશમાં ભારતીય કલાકારે પરફોર્મન્સ ન આપ્યો હોય એવા અનેક દેશમાં અતિથિ બનીને લાગલગાટ ત્રણ-ચાર વર્ષ સુધી જાદુના ખેલ કરી નામ-દામ-કામ મેળવનારા એ પ્રથમ ગુજરાતી કલાકાર બન્યા. દુનિયાના પરફોર્મિંગ આર્ટસના અનેક નામાંકિત કલાકારોએ પણ કે.લાલની જાદુઇ દુનિયાને માણી છે.

શાસ્ત્રીય નૃત્યાંગના

મૃણાલિની-મલ્લિકા સારાભાઇ નૃત્યનાં બે દર્પણ ...

પદ્મભૂષણ, વિદેશી યુનિવર્સિટી દ્વારા ડી.લિટ પદવી અને નોબેલ ધીસ પ્રાઇઝ માટે નોમિનેશન...

આવાં સન્માન મેળવનારા ગુજરાતીઓમાં એક પરિવાર લકી છે. એ છે અમદાવાદના નગરશેઠની પ્રતિષ્ઠા તથા સંપત્તિનો વૈભવ ધરાવતું સારાભાઇ ફેમિલી. અહીં વાત થઇ રહી છે. ડો.વિક્રમ સારાભાઇનાં પત્ની ડો. મૃણાલિની અને એમની વિખ્યાત પુત્રી ડો. મલ્લિકાની.

યુકેની એક જ યુનિવર્સિટીમાંથી ડી. લીટ પદવી મેળવનારાં આ માતા-પુત્રી (મૃણાલિની-મલ્લિકા) વચ્ચે ઓર એક સામ્યતા પણ છે-વિખ્યાત શાસ્ત્રીય નૃત્યાંગના, આ માતા-પુત્રીએ ઇન્ડિયન કલાસિકલ ડાન્સ અને કન્ટેમ્પુરરી ડાન્સને સાંકળીને પ્રાચીન અને સાંપ્રત વિષયોના કથાનકને અદભુત રીતે દેશ-વિદેશમાં પેશ કર્યા છે.

અમ્મા નામે પણ જાણીતાં મૃણાલિનીબહેન ભરતનાટયમ -મોહિની અટ્ટમનાં પારંગત નૃત્યાંગના છે. ૩૦૦ જેટલા ડાન્સ ડ્રામાનાં કોરિયાગ્રાફર અને ડ્રાન્સર મૃણાલિનીએ નોવેલ, બાળવાર્તા લખી છે. કળા સંસ્થા દર્પણ અકાદમી ઓફ પરફોર્મિંગ આર્ટસનાં એ સ્થાપક ડિરેકટર હવે દર્પણનાં ડિરેકટરનું સુકાન એમનાં કલાકાર પુત્રી ડો. મલ્લિકા સંભાળે છે.

ડો. મલ્લિકાને થવું હતં પોપ્યુલેશન ઇકોનોમિસ્ટ, પરંતુ



એમણે એમબીએ અને પી.એચ.ડી. થઇને માતાના રાહે કળા ક્ષેત્રને પોતીકું કર્યુ.

ભરતનાટયમ અને કુચીપુડીમાં પારંગત મલ્લિકાએ ભવાઇ, પપેટ સંગીતને પણ મૌલિક રીતે સાંકળીને સમાજ અને શાસનના પ્રશ્નોને રજૂ કર્યા છે. છ ભાષાનાં જાણકાર પદ્મભૂષણથી સન્માનિત ડો.મલ્લિકાના નામે બે ગુજરાતી, આઠ હિંદી, બે અંગ્રેજી અને એક ફ્રેન્ચ ફિલ્મ બોલે છે. એમને વિશેષ ખ્યાતિ તો પીટર બ્રુકસ દિગ્દર્શિત ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષામાં ભજવાયેલા ડાન્સ-ડ્રામા ધ મહાભારતમાં દ્રોપદીનાં અદભુત અભિનયથી મળી.


તારક મહેતા હાસ્યનો પર્યાય

ટપુડો...કોણ નથી જાણતં આ લાડલું નામ ?

ગુજરાતીભાષી ટપુડાની સાથે તોફાની અને તારક મહેતા એમ બે શબ્દ સાહજિક રીતે જોડાઇ ગયા છે. તારક મહેતા છે ચિત્રલેખામાં લાગલગાટ ૩૯ વર્ષથી પ્રકાશિત થતી લોકપ્રિય કટાર દુનિયાને ઉંધાં ચશ્માંના લેખક. આ કટારના કાલ્પનિક છતાંય વાચકોને પોતીકાં બનાવેલાં મુંબઇનાં માળાવાસીઓ ટપુ, જેઠાલાલ, પોપટલાલ, વચલી વગેરે લોકપ્રિય પાત્રોના સર્જક. ચિત્રલેખાનાં પાનાં પરનાં એ પાત્રોની ખ્યાતિ હવે ટીવી પડદે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા હિંદી ટીવી સીરિયલ રૂપે દેશ-વિદેશમાં પ્રસરી છે.

અમદાવાદના તોફાની વિસ્તાર ખાડિયામાં જન્મેલા તારક મહેતાના નામે ૮૧ ગુજરાતી પુસ્તક બોલે છે. બહુધા હાસ્યરસનાં અને નાટકો પણ ખરાં તેમજ પોતાની જાતને વાચક રાજા સામે ખુલ્લે ખુલ્લી કરી દે એવી એમની આત્મકા-એંકશન રીપ્લે (વર્ષ ૧૯૯૬) પણ ખરી, જેમાં પણ રિ-પ્લે (બીજી આવૃતિ -પુનઃમુદ્રણ) થયું.

એકવડિયા બાંધાના નાગર ગૃહસ્થ તારકરાય જયેન્દ્રરાય મહેતાની નસનસમાં અને વાણી-વ્યવહારમાં હાસ્ય વ્યાપ્યું છે, પણ વાસ્તવિક જીવન કરૂણા અને સંઘર્ષથી ભરપૂર રહયું. જન્મના પહેલા પખવાડીયામાં માતા મનહરગૌરીનો કાયમી સાથ ગુમાવીને મોસાળમાં ઉછરેલા તારકભાઇએ ટ્રેજેડીમાંથીય કોમેડીની નજર કેળવી અને વિકસાવી. વાંચન, લેખન, અભિનય અને ફિલ્મો જોવાનો શોખ તથા મુંબઇમાં સ્થાયી થવાનો ચસકો પૂરો કરવા સંઘર્ષ કર્યો. સાંધ્ય અખબારમાં પત્રકાર અને પછી ફિલ્મ્સ ડિવિઝન માં ૨૭ વર્ષ સુધી કોમેન્ટ્રી રાઇટર તરીકેની સરકારી નોકરી. એ સાથે લેખનકળાને હસ્યની દિશામાં પ્રસારી.



વયના કારણે જન્મેલી કેટલીક શારીરિક પીડા તથા આહાર-વિહાર-આરામનું અવળું સમયચક્ર તારકભાઇના તરોતાજા વિચાર અને એમના હાસ્યલેખનને આજે પણ અવરોધી શક્યું નથી. એમ તો ચિત્રલેખાની લોકપ્રિય કટાર દુનિયાને ઉંધાં ચશ્માં ના માળાની માયાવી સૃષ્ટિની પણ ક્યાં નકલ થઇ શકી છે.

સુરેશ દલાલ સાહિત્યની અદા ઉજવાની સુદ



તમે કહો તો હા, ના કહો તો નહી, અમે તમારે કોરે કાગળ કરી આપીએ સહી, જેમને સહી કરતાં ક્યારેય ફાવી નથી, પણ શબ્દો અવતારવા કાયમ ફાવ્યા છે. એવા આ સર્જક લોકપ્રિય હોય એમાં કોઇ આશ્ચર્ય નથી અને સંશય તો છે જ નહીં.

સાહિત્યકારોની ઇમેજમાં સોફેસ્ટિકેશન લાવનારા અને કવિતાને બાઇજજત લોકો સમક્ષ લઇ જનારા સુ.દ.ની વાણી નાયગરાના ધોધ જેવી. સજજતા અને સ્પષ્ટતાનું બીજું નામ સુરેશ દલાલ લક્ઝરની કાળી શાહીની પેનથી લીટીવાળા ફુલસ્કેપ પર કાવ્યો લખે ત્યારે વાચકને મજા પડે, પરંતુ એ પહેલાં કમ્પોઝરે એને ઉકેલવાનાં હોય છે. જો કે સુ.દ.ને ખરાબ અક્ષરોનો કોઇ વસવસો નહીં અને સારા લેખોની ઉજાણી પણ નહીં. હા, એમની ઉજાણી એટલે સાંકર વગરની સરસ મસાલા ચા (જે પહેલા જામનગરી પેટિસ-કચોરીને પારસી ડેરીની ભેળમાં વિલસતી હતી) કમ્પ્યુટરના કી-બોર્ડથી થાક લાગે એવી સ્પીડમાં લેખ ડિક્ટેટ કરવાની એ સાહચબી માણે.

મુઠ્ઠીભર ટીકાકારો હોય કે હજારો પ્રશંસકો, બન્ને સ્થિતિમાં સમતોલ, શબ્દોના સ્વામી, સ્વભાવનાં હંમેશા શુભની કામના, ઇશ્વર પર અપાર શ્રધ્ધા, વાઇબ્રેશન પોઝિટિવ...હા, એમના બે મહાન અવગુણ છેઃ ત્વરિત કામ પાર પાડવાની જુવાન ઉત્કંઠા અને સમય સાચવવાની બેચેન કરી મુકનારી ચીવટ એમાં વટનો સવાલ ન હોય, જબાનની કિંમત હોય સમયની સાથે સંબંધોને સાચવામાં માહેર, જેનો હાથ પકડે એને છોડે કે તરછોડે નહીં. કે સી. કોલેજની પ્રોફેસરીથી શરૂ થયેલી સાહિત્યયાત્રા મારી બારીએથી ઝલક અને હયાતીના હસ્તાક્ષાર જેવી કટારોમાં હજી વિહરી રહી છે. છેલ્લા ચાર દાયકામાં કવિતાના એકમેવ તંત્રી તરીકે એમણે સેંકડો કવિઓને મનગમતી મુદ્રિત યાદો આપી.

ગણયા ગણાય નહીં એટલાં અઢળક પારિતોષિક પામનારા સુરેશ દલાલ નામની એક નદીના અનેક ફાટા પડે- કાવ્ય, નિબંધ, લેખ, આસ્વાદ, અનુવાદ, વિવેચન, સંપાદન, પ્રવચન..ઇમેજ પબ્લિકેશન્સ શરૂ કરી સુઘડ મુદ્રણનો કન્સેપ્ટ એમણે વહેતો કર્યો, જેના પ્રકાશન વિશે વિચાર પણ ન આવે અને આર્થિક રીતે પોસાય નહી એવા વિષયો પર સંપાદનો પ્રગટ કર્યા. ઘરમાં ગણયા ગણાય નહીં, વિણયા વીણાય નહીં, દિવાલોને મને-કમને ઢંકાવું પડે એટલાં પુસ્તકો, સુ.દ.ને શરીર છેતરે કે આંખ મનોબળે કદી છેતર્યા નથી એટલે તો સક્રિય સર્જકતા સુરેશ દલાલના નામે આપણી વચ્ચે, આપણી પાસે ઝળહળી રહી છે.

શિક્ષણશાસ્ત્રી

લોર્ડ ભીખુ પારેખ

જ્ઞાન વિશ્વનું ગુજરાતી અજવાળુ



૧૯૩૫માં વલસાડ જિલ્લાના અમલસાડ ગામમાં અમેનો જન્મ થયો ત્યારે અમલસાડ સહિત સમગ્ર ભારતમાં બ્રિટિશરોના ઉમરાવગૃહની આણ ફરકતી હતી. મજાની વાત એ છે કે થોડાંક વર્ષો પછી એ જ વ્યકિતને બ્રિટિશ સલ્તનત આદરભેર, માનભેર લોર્ડનો ખિતાબ આપીને ઉમરાવગૃહમાં સ્થાન આપે છે !

નામ છે એમનું લોર્ડ ભીખુ પારેખ. ફકત ભારત કે બ્રિટન જ નહીં, દુનિયાભરનાં રાજદ્વારી વર્તુળો, બૌધ્ધિકો અને નિષ્ણાતો જેમનાં લખાણોની ગંભીર નોંધ લે છે. અને જેમનાં લખાણો વૈશ્વિક વર્તુળોમાં ચર્ચાર્ય છે એવા લોર્ડ ભીખુ પારેખ જ્ઞાનવિશ્વનું ગુજરાતી અજવાળું છે.

વિશ્વની અતિ પ્રતિષ્ઠિત યુનિવર્સિટી સાથે સંકળાયેલા પ્રોફેસર ભીખુ પારેખના ગાંધી અને માર્કસ પરનાં લખાણ ખુબ આવકારવામાં આવ્યાં.

ગાંધી અને લાદેન વચ્ચે એમણે રચેલો કાલ્પનિક સંવાદ પણ ખુબ ચર્ચાયો. બ્રિટનની રાજનીતિમાં સક્રિય રહીને એમણે બ્રિટિશરોની રંગભેદની નીતિ સામે લડત આપી. ઘર આંગણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં એ વાઇસ ચાન્સેલર રહયા. આજે યુનિવર્સિટીની શાન ગણાતી ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આટસ અને ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ એમની જ દેણ છે.

ભીખુભાઇને બીબીસી એ લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ આપીને નવાજયા છે. આવાં તો અનેક માન ભીખુભાઇના નામ સાથે જોડાતાં સન્માનિત થયાં છે. ખરેખર, આ લોર્ડ ભીખુ પારેખ ખરા અર્થમાં મેઘધનુષી ગુજરાતી છે.

લોકસાહિત્યકાર

ભીખુદાન ગઢવી

જીભે વસ્યાં છે સરસ્વતી...



ભીખુદાન ગઢવી એટલે લોકસાહિત્યના બિગ બી. જુનાગઢમાં એ વકીલની ઓફીસમાં નોકરી કરતાં, પણ એમનો જીવ લોકસાહિત્યનો, એમના મામા કવિ, પિતા લોકસાહિત્યના જાણતલ. એસએસસી. સુધી ભણેલા ભીખુદાન આજે લોકસાહિત્યના ડોકટરેટ ગણાય. એ મંચ પરહોય તો આખો માહોલ જીવંત બની જાય. લોકકથા પ્રસંગોની માંડણી એ એવી રીતે કરે કે આમ આદમીથી અમીર સુધીના બધા ભાવવિભોર થઇ જાય. પળમાં હસાવે અને અને પળમાં રડાવે એવી કલા એમને હાથવગી છે. એમનો વન મેન-શો માણવા જેવો હોય છે. ભીખુદાન લોકસાહિત્યને એ કક્ષાએ લઇ ગયા છે, જયાં માલધારીથી માંડી મહાચિંતકનેય મજા આવે.

મોરારિબાપુ એમને ગમે છે અને મોરારિબાપુ પણ એમના જુનાગઢ પાસેના ઘર ભરતવનમાં વર્ષે એક વાર જરૂર આવે છે. આ બાપુ એમ તો સમાજ સેવાય કરી જાણે છે. એમને કાગ થી માંડી સાહિત્ય એકામીના એવોર્ડ મળ્યા છે. મહર્ષિ રમણથી માંડી જે.કૃષ્ણમૂર્તિને વાંચવા એમને ગમે છે. દેશ-વિદેશમાં સેંકડો હજારો કાર્યક્રમ થયા છે. અને અનેક ઓડિયો-વિડીયો આલબમ બહાર પડયા છે. કલાના જીવ ભીખુદાન વારંવાર પ્રાર્થના કરતા રહે છે:

હે પ્રભુ આ જગતને સુધારજે, પણ શરૂઆત મારાથી કરજે...

સમાજસેવક

રતિલાલ ચંદરયા

ભાષા માટે જીવતો માણસ...



લંડનવાસી રતિલાલભાઇ ચંદરયાની મોટી ઉંમર હોવા છતા પણ એમનું જોમ અને પ્રવૃતિ જુવાનીયાને શરમાવે એવી.! એમની શ્રવણશકિત અને દ્રષ્ટિ ક્ષીણ થઇ ગઇ હોવા છતાં પણ ધાર્મિક-પ્રવૃતિમાં સતત રચ્યા પચ્યા રહે.

એમનો જન્મ ભલે નૈરોબીમાં થયો હોય અને ભલે એ વિદેશમમાં વસતા હોય પણ એમનો ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ ગજબનો,ગુજરાતી ભાષાના વિકાસ, પ્રસાર અને એને ટકાવી રાખવા માટે એમણે અનેક યોજના સફળતા પૂર્વક પાર પાડી.

વિન્ડોઝ જેવી ગુજરાતી ઓપરેટિંગ સિસ્ટમ ઉત્કર્ષ તૈયાર કરી તથા ઇન્ટરનેટ આધારિત ગુજરાતી શબ્દકોશ તૈયાર કરવાની પહેલ કરી, એ ઉપરાંત એમણે ભગવદ્ગોમંડલ નું ડિજિટલાઇઝેશન પણ કર્યુ. આજે એની કોપી અમેરિકાની સંસદની લાઇબ્રેરીમાં પણ મુકવામાં આવી છે. એ ઉપરાંત, ગુજરાતી ભાષાના પ્રસાર વિશે ખુબ મહેનત કરી અને એમના અનેક પ્રોજેક્ટ કર્યા.

રતિલાલભાઇનું માધ્યમિક સ્તર સુધીનું જે કંઇ શિક્ષણ થયું છે એ નૈરોબી અને મોમ્બાસામાં થયું છે. એ ભણયા ભલે ઓછું હોય, પણ એ ગણયા બહુ છે. એક સમય એવો હતો, જયારે એમનો વેપાર-ધંધો માત્ર કેન્યા પુરતો આધારિત હતો એમની ઇકોમીટી આજે એમના ગ્રુપનો ફેલાવો વધુ દેશોમાં છે. યુરોપ, આફ્રિકા અને અમેરિકામાં એમનો વેપારી હીત છે.એમના ત્રણ પુત્રો અને પૌત્રો આવડો મોટો કારોબાર સંભાળે છે.


રતિલાલભાઇ અનેક સામાજિક અને ધાર્મિક પ્રવૃતિ સાથે વર્ષોથી સંકળાયેલા રહયા. માત્ર ભારતના જ નહીં આફ્રિકા, એશિયા, બ્રિટન, કેનેડા સહીતના અનેક દેશમાં એમના આ સેવાભાવી કાર્યો ચાલે છે.

એમનું અનાર્ડ ફાઉન્ડેશન ભારતમાં ગરીબો અને ખેડૂતો માટે કામ કરે છે. એ ઉપરાંત આ ફાઉન્ડેશન જળસંચય વિશે પણ જાગરૂકતા ફેલાવે છે. ગુજરાતની તીર્થભુમિ પાલિતાણામાં ઓસવાલ યાંત્રિક ગૃહના અને જામનગરના હાલારો વિશા ઓસવાલ દેરાસર ટ્રસ્ટના એ પણ ટ્રસ્ટી રહયા છે. આ ઉપરાંત જૈન ધર્મ વિશે વિશ્વને સજાગ કરવાના એમના પ્રયત્ન સતત રહયા.

બહુ ઓછા દેશ એવા હશે, જયાં રતિલાલભાઇએ પગ મૂક્યો ન હોય. એ કહે છે સુખેથી જીવવું અને બીજાને સુખેથી જીવવા દેવા એ એમના જીવનનો સિધ્ધાંત રહયો છે, તેમની એમનું જીવન ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસારમાં જ ગાળવાની ઇચ્છા વ્યક્ત કરેલ.

નિરંજન શાહ

વહીવટના કેપ્ટન



એક જમાનો હતો, જયારે ક્રિકેટમાં સૌરાષ્ટ્રનાં રાજા-રજવાડાનો દબદબો હતો. એક જમાનો એવો આવ્યો કે જેમાં ભારતીય ક્રિકેટમાંથી સૌરાષ્ટ્રનો એકડો નીકડી ગયેલો. પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી સૌરાષ્ટ્રના-રાજકોટનાં નિરંજન શાહે, ક્રિકેટ જગતમાંથી નામ કાઢ્યું છે. જો કે નિરંજન શાહ ક્રિકેટ કરતા ક્રિકેટ એડમિનિસ્ટ્રેટર તરીકે વધુ જાણીતા બન્યા છે.

જૈન પરિવારમાં જન્મેલા નિરંજનભાઇને બનવું તું ડોકટર જામનગર મેડિકલ કોલેજમાં એડમિશન પણ લઇ લીધેલું. હોમ સિકનેસના કારણે પાછા આવ્યા અને ઘર આંગણે પરિવારના જયહિંદ અખબાર જુથના કારણે સૌરાષ્ટ્રમાં જયાં રણજી મેચ હોય ત્યાં એ જાય એમાંથી ક્રિકેટનો રંગ ચડયો. વ્યાયામ શાળામાં જાય એટલે ફિટનેસ સારી, જે આજે ૬૫ વર્ષ પછીય બરાબર છે.

સ્થાનિક ક્રિકેટથીએ રણજી ટ્રોફીમાં પહોંચ્યા સૌરાષ્ટ્રની ટીમના ૧૯૭૨-૭૩માં કેપ્ટન બન્યા. તેઓ ખેલાડી તરીકે એ સફળ નહોતા એટલે ક્રિકેટ રમવું છોડયું. પણ જયાં જયહિંદ પરિવારનું વર્ચસ્વ હતું એ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિએશનમાં જોડાયા. કેપ્ટનપદ છોડયા પછી આ સંગઠનમાં સેક્રેટરી બન્યા. ૩૭-૩૮ વર્ષથી એ સેક્રેટરી છે અને આગળ વધી ૧૯૯૧-૯૨ માં બીસીસીઆઇ (બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન્ડિયા) ના જોઇન્ટ સેક્રેટરી બન્યા. ૨૦૦૧-૨૦૦૨ માં સેક્રેટરી.

ક્રિકેટમાં કોમર્શિયલાઇઝેશનના યુગના મંડાણમાં એમનો હિસ્સો છે. દાલમીયા પછી શરદ પવાર સાથે એમણે નમૂનેદાર કામગીરી કરી ક્રિકેટ એડમિનિસ્ટ્રેટર તરીકે એમને હોલ ઓફ ફેઇમમાંય સ્થાન મળ્યું. ક્રિકેટના મેદાનમાં નિષ્ફળ જનારા નિરંજનભાઇ મેદાનબહાર સફળ રહયા. વાણિયાનો દીકરો વેપારમાં સફળ ન જાય તો જ નવાઇ. રાજકોટને આજે અત્યાધુનિક સ્ટેડિયમ મળ્યું છે. એનો યશ એમને આપવો પડે. રૂપિયા ૫૦ કરોડના ખર્ચે આ સ્ટેડિયમ તૈયાર થયું છે. જે તેમનો વતન પ્રેમ છે.

મનહર ઉધાસ-પંકજ ઉધાસ હમ તુમ્હે ચાહતે હૈં ઐસે...



અગિયાર વર્ષની વયે જેતપુર ગામના એક ગંગાએ અબ મરે પ્યારે વતન... ગાઇને એકાવન રૂપિયાનો પુરસ્કાર ગજવે કર્યો ત્યારે જ એ બાળકની કારકિર્દી ઘડાઇ ગઇ હતી...

૧૮ મે, ૧૯૫૧ માં જેતપુરમાં જન્મેલા પંકજ ઉધાસની સુરસફર ૧૯૮૦ આહટ નામના આલબમ સાથે શરૂ થઇ. જે આજેય અવનવા મુકામ સર કરતી સ્થિર ગતિએ ચાલી રહી છે. દેશ -વિદેશમાં સેંકડો શો, કંઇ કેટલાં આલબમ્સને કંઇ કેટલીય ફિલ્મમાં પ્લેબેંક બાદ આજેય એમનો લોકપ્રિયતા અકબંધ રહી છે. આજે પણ સ્ટેજ પર એમના આગમન સાથે ઓડિયન્સમાંથી જાતજાતની ફરમાઇશની કિકિયારી વહેતી થવા માંડે છે.

પંકજભાઇ, ચિઠ્ઠી આયી હૈ... પંકજભાઇ, દ્િવારો સે મિલ કર રોના...પંકજભાઇ, ઔર આહિસ્તા કીજીએ બાતેં...

સુરીલી ગઝલગાયકી ઉપરાંત પંકજભાઇ બે ઉમેદા પરોપકારી પ્રવૃતિ કરે છે. ૧૯૮૧ માં પિતાનું કેન્સરની બીમારીમાં અવસાન થયું. ત્યારથી કેન્સરના દરદીઓના ઇલાજ તથા એમના પુનઃવસવાટ માટે કામ કરતી કેન્સર પેશન્ટસ એઇડ અસોસિયેશન નામની સંસ્થાને તથા થેલેસેમિયા નામની ગંભીર બિમારીના દરદીઓના લાભાર્થે દેશ-વિદેશમાં શો કરી ભંડોળ મેળવી આપે.

વિજ્ઞાનના સ્નાતક પંકજભાઇએ વારસાગત બીમારી થેલેસેમિયા વિશે એટલો ઉંડો અભ્યાસ કર્યો છે કે, એના પર એક માહિતીપ્રદ પુસ્તક લખી શકે. કહેવાનું તાત્પર્ય એ કે એ માત્ર શો કરીને ફંડ જ ઉઘરાવી નથી આપતા, બલકે આ બીમારીથી પોતાનાં બાળકો-દરદીઓની પીડા સમજી એને લોકો સમક્ષ મુકે છે.

રાજકોટની એક સહકારી મંડળીના રજિસ્ટ્રાર કેશુભાઇ ઉધાસના ત્રણ દિકરા-મનહર, નિર્મલ, પંકજ, પંકજ જો અઢળક શો અને આલબમ્સથી સરહદ સીમાડા ઓળંગી ગાય તો સૌથી મોટા મનહરની કંઇસ વાત નીકળી એમનો પોતાનો એક વિશાળ ચાહકવર્ગ છે.

આપણને ગમે કે ન ગમે, પણ હકીકત એ છે કે એક જમાનામાં મનહર ઉધાસને વોઇસ ઓફ મુકેશ તરીકે ખ્યાતિ મળતી, ૧૯૬૯માં મનોજકુમારને ચમકાવતી વિશ્વાસ ફિલ્મનું એક ગીત એમણે મુકેશજીની અવેજીમાં રેકોર્ડ કર્યુ.નક્કી એવું થયેલું કે પાછળથી મુકેશજીનો અવાજ એના પર ડબ કરાવી લેવો પણ મુકેશજીએ એ ગીત સાંભળ્યું ત્યારે એમ કહયું હવે આને બદલવાની કંઇ જરૂર નથી આ જ રાખો.

એ ગીત હતું : આપસે હમકો બિછડે હું એક ઝમાના બીત ગયા.

પછી તો અભિયાન (લૂંટે કઇ મન કા નગર..)થી લઇને કુરબાની (હમ તુમ્હે ચાહતે હૈ ઐસે..) આપ તો ઐસે ન થે (તુ ઇસ તરહ સે મેરી ઝિંદગી મે શામિલ હૈ...)જાંબાઝ(હર કિસી કો નહીં મિલતા) વગેરે ફિલ્મોમાં ચારસોથી વધુ ગીત સાથે મનહરભાઇનો ગાયકી અવનવી ઉંચાઇ સર કરતી ગઇ.

જો કે ૧૩ મે ૧૯૪૩ ના રોજ સાવરકુંડલામાં જન્મેલા મનહરભાઇને સલામ ભરવી જ રહી.. માતૃભાષાની અઢળક ઉમદા રચનાને ઘર ઘરમાં પહોંચાડવા માટે શૂન્ય પાલનપુરીથી લઇને અમૃત ઘાયલ સાહેબ જેવા માતબર ગુજરાતી શાયરોની અપ્રતિમ રચનામાં સ્વરાંકન એ મનહરભાઇએ આપણા પર કરેલી મોટી મહેરબાની છે. આગમન થી લઇને આલાપ, આફરીન, અમૃત, આરંભ, આભાર, અક્ષર જેવા અઢળક આલબમને શાંત ઝરૂખે વાટ નીરખતી છે. ઘણા એવા કે જેઓ યુગને પલટાવી ગયા. ધી લઇને નયનને બંધ રાખીને મે જયારે તમને જોયાં છે...જેવી એમની રચના દેશ-દુનિયાનાં ગુજરાતી ઘરોમાં ને મોબાઇલ ફોન્સનો કોલર ટ્યૂન્સમાં ગુંજે છે. -ડિયર મનહરભાઇ, પંકજભાઇ, હમ તુમ્હે ચાહતે હૈ ઐસે...

વિપુલ અમૃતલાલ શાહ

બોલીવૃડનો કચ્છી કિંગ !



ચૌદ વર્ષના જાતે વહોરી લીધેલા વનવાસ બાદ એ યુવાન નિર્માતા દિગ્દર્શક ફરી એક વાર રંગભૂમિ પર એન્ટ્રી મારવાનું નકકી કરે છે. ઓગષ્ટ-૨૦૧૦માં નિર્ણયનો અમલ થાય છે. હિંદી નાટક બસ એક ખ્વાબનું મુંબઇમાં મંચન થાય છે ને એના પ્રારંભિક શોમાં બચ્ચન પરિવાર સહીત બોલીવૂડનાં અનેક મોટા નામ આ તખ્તાને પુનરાગમનને વધાવી લેવા ઉમટે છે...

કચ્છ-માંડવી નાગલપુરના વીશા વણિક અમૃતલાલ શાહના પુત્ર વિપુલને કોલેજથી જ નાટકચેટકનો રંગ લાગી ગયેલો. માત્ર બાવીસ વર્ષની વયે એણે નાટય નિર્માણમાં ઝંપલાવ્યું. કમનસીબે, પ્રથમ ગ્રાસે મક્ષિકાના ન્યાયે નાટક સરેઆમ નિષ્ફળતાને વર્યુ. જો કે વિપુલે હિંમત હાર્યા વિના થોડા સમય બાદ આંધળો પાટો નું નિર્માણ કર્યુ, એની ચતુરાઇ પુર્વક જાહેરાત કરીને સફળતા એની મુઠીમાં હતી.

આ જ આંધળો પાટો નાટક લઇને વિપુલ તથા નાટકના લેખક અતિશ કાપડીયા મહાનાયક અમિતાભ બચ્ચન પાસે ગયા. વાર્તા સંભળાવીને આંધળો પાટો પરની બનેલી આંખે ફિલ્મ દ્વારા વિપુલનો બોલીવૂડ પ્રવેશ થઇ ગયો. જો કે એ પહેલાં એણે એક ગુજરાતી ફિલ્મ સર્જી: દરિયાછોરું !

છેલ્લા એક દાયકામાં વિપુલે આંખેથી લઇને લંડન ડ્રીમ્સ જેવી પાંચ ફિલ્મ ડિરેકટ કરી જયારે ટિકિટ બારી પર જબરદસ્ત વકરો કરનારી સિંઘ ઇઝ કિંગનું નિર્માણ કર્યુ ને ટેલિવિઝન ક્ષેત્રે ઇતિહાસ સર્જનારી સિરિયલ સપનાં નાં વાવેતર (હિંદી : ઇક મહલ હો સપનોં કા) પણ આપી.


અમિતાભ બચ્ચન, ઓમ પુરી, પરેશ રાવલથી લઇને અક્ષયકુમાર, સલમાન ખાન, અજય દેવગન, ઐશ્વર્યા રાય-બચ્ચન, પ્રિયંકા ચોપરા, કેટરિના કૈફ, અસિન જેવાં ટોચનાં સ્ટાર્સ સાથે કામ કરનારો વિપુલ હાલે બે ફિલ્મ સાથે તૈયાર છે. અક્ષયકુમાર-ઐશ્વર્યાને ચમકાવતી એકશન રિપ્લે તથા પત્ની શૈફાલી શાહ-રાહુલ બોઝને. ચમકવાતી કુલ લવ જૈસા, ઉપરાંત તમિળ ફિલ્મ કાકકા કાકકા ને હિંદીમાં બનાવવાની પણ બનાવી છે.

વિપુલ કહે છે, હું જાતમહેનતે આ સ્થાને પહોંચ્યો છું. બોલીવૂડમાં મારા કોઇ ગોધફાધર નથી. મારે માટે મહત્વનો છે, પ્રેક્ષક અંતે ધાર્યુ પ્રેક્ષકનું જ થાય છે. એ રાજી તો આપણે રાજી, આ ઇન્ડસ્ટ્રીમાં ટકી રહેવાનો એક જ મંત્ર છે-હિટ ફિલ્મ આપો. પ્રેક્ષકોને રાજી રાખો.

ઉદ્યોગપતિ - સમાજ સેવક

ઓધવજી પટેલ

સમયથી આગળ..



મોરબીના ચાચાપર ગામમાં જન્મેલા ઓધવજીભાઇ રવજીભાઇ પટેલ ઓ.આર.પટેલ તરીકે અને એમના ઉદ્યોગો ઓરપેટ તરીકે જાણીતા છે. મૂળ શિક્ષક એવા ઓધવજીભાઇએ ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને અનેક વિઘ્નોમાંથી પાર થઇ સફળતાને વર્યા.

ઓઇલ એન્જિનથી શરૂઆત, પછી મોરબી જેના માટે પ્રખ્યાત છે એ ઘડિયાળ ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને અજંતા બ્રાન્ડ વિશ્વ પ્રસિદ્ધ બની.આજે એમનું ઓરપેટ જુથ ઘડિયાળ,કેલકયુલેટર, ટેલિફોન વિટ્રિફાઇડ ટાઇલ્સમાં નંબર-વન ગણાય છે. હવે આ જૂથમાં એમના પુત્રો કામકાજ સંભાળે છે. અને મોબાઇલ ફોનથી માંડી ઇ-સ્કુટર સુધી વ્યાપ વધ્યો છે. મધ્યમ વર્ગને પોસાય એવી ઇકોનોમી રેન્જ પ્રોડકટ લાવવાનો યશ ઓરપેટ જૂથને જાય છે.

ચીનનાં ઉત્પાદનોને પણ એ હંફાવે છે. મોટી મલ્ટિનેશનલ કંપનીઓ પણ એમની સાથેની સ્પર્ધામાં હાફી જાય છે. આ જૂથની બીજી વિશેષતા એ છે કે એના ૯૦ ટકા કર્મચારી મહિલા છે. મોરબીથી માંડી ભચાઉ સુધીના ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા ઉથ્થાન માટેનું એક કારણ આ જૂથ બન્યું છે.ઓધવજીભાઇ નિવૃત થઇને ઓરપેટ ટ્રસ્ટ થકી શિક્ષણ, ગ્રામ ઉત્થાનમાં અને જળ સંચયના કામ કર્યા છે. જેમને લીધે લોકો આજે પણ તેમને યાદ કરે છે.

અનિલ નાયક

શિક્ષકપુત્રનું પાકકું એન્જિનિયરીંગ



ઘડિયાળના કાંટા સવારે ૮:૩૦ મિનિટ પર પહોંચે અને અનિલ નાયક મુંબઇમાં હોય તો એમની કાર પવઇની એલ એન્ડ ટી ઓફીસની બહાર અચુક પાર્ક થયેલી જોવા મળે. લાર્સન એન્ડ ટુબ્રો કંપનીના ચેરમેન અનિલ નાયકનો લગભગ સાડાચાર દાયકાથી આ નિયમ. પાંચ મિનિટ વહેલા પહોંચે એ ચાલે, પણ મોડા તો કયારેય નહીં જ. પોતાની કેરિયરની શરૂઆતમાં ૨૧ વર્ષ સુધી એક પણ રજા નહીં લેનારા અનિલ નાનયકને કામના સ્થળે ચાલશે કે ચલાવી લેવું આ બે શબ્દની સખત એલર્જી. કામ પ્રત્યે સો નહીં બસ્સો ટકાનું સમર્પણ.

પહેલા મારો દેશ, પછી મારી કંપની અને છેલ્લે હું..અનિલભાઇની આવી દેશદાઝની મુખ્ય પ્રધાનથી લઇને વડાપ્રધાન પણ નોંધ લે. આજથી ૪૭ વર્ષ પહેલા દક્ષિણ ગુજરાતના સામાન્ય શિક્ષક ખેડૂત પરિવારમાંથી આવતા અનાવિલ અનિલ નાયક જુનિયર એન્જિનિયર તરીકે કંપનીમાં જોડાયા હતા. ૨૦૦૩ની સાલમાં ચેરમેન બન્યા ત્યારે જાણે ભારતના કોર્પોરેટ જગતના ક્ષેત્રે ઇતિહાસ સર્જાઇ ગયો.

૨૦૦૩માં એલ.એન્ડ ટી. નું ટર્નઓવર ચારથી પાંચ હજાર કરોડ રૂપિયા હતું અને ૨૦૧૦ની સાલમાં પિસ્તાલીસ હજાર કરોડ રૂપિયાથી વધુનું થયું.

આટલી ચિક્કાર સફળા અને આત્મવિશ્વાસ છતાં ચેરમેન થયા બાદ એ જ ઓફીસમાં બેસે છે. આલીશાન ઓફીસ, ડિઝાઇનર સુટ કે લકઝરી ગાડીઓના કાફલા જેવા દેખાડા-દંભથી એ જોજના દુર રહે છે.

૬૮ વર્ષે પણ સતત સતર્ક રહેતા અનિલભાઇની સ્ફૂર્તિ, જુસ્સો, આત્મવિશ્વાસ યુવાનોને શરમાવે એવો છે. વ્યવહારમાં પારદર્શકતા-પ્રમાણીતકતાને તેમ જ દેશના વિકાસમાં અમેની દૂરદંશી-મહેનતને ધ્યાનમાં લઇને ભારત સરકારે પદ્મભૂષણ આપીને એમને નવાજ્યા. ગુજરાત સરકારે ગુજરાતી ગરિમા એવોર્ડ આપ્યો અને છેલ્લા ત્રણ વર્ષથી દેશની ટોચનો પચાસ પાવરફુલ વ્યકિતના લિસ્ટમાં અનિલ નાયકનું નામ ઝળહળે છે. અનિલભાઇ કહેવું છે કે સપનાં હોય કે પ્રોજેકટ...હંમેશા મોટાં જ જોવા.

ગૌતમ અદાણી

એકલવ્યની સંઘર્ષગાથા...



સપનાં રોજ રાતે એમના દિમાગમાં આળસ મરડીને બેઠાં થાય છે. એટલે સવાર પડતાંની સાથે જ આ માણસ સપનાંને સાકાર કરવા મચી પડે છે. સ્કુલમાં ભણતા ત્યારે કંડલા બંદરે લાંગરેલાં તોતિંગ જહાજોને જોઇને એમણે તોતિંગ સપનું સેવ્યું. આજે મુંદ્રા પોર્ટ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોનનું સામ્રાજય સર્જીને ગૌતમ શાંતીલાલ અદાણીએ સપનાંને વાસ્તવમાં સાકાર કરતી પોતાની અસાધારણ બિઝનેસ સૂઝનો પરિચય ઉદ્યોગ જગતને આપી દીધો છે.

નાનાં સપનાં જોવાનું ગૌતમભાઇને ફાવતું જ નથી અને એટલે જ આજે પોર્ટ હોય, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન હોય, કોલ માઇનિંગ કે ટ્રેડીંગ હોય એગ્રો-લોજિસ્ટિકસ હોય કે પાવર હોય... અદાણી ગ્રુપની ધજા દરેક બિઝનેસમાં શિખર પર ફરકે છે. ફકત બે દાયકાના ટૂંકા ગાળામાં ગૌતમ અદાણી દેશના ઇન્ફ્રાસ્ટ્રકચર કિંગ બની ચુકયાં છે અને રૂપિયા ૩૦,૦૦૦ કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે અદાણી ગ્રુપ દેશનાં ટોચનાં દસ ઉદ્યોગગૃહમાં સ્થાન પામી ચુક્યું છે.

એસ.એસ.સી. સુધી ભણીને ધંધામાં ઝંપલાવનારા ગૌતમભાઇ કોઇ મેનેજમેન્ટના પાઠ ભણવા ગયા નથી. એમની સંઘર્ષગાથા એકલવ્યની સંઘર્ષગાથા છે. મુદ્રા બંદરને જોડતી દેશની પહેલી ખાનગી રેલ્વે લાઇન હોય, ૧૬,૫૦૦ મેગાવોટના પાવર પ્લાન્ટસની વાત હોય કે ઓસ્ટ્રેલિયામાં કોલસાની ખાણો ખરીદવાની હોય, જોખમો સાથે બાથ ભીડતી વખતે એમનો આત્મવિશ્વાસ બુલંદીએ હોય છે.

કરશન પટેલ

દૂધ જેવું સફેદ વ્યકિતત્વ



કલ્પના કરો આજથી ચાલીસેક વર્ષ પહેલાનું ભારત, મલ્ટિનેશનલ કંપનીની જોહુકમીનો દોર, દાંતે ઘસવાની પેસ્ટથી લઇને કપડાં ધોવાના, નહાવાના સાબુ જેવી રોજબરોજની ચીજવસ્તુ પર વિદેશી કંપનીની મજબુત પકડ એવા હળાહળ મલ્ટિનેશન યુગમાં ઉતર ગુજરાતનો અસીલી મિજાજનો એક ખમીરવંતો ખેડૂતપુત્ર ખુવાર થઇ જવાની તૈયારી સાથે પોતાના ઘરના વરંડામાં સોડા એશ તથા બીજી કેટલીક ઇન્ટરમિડિયરીઝ મિકસ કરીને કપડાં ધોવાનો સાબુ બનવવાના અખતરા કરી રહયો છે. સોજિત્રાના પટેલનો એ બેટો સાયન્સ ગ્રેજયુએટ છે. દિવસ આખો સરકારી પ્રયોગશાળામાં નોકરી ને રાતે ચંદ્રમાંના અજવાળામાં ડિટરજન્ટ બનાવવાના અખતરા કરી લાખ્ખો મધ્યમવર્ગીનાં જીવનમાં અજવાળાં પાથરવાની મનોઝંઝટ ! બે લોખંડી હાથ ને લોખંડની બાલદીની મદદથી ડિટરજન્ટ તૈયાર થાય છે ને કરશન નામનો એ યુવાન આનંદથી ઝૂમી ઉઠે છે એ સાથે ફાસ્ટ મૂવિંગ કન્ઝયુમર ગુડસ (એફએમસીજી) તરીકે ઓળખાતો રોજિંદા ગુહવપરાશની ભારતીય બજારના ઇતિહાસનું એક નવું પ્રકરણ લખાઇ જાય છે.

કોઇપણ માંધાતા લેખકને આકર્ષે એવી ડૉ.કરશનભાઇ પટેલની યશગાથા છે. સો ચોરસફુટના વાડામાં બનેલા ડિટરજન્ટને એમણે પોલિથિન બેગમાં ભરી સાયકલ પર ડોર-ટુ-ડોર સેલિંગથી ઘર ઘરમાં જાણીતો બનાવ્યો. ૧૯૭૦ ના દાયકામાં જયારે સસ્તામાં સસ્તો ડિટરજન્ટ તેર રૂપિયે કિલો મળતો ત્યારે એમણે ત્રણ રૂપિયે કિલો જેવી માનવામાં ન આવે એવી કિંમત નિરમા વેચીને ફોરેન કંપનીને જબરદસ્ત ટકકર આપી પૈસાનું પુરેપુરું વળતર કોને કહેવાય. એનો અર્થ ભારતીય ગ્રાહકોને સમજાવ્યો. 'દૂધ સી સફેદી નિરમા સે આઇ' એ પંકિત સાડા ત્રણ દાયકાથી રેડિયો-ટેલિવિઝન પર ગુંજે છે.

૧૯૬૯માં શરૂ થયેલું વન-મેન ઓપરેશન આજે પંદર હજાર કર્મચારી, ચોવીસ સો કરોડ રૂપિયાના વાર્ષિક ગ્રોસ વેચાણ તથા આઠ મેન્યુફેકચરિંગ પ્લાન્ટના વિરાટ સામ્રાજયમાં વિસ્તરી ચુકયું છે. કરશનભાઇ નિરમા કંપની આજે કપડા ધોવાના, નહાવાના સાબુ ઉપરાંત આયોડાઇઝડ સોલ્ટ, સલ્ફયુરિક એસિડ તથા સોડા એશ જેવી ઇન્ડસ્ટ્રિયલ પ્રોડકટસ બનાવે છે. દેશ-વિદેશની બિઝનેશ સ્કૂલોમાં ડૉ. કરશનભાઇ પટેલની પુરૂષાર્થકથાના પાઠ ભણાવવામાં આવી રહયા છે.

અઝીમ પ્રેમજી

સફર સાબુથી સોફટવેર સુધી...



ધ વેસ્ટર્ન ઇન્ડિયા વેજિટેબલ પ્રોડકટ નામની કંપનીના માલિક એમ.એચ.પ્રેમજીનો ૧૯૬૬માં ઓચિંતા ઇન્તેકાલ થતાં એમનો પુત્ર અઝીમ અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગનો અભ્યાસ અધુરો મુકીને ફેમીલી બિઝનેસ સંભાળવા ભારત આવે છે.

વેજિટેબલ ઓઇલના પારિવારિક ધંધામાંથી એ ધીરે ધીરે આંતરરાષ્ટ્રીય કક્ષાની કમ્પ્યુટર આઉટસોર્સિંગ કંપની ઉભી કરી દે છે. પચાસ કર્મચારીથી શરૂ થયેલી એ વેપારી પેઢીમાં આજે ૨૭,૫૦૦ કર્મચારી છે. પચાસ દેશમાં એમનો કારોબાર ફેલાયેલો છે. આજની તારીખે દોઢેક અબજ ડોલરની કંપની વિપ્રોની સફળતાના હકકદાર છે. ખોજા શિયા ઇસ્માઇલી જ્ઞાતિના ગરવા ગુજરાતી અઝીમ પ્રેમજી.

સતર અબજ ડોલરની અંગત સંપતિ સાથે એ મુકેશ અંબાણી પછી ભારતના બીજા નંબરના ધનિક છે. જો કે આ ધન એમણે પચાવી જાણ્યું છે. અઝીમ પ્રેમજી હજી ઇકોનોમી કલાસમાં જ મુસાફરી કરે છે. બહારગામ જાય ત્યારે સેવન સ્ટાર હોટેલમાં નહીં, પણ પોતાની કંપનીના ગેસ્ટ હાઉસમાં જ ઉતરે છે.

વિપ્રો કદાચ એકમાત્ર એવું ઉદ્યોગ ઘરાણું છે જયાં પ્રોજેકટ પાસ કરાવવા માટે લાંચ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. વિપ્રોમાં સૌને શિખવાડવાાં આવે છે કે નૈતિક મૂલ્ય જાળવીને કરવામાં આવેલો ધંધો આગળ જતાં ફાયદાકારક અને સફળ બને જ છે. ટીમના ઘડતરમાં અઝીમ પ્રેમજી જાતે રસ લે છે. વિપ્રોના લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ માં પણ એ પોતે હાજર રહે છે.

અંગત રીતે સામાજિક જવાબદારી અદા કરવામાંથી પણ પ્રેમજી જરાય ઉણા ઉતર્યા નથી. એમણે સ્થાપેલું અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન દેશભરમાં નબળા વર્ગના અઢી લાખ બાળકને શિક્ષણ આપે છે. એમની સિધ્ધીની નોંધ લઇને કેટલીય યુનિવર્સિટીએ ડોકટરેટની માનદ ડિગ્રી આપી છે. સરકારે એમને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના નોન-એકિઝકયુટિવ ડિરેકટરપદ પર નિયુકત કર્યા છે. એમને ૨૦૦૫ માં પદ્મભૂષણ ખિતાબ પણ એનાયત થયો.

બાય ધ વે, વાલિદના ઇન્તેકાલના કારણે અભ્યાસ પડતો મુકનારા પ્રેમજીએ ત્રીસ વર્ષ પછી નવેસરથી અભ્યાસ કરીને ડિગ્રી મેળવી લીધી હતી. અલગારી રખડપટ્ટી ને ગમતાં પુસ્તકોનું વાંચન એ એમનો પ્રિય શોખ છે.



મુકેશ અંબાણી ઉદ્યોગ જગતના શિખરપુરૂષ !

મુકેશ ધીરૂભાઇ અંબાણી ભારતમાં સૌથી પૈસાદાર ઉદ્યોગપતિ છે. આમ પણ ૬૨ વર્ષના ઉદ્યોગ સમ્રાટ મુકેશભાઇ અત્યારે રિચેસ્ટ મેન ઇન ધી વર્લ્ડની ફોર્બ્સની આગાહી, અલબત સાચી હશે, એવી ઉંચાઇએ લઇ જવાના છે, જેને કોઇ આંબી ન શકે એ આપણે સૌ જાણીએ છીએ...નવાં શિખર સર કરવાં એ એમને માટે હવે ટ્વેન્ટી-ટ્વેન્ટી જેવી રમત વાત બની ગઇ છે.

ધીરૂભાઇ અંબાણીએ દસ-પંદર હજાર રૂપિયાની મુડીથી રીલાયન્સ શરૂ કરી. ૧૯૮૧ માં મુકેશભાઇ ભણી-ગણીને બહુ નાની વયે એમાં જોડાયા ત્યારે એ અંદાજે પચાસ કરોડ રૂપિયાની કંપની હતી. મુદ્દો એ કે ધીરૂભાઇએ યુવા પેઢીમાં દ્રઢ વિશ્વાસ મુકી એમાં ઇન્વેસ્ટમેન્ટ કર્યુ ને સામે મુકેશભાઇ એ ઇન્વેસ્ટમેન્ટે કોઇ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ ગણતરી માંડી ન શકે એટલું વધાર્યુ, વિસ્તાર્યુ ધીરુભાઇનું અવસાન થયું ત્યારે રિલાયન્સનું સામ્રાજય પોલિયેસ્ટર-પેટ્રોકેમિકલ્સ ઉપરાંત ટેલિકમ્યુનિકેશન્સ, બ્રોડ બેન્ડ ને એને લગતી વિવિધ સેવા સુધી વિસ્તરી ચુકયું હતું. રિટેલ ક્ષેત્રે પ્રવેશવાની તૈયારી ચાલતી હતી, જે બિઝનેશ ચાલુ હતા. એમાં અધધધ કહેવાય એ હદે ઉત્પાદન ક્ષમતા વધારી એને એક નવી ઉંચાઇએ લઇ ગયા.

૧૯ એપ્રિલ, ૧૯૫૭ ના રોજ એડનમાં જન્મેલા ને મુંબઇની યુડીસીટી (યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ ટેક્નોલોજી)માંથી કેમિકલ એન્જિનિયરીંગની ડીગ્રી લેનારા મુકેશભાઇ આર્થીક ક્ષેત્રે માઉન્ટ એવેરેસ્ટ પર બિરાજતા હોવા છતાં એમના પગ બિલકુલ જમીન પર છે. એપિરિયન્સમાં ઝાઝો ઠઠારો નહીં આજે પણ બ્રાન્ડેડ કપડાં પહેરવાને બદલે મુંબઇના એક જાણીતા ટેલર પાસે એ માપસર કપડાં સીવડાવે છે. કિશોર અવસ્થાએ આ દરજી પાસે જ કપડાં સીવડાવે છે. ફોરેન ટુર પર જાય ત્યારે કપડાની એક બેગ હોય ને બીજી એક આખી જાતજાતનાં પુસ્તકોથી ભરેલી લાંબી ફલાઇટનો સમય વાંચનમાં વિતાવે કોર્પોરેટ સમાટોની કંપનીમાં ઓછા ને સ્કુલ કોલેજના જુના ગોઠિયા સાથે વધુ દેખાય. સ્વભાવે ધીરગંભીર, અંતરમુખી, અત્યંત કામઢા રોજનાં બાર-ચૌદ કલાક કામ કરે છે.

ગુજરાતી હોવાનો ગર્વ ગુજરાતી નાટક, ગુજરાતી સુગમ સંગીત,રાસ-ગરબાને ગુજરાતી ભોજનને ગુજરાતી કડક-મસાલેદાર ચાના રસિયા, ભોજનમાં બાજરાના રોટલા, લસણની ચટણી,દાળ, કાંદા-બટેટાનું શાક મળી જાય તો જલશો! નાસ્તામાં ઇડલી કે ઢોસા, ન્યુયોર્ક જાય તો પણ મેન્હટ્ટનની ફેન્સી રેસ્ટોરટમાં જવાને બદલે ત્યાંની સાઉથ ઇન્ડિયન રેસ્ટોરન્ટમાં પહોંચ જાય.

અમેરિકન નવલકથાકાર એફ.સ્કોટ ડિસ્ઝગેરલ્ડ કહેતા ધનવાનો આપણા કરતા જરા જુદા હોય છે એમની પાસે વધુ પૈસા હોય છે. પણ,મુકેશભાઇના કિસ્સામાં આ વિધાન બદલવું પડે એમ નથી લાગતું ?

રતન નવલ ટાટા (નમક થી ...નૈનો સુધી)

તેમ ટેલિવિઝન પર આ જાહેરખબર જાઇ જ હશે. એક અપર મિડલ કલાસ કાર પ્રેમી એક કારથી એવો અંજાઇ ગયો છે કે એની આંખો ફાટી ગઇ છે. મો પરથી આશ્ચર્યના ભાવ અદૃશ્ય જ થતા નથી !

ત્રણેક વર્ષ પહેલા એ આંજી નાખતી કારના ઉત્પાદકે ૨૧ અબજ ડોલરના ખર્ચે એન્ગ્લો ડચ સ્ટીલ કંપની ખીરદી ત્યારે દુનિયાના કોર્પોરેટ માંધાતાના મોટા પેલા કાર પ્રેમીની જેમ મોં ખુલ્લા રહી ગયેલા. એ કાર ઉત્પાદકનું નામ રતન નવલ ટાટા.

હકીકતમાં છેલ્લા બે દાયકામાં આ પારસી ગુજરાતીએ એટલા ચમત્કાર કર્યા છે કે ભારતને તુચ્છ ગણનારા ધનિક દેશના માંધાતાઓની આંખો ફાટેલી જે ફાટેલી જ રહી છે.

સુરતના એક પારસી પરિવારમાં જન્મેલા રતન મુંબઇમાં ભણયા. અમેરિકાની કોનેલ યુનિવર્સિટીમાંથી આર્કિટકચર અને સ્ટ્રકચરલ એન્જિનિયરીંગની ડીગ્રી લીધા બાદ પિતાતૃલ્ય નિઃસંતાન જહાંગીર રતનજી દાદાભોય (જેઆરડી) ટાટાએ એમને ટાટા સ્ટીલ પ્લાન્ટ ની આગઝરતી ભઠ્ઠી પર કામે લગાડેલા ને એ રીતે બિઝનેસમાં આગ સાથે રમવાની તાલીમ એમને ત્યાંથી બરાબર મળી ગઇ.

૧૯૯૧માં જેઆરડીએ ટાટા સામ્રાજયનું સુકાન રતન ટાટાને સોંપ્યું ત્યારથી આજ સુધી રતન ટાટાએ જાણે એક પછી એક તાતા તીર મારીને ધાર્યા નિશાન પાર પાડયાં છે. ૧૯૯૮માં સુખી મીડલ કલાસને પરવડે એવી ઇન્ડિકા કાર બજારમાં મુકીને માંદી ટાટા મોટર્સ કંપનીને રાતી રાયણ બનાવી દીધી. એ પછી તેતાલીસ કરોડ ડોલરનો અભૂતપૂર્વ સોદો કરી બ્રિટનની ટાટા ટેટ્રલી નામની ચાની કંપની ખરીદીને ઇતિહાસ સર્જ્યો. ભારતીય કોર્પોરેટ ઇતિહાસની આ સૌથી મોટી ખરીદી હતી ને એ પછી તો રતન બાવાને દુનિયાની કંપનીઓ ખરીદવાનો જાણે સોલો ચડયો. ૨૧ અબજ ડોલરને ખર્ચે કોરસ સ્ટીલથી લઇને જેગ્વાર આજે ટાટા જુથમાં ૮૫ જેટલી કંપની છે.આ કંપનીઓ નમકથી લઇને નેનો સ્ટોરથી લઇને સોફટવેર પોલાદથી લઇને પેન્ટ શર્ટ વગેરે વગેરે બનાવે છે.

આ વર્ષો દરમિયાન રતન ટાટાએ ન માત્ર વેપાર સામ્રાજય જ સરજર્યા, બલકે બાહોશ સેનાપતિઓની બીજી હરોળ પણ તૈયાર કરી છે.



ઈન્કલાબ જીંદાબાદ

સ્વતંત્ર ભારત - અમર રહો




૭૩ માં સ્વતંત્રતા દિવસની શુભેચ્છા

આઝાદીના સંઘર્ષમાં બલિદાન આપનાર સપૂતોને સલામ

આંકડા લાખમાં

વિગત	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
શેર ભંડોળ	૧૭૧.૧૯	૧૭૦.૮૪	૧૬૧.૦૬
અનામત ભંડોળ	૬૫.૦૬	૮૦.૩૧	૯૬.૮૩
અન્ય ભંડોળ	૩૭૦.૨૦	૪૨૦.૯૦	૫૦૯.૦૮
કુલ ભંડોળ	૬૦૬.૪૫	૬૭૨.૦૫	૭૬૬.૯૭
ફિક્સ ડીપોઝીટ	૪૭૫૬.૫૪	૫૮૩૦.૨૦	૫૭૨૪.૧૧
બચત થાપણ	૧૨૨૫.૮૧	૩૩૩૪.૦૦	૨૧૬૭.૧૧
કુલ થાપણ	૫૯૮૨.૩૫	૭૧૬૪.૦૨	૭૮૯૧.૨૨
સભ્ય ધિરાણ	૪૫૬૭.૯૦	૪૯૯૨.૧૮	૫૮૨૯.૫૫
દાગીના ધિરાણ	૩૧૧.૬૦	૪૦૩.૮૫	૫૬૯.૫૩
કુલ ધિરાણ	૪૮૭૯.૫૦	૫૩૯૬.૦૩	૬૩૯૯.૦૮
બેંકોમાં રોકાણ	૧૭૦૯.૩૦	૨૪૪૦.૦૪	૨૩૮૧.૩૧
સભાસદ સંખ્યા	૯૨૯૭	૧૦૭૪૦	૧૧૭૦૯
નફો	૫૪	૬૫	૭૧
ડિવીડન્ટ	૧૫%	૧૫%	૧૫%
ઓડીટ વર્ગ	અ	અ	-





A. N. BADI
(Founder & Chairman)




IRFAN PEERZADA
(Chariman, Loan C.)

નાના માણસની શ્રીમંત બેન્ક

શ્રી ગેલેક્સી ક્રેડીટ કો.ઓ.સો.લી.

ગેલેક્સી ચેમ્બર, જીનપરા રોડ, વાંકાનેર-૩૬૩૬૨૧. ફોનઃ (૦૨૮૨૮) ૨૨૩૦૯૫









193863



91827



Jumbo



Manually

Owned, printed published and edited by:- Mathakia Ayub Alibhai, printed at:- Raj grafiks, vijay plot,rajkot,
and published from:- k-16,Gokul complex,opp.court compaund,mochi bazar,rajkot.[gujarat]
Reg.GRJ-353/2018, R.N.I. Reg. No.GUJ/GUJ/24763